
# પરમની શોધમાં


પ. પૂ. ગચ્છાધિપતિ
આ. શ્રી વિજયજયઘોષસૂરિ મ.સા.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરેભ્યો નમઃ

# પરમની શોધમાં

❀ લેખક ❀

પ.પૂ. ગીતાર્થગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા

❀ સંપાદક ❀

પ.પૂ. મુનિરાજ શ્રી સત્યકાંત વિ.મ.

❀ પ્રકાશક ❀

દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
મફલીપુર ચાર-રસ્તા, ધોળકા (ગુજ.)



**પ્રકાશન સંવત**

વિ.સં. ૨૦૬૬, ચૈત્ર વદ-૬, તા. ૪-૪-૨૦૧૦

**પ્રકાશન નિમિત્ત**

પ.પૂ.તપ-ત્યાગ-તિતિક્ષામૂર્તિ પરમગુરૂદેવ

આચાર્યદેવશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

**જન્મશતાબ્દિ વર્ષ**

| પ્રકાશિત નકલ | મૂલ્ય |
| --- | --- |
| ૧૦૦૦ | રૂા. ૫૦/- |

**શ્રાવકજન સૌભાગી, બન્યા લાભના ભાગી**

અશોકભાઇ-રૂપાબેન

સિદ્ધાર્થ-અમી-એકતા એવમ્ ઝવેરી પરિવાર, સેલમ...

**પ્રાપ્તિ સ્થાન**

**કુમારપાળ વી. શાહ**
૩૬, દિવ્ય દર્શન ટ્રસ્ટ,
કલિકુંડ સોસાયટી,
ધોળકા (ગુજ.)-૩૮૭ ૮૧૦.

**અરવિંદભાઇ જે. શાહ**
૮૯, શેખમેમણ સ્ટ્રીટ,
૨જે માળે,
મુંબઇ-૪૦૦ ૦૦૧.

મુદ્રક : રાજુલ આર્ટસ્, ફોન : ૦૨૨-૨૫૦૧ ૦૦૫૬ ૨૫૦૧ ૦૮૬૩

# બે મિનીટની વાત

૧૫ મિનિટથી હાથમાં રહેલ Ice-Piece ને ઊંચો-નીચો કરી અંદરથી જાણે કંઇક શોધી રહેલ મનોજને મુકેશે પૂછ્યું-

મિત્ર ! ક્યારનો શું કરી રહ્યો છે ?

પાણી ક્યાંથી Leakage થાય છે તે શોધી રહ્યો છું...મનોજે જવાબ વાળ્યો.

ઉત્તર ભલે હાસ્યાસ્પદ લાગે પણ...

શોધ ખોળ કરવી માત્ર Scientist ની જ Monopoly નથી. નાના બાળકથી માંડી વૃદ્ધ સુધીના સહુ કોઇને કોઇ શોધમાં હોય છે. તે ચાહે વસ્તુની હોય કે વ્યક્તિની...કોઇ પૈસાની તો કોઇ પદાર્થની, કોઇ વિદ્યાની તો કોઇ ડીગ્રીની, કોઇ પત્નીની તો કોઇ પુત્રની, કોઇ શાંતિની તો કોઇ સુખની. વ્યક્તિ-વ્યક્તિએ Search નો Subject અલગ અલગ...

જો કે કરાતી બધી શોધ ઉપયોગી જ-લાભકારી જ હોય તેવું નહી. સંસારની પ્રત્યેક શોધ ગુણ-દોષ, Positive-Negative વાળી રહેલી છે તેમ કહેવા કરતાં એમ કહેવું પડે કે લાભ કરતાં નુકશાનકારી વધારે.

પૈસા-વિદ્યા-શાંતિ-શક્તિ માટે કરાતો પ્રયત્ન સફળ બને જ તેવું ય નહીં, કારણ કે તે બધુ પુણ્ય પર અવલંબે છે. જ્યાં પ્રાપ્તિ સંદિગ્ધ હોય અને પ્રાપ્તિ બાદ પણ Profit કરતાં Loss ની સંભાવના વધુ તેવી શોધ માટે સુજ્ઞજન પુરૂષાર્થ કરવા તૈયાર ન થાય તે સ્વાભાવિક છે.

જ્યાં પુણ્ય નહીં પણ પુરૂષાર્થની વધુ જરૂરીયાત હોય છે,



જ્યાં ભાગ્ય નહીં ભેખ ધરવાનું આવશ્યક બને છે, જે માટે કરેલ વ્યવસ્થિત પ્રયત્ન નિશ્ચિતપણે ફળ આપે છે અને જે મળેલ ફળ સંપૂર્ણપણે લાભકારી હોય છે તે પરમની શોધ આસન્ન ઉપકારી પ્રભુ મહાવીરે ૧૨।। વર્ષની ઘોર સાધના દ્વારા કરી. તે પરમની સાથે તેને પામવાના ઉપાય-રસ્તા જગત સમક્ષ મૂક્યા. જેને અજમાવતા અનેક આત્માઓ પરમને પામ્યા છે, જેના દ્રષ્ટાંતો મોજૂદ છે.

વર્તમાનકાળે પણ પરમના ઇચ્છુકોને માટે આ પુસ્તક દ્વારા Guide બનીને આવ્યા છે પરમના સહજ સાધક પૂજ્યપાદ ગચ્છાધિપતિ દાદાગુરૂદેવ આચાર્યદેવ **શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજા**...

તેઓશ્રી પરમ-ચરમને મેળવવા જીવનમાં-સાધનામાં જેની આવશ્યકતા છે તે પરમપ્રાપ્ત પ્રભુની પીછાણ-વિશેષતા-ઉપકારકતા બતાવે છે, ચાર શરણાનો સ્વીકાર-તપની જરૂરિયાત જણાવે છે તો મોહરાજાની તાબેદારી-મિથ્યાત્વાદિ પાપસ્થાનો આગળ વધવા પ્રતિબંધક- વિઘ્નકારક છે તે પણ સમજાવે છે.

પરમને પામવું છે તો પામર ન બનતા પુસ્તકમાં રહેલ પ્રેરણા પ્રમાણે પુરૂષાર્થ પ્રારંભીએ. પ્રાંતે પ્રયત્ન પ્રાપ્તિમાં પરિણમશે...

સહયોગી **મુનિરાજ શ્રી સંયમબોધિ વિ.મ.** ને યાદ કરી વિરામ...

**દ.**
**પ.પૂ.પં. શ્રી સૂર્યકાંત વિ.**
**શિષ્ય મુ. સત્યકાંત વિ.**



## વિલક્ષણ વિશેષતાના ધણી
## પ્રભુ દુનિયાના અમૂલ્ય મણી

### વિશેષતા ૧.



निघ्नन्  परीषह चमूमुपसर्गान्प्रतिक्षिपन् ।
प्राप्तोऽसि शमसौहित्यं, महतां काऽपि वैदुषी ॥२॥

પરમાત્માએ સાધના કાળ દરમ્યાન આવેલ પરિષહના સૈન્યને હણતા અને ઉપસર્ગોની ઉપેક્ષા કરતા સમતા સુખને પ્રાપ્ત કર્યું. હણવું અને સમતા મેળવવી આ બન્ને વિરોધાભાસી લાગતી બાબત પ્રભુના જીવનમાં દ્રષ્ટિગોચર થાય છે કારણ મહાત્માઓની વિદ્વત્તા કોઇ અલૌકિક હોય છે.

પરિષહોનો નાશ કરવો-પરિષહો એટલે અનેક પ્રકારની બાહ્ય પરિસ્થિતિના કારણે અને આંતરિક કલ્પનાઓથી ઉત્પન્ન થતા મનના અસદ્‌વિકલ્પો, અસદ્‌વિચારો, અસદ્‌લાગણીઓ તથા અસદ્‌ભાવનાનઓ.

મનને કલુષિત કરનાર આ દુર્ભાવોનો પ્રતિપક્ષી સદ્‌વિકલ્પોથી, ઉપેક્ષા-માધ્યસ્થ ભાવથી, ભાવનાથી-

નાશ કરવો આ તમામ અસદ્ વિચારો એ પરિષહથી આપણો પરાજય છે, અસદ્વિચારોને દૂર કરવા, ન થવા દેવા, નાશ કરવા એ પરિષહ પર આપણો જય છે.

અસદ્ વિચારોના બાહ્ય નિમિત્તો એ પરિષહ અને ઉપસર્ગ છે. એનાથી ઉત્પન્ન થતા અશુભ સંકલ્પો એ પરિષહ પરાજય છે.

ચાર અને સોળ પ્રકારના બાહ્ય ઉપસર્ગોનો પરિક્ષેપ કરવો=ઉપેક્ષા કરવી, એમાં ઉદાસીન રહેવું, એ ઉપસર્ગ કરનાર જીવો ઉપર કરુણા-દયા રાખવી આ પરિક્ષેપના ૩ પ્રકાર છે. આમાં પણ મનમાં સહન કરવાની વિચારણા, અસદ્વિચારો ન થવા દેવા એ ઉપસર્ગજન્ય પરિક્ષેપ છે. અસદ્ વિચારો થાય. દ્વેષ થાય તે ઉપસર્ગ પરાજય છે.


પ્ર. ઉપસર્ગનો નાશ ન લખતા પરિક્ષેપ પરાજય કેમ કહ્યો ?

ઉ. ઉપસર્ગમાં જીવો ઉપદ્રવ કરનાર છે. ઉપસર્ગોને હરાવવા એટલે કે જીવો તરફથી આવેલ પીડાને પ્રસન્નતાથી સહન કરવી. જેથી સંગમ દેવની જેમ એનો મદ ઉતરી જાય. પીડાની અપેક્ષાએ આત્માએ અસદ્ વિચારણા-ઓનો અટકાવી, નાશ કરી સદ્વિચાર પ્રવર્તાવવા, સ્વસ્થ રહેવું આ ઉપસ-ર્ગનો પરાજય છે. આ બન્ને પરિષહ-ઉપસર્ગનો જય છે.

આ ઉપસર્ગ-પરિષહજય સમતાના સુખના અનુભવ અને વિશિષ્ટ સમતાની પ્રાપ્તિ વગર થતો નથી. દુઃખના સહજ અનુભવથી આવેલ સહિ-ષ્ણુતાજન્ય સમતા સુખની વિશેષ પ્રાપ્તિ એ એક વિદ્વાનોની વિદ્વત્તાજન્ય આવડત-કાર્ય છે.

જેમ જેમ આત્મા વિવેક ઔચિત્યથી જરુરી દુઃખ તપ, કાયોત્સર્ગ, અલ્પનિદ્રા, સ્થિરાસન, વિહાર, લોચ વગેરે સામેથી સ્વીકારીને પ્રસન્નતાથી સહન કરે છે તેમ તેમ સમતા-પ્રસન્નતા પ્રગટતી જાય છે, વધતી જાય છે વળી આવી પડતા પ્રાસંગિક પરિષહો, આક્રોશો, ઉપસર્ગો એ ધૈર્યથી, સહિષ્ણુ-તાથી, પ્રસન્નતાથી સહન કરવા મથે છે અને ક્રમશઃ સાહજીક રીતે સહન કરે છે ત્યારે એનું પ્રશમસુખ વિકસિત, પાવરફૂલ, આત્મ આનંદમય બને છે.

માટે 'देहदुक्खं महाफलं' બતાવ્યું છે. સુખશીલતા જીવને પરિષહ-ઉપસર્ગ અને દુ:ખોને શાંતિથી-ઉલ્લાસથી-ધૈર્યથી સહન કરવાને અયોગ્ય બનાવે છે. ``अणुसोओ संसारो पडिसोओ तस्स उत्तारो'' બતાવ્યું છે, માટે ત્યાગ-તપ વગેરેથી યથાસંભવ જીવને દેહ પ્રત્યે કઠોર-કર્કશ બનવા દેવો, મનને સદ્ભાવ-નાઓથી, સમતાથી મધુર-મૃદુ-કોમળ બનાવતા રહેવું. આનાથી પરંપરાએ પરમ સમાધિ અને પરમગતિ પંચમગતિ પ્રાપ્ત થાય છે.



## વિશેષતા ૨.

अरक्तो मुक्तवान्
मुक्तिमद्विष्टो हतवान् द्विषः ।
अहो महात्मनां कोऽपि
महिमा लोकदुर्लभः ।।२।।

જીવ, વસ્તુ કે વ્યક્તિનો ઉપભોગ કરતો હોય તો તેમ કહેવાય કે તેને તે વ્યક્તિ કે વસ્તુ પર રાગ-પ્રેમ-મમત્વ છે. અને જો તેનો નાશ કરતો હોય તો તેની પર ગુસ્સો-દ્વેષ છે તેમ આપણે માની લઇએ છીએ પરંતુ અહીં પરમાત્માની અદ્‌ભૂત આશ્ચર્યકારી વિગતો પર પ્રકાશ પાડતા **પૂ. હેમચંદ્રાચાર્યજી મહારાજા** કહે છે. પ્રભુએ રાગ વગરના હોવા છતાં મુક્તિને ભોગવી અને દ્વેષ વિનાના હોવા છતાં કર્મશત્રુઓને હણ્યા.

પ્રભુ-સંસારી અવસ્થામાં મુક્તિ એટલે મમત્વ રહિત અવસ્થાને અનુભવે છે, ભોગવે છે, આ પણ એક પ્રકારનું આંતરિક સુખ છે છતાં પ્રભુ એમાં રાગને ધારણ કરતા નથી અર્થાત્ રાગ એ મમતાનું સ્વરુપ છે. મમતા

રહિત અવસ્થા, ભાવ ઘણી ઉત્તમ સુખની અવસ્થા છે. તેને અનુભવે છે. આ અવસ્થાનો પ્રારંભ જે કંઇક રાગથી અનુભવાય છે. પ્રારંભમાં આ ગુણ આંશિક રાગ મિશ્રિત ક્ષયોપશમ પ્રધાન હોય છે. તેને બીજી ભાષામાં પ્રશસ્ત-રાગ કહેવાય છે. **જેમાં ક્ષયોપશમ પ્રધાન હોય અને ગુણ તથા આચારનું આંશિક મમત્વ હોય તેને પ્રશસ્તરાગ કહેવાય.** આમાંથી જીવ આગળ વધે છે. રાગ ગૌણ બનીને જતો રહે છે અને નિર્મલ ગુણોની અનુભૂતિ થતી રહે છે. આ નિર્લોભતા વગેરે ગુણોની અનુભૂતિમાં રાગ જ્યારે ન અનુભવાય ત્યારે આરાધનાની ઉંચી અવસ્થામાં આ સ્થિતિ શક્ય બને છે. મુક્તિ નિર્લો-ભઅવસ્થાના ઉપલક્ષણથી બીજા પણ ગુણો લેવા માટે ''विषयेषु-गुणेषु वितृष्णतावहं भुवि वैराग्यमिदं प्रवर्तते'' એમ **અધ્યાત્મસાર વૈરાગ્ય અધિકારમાં** બતાવ્યું છે આની ઉત્તરોત્તર ચડતી અવસ્થા એ જ વીતરાગતા-મુક્તિ છે. માટે પરમાત્મા ગુણોને રાગ રહિત સ્વભાવ રુપે અનુભવે છે. આ મહાત્માઓનો અદ્‌ભૂત મહિમા છે.

ધર્માત્માઓ જ્વલંત વૈરાગ્યવાળા જીવો ભૌતિક સુખ સામગ્રીનો અનુભવ ૬ ઠ્ઠી દ્રષ્ટિમાં રાગ રહિતપણે કરે છે. પાંચમી દ્રષ્ટિમાં રાગ ન થાય તેવી સાવધાની અને ભયથી કરે છે ત્યારે વૈરાગ્યના પ્રતાપે તથા ભયના કારણે એ સાધન-સામગ્રીમાં સુખના અનુભવ સાથે અકળામણ પણ હોય છે. વૈરાગ્યની માત્રા જેમ વધતી જાય તેમ ભૌતિક સુખનો અનુભવ એ ઇન્દ્રજાલની જેમ ભ્રામક અનુભવાય અને એથી અકળામણ અને ભય જેમ જતા રહે તેમ તે-તે સાધન-સામગ્રીનો ત્યાગ પણ સાપ કાંચળી છોડે તેમ સાહજિક બને છે. આવા ત્યાગ-વૈરાગ્યના આસ્વાદને પણ જીવ અનંત સુખની સંવેદનાથી માણે છે.

**अद्विष्ट हतवान् द्विषः**

દ્વેષને ધારણ કર્યા વગર શત્રુઓને હણ્યા શત્રુ બે પ્રકારે છે આંતરિક અને બાહ્ય. બાહ્ય શત્રુઓને હણવાના નથી હોતા એને શાંત કરવાના, શરણે આવે તેમ કરવાનું હોય છે. **વૈરાગી અને વીતરાગી આત્માને બાહ્ય શત્રુ લગભગ હોતા નથી.** પોતે કોઇના પર દ્વેષ રાખતા નથી. કોઇને પ્રતિકૂળ વર્તતા નથી છતાં સામી વ્યક્તિ અણસમજણથી કે પૂર્વભવના વિપરીત સંસ્કા-

રોથી જો દ્વેષ રાખે તો પણ વૈરાગી એની દયા ખાય છે. એના ઉપર કરુણા રાખી બાહ્ય ઉપેક્ષા રાખે છે. એનાથી આવતી પ્રતિકુળતા સહન કરે છે. આ રીતે એની દ્વેષભાવનાનો નાશ કરે છે. એટલે શત્રુતાનો નાશ થાય છે. વૈરાગ્યના કારણે સામાનું સહી લેવાના કારણે શત્રુતા નાશ પામે છે પણ પોતે હૃદયમાં દ્વેષને ધારણ કરતા નથી માટે તેમ કહેવાય કે પ્રભુને અને ધર્મી આત્માને પોતાના અભિપ્રાયથી કોઇ શત્રુ હોતા નથી. આ ભાવના-લાગણીના પુણ્યપ્રકર્ષથી શત્રુ પણ મિત્ર થાય છે, અથવા તો શત્રુઓ અસમર્થ થાય છે. આ વાત બાહ્ય શત્રુઓ અંગે થઇ.

વિરાગી આત્મા વૈરાગ્યના કારણે આંતરિક દોષો-દુર્ગુણોને વધવા નથી દેતા પરંતુ ભાવનાઓ અને સત્ પ્રવૃત્તિઓ દ્વારા દુર કરે છે, ઘટાડે છે શાસ્ત્રસૂચિત ઉપાયોથી આંતરિક અસદ્‌લાગણી વગેરે શત્રુઓ નાશ પામે છે, **ઉપાય એ કાર્ય સાધક છે, દ્વેષ એ કાર્ય સાધક નથી.** વિરાગી આત્મા શમસુખમાં ઝીલે છે. શમસુખવાળાને દ્વેષ હોય નહિ. સદ્‌ભાવનાઓ, દુર્ગુણ રુપી પ્રતિપક્ષ ભાવનાઓ અને દુર્ગુણ ઘટાડનાર, ગુણોને લાવનાર આચાર, ઉચ્ચાર, વિચારથી દુર્ગુણ રુપી શત્રુઓનો સ્વયં નાશ થાય છે. છતાં વિરાગી એનો નાશ કરે છે. એમ વ્યવહાર કરાય છે.

**બાહ્ય શત્રુના ઉપદ્રવમાં શત્રુની ઉપેક્ષા અને શત્રુ હતાશ થયા પછી પ્રેમ-વાત્સલ્ય અપાય. શક્તિવિહીન આત્માની શક્ય રક્ષાના પ્રયત્ન સાથે ઉપેક્ષા કરવી.** આંતરિક શત્રુઓ કષાયો-વાસનાઓ સામે પ્રશમસુખ-સદ્‌ભાવના-આચારપાલન-તપ-જપ વગેરે જ્ઞાન પ્રધાન ઉપાયો કરવા જેથી તે બધા હ્રાસ પામતા ક્રમશઃ કાલાંતરે નાશ પામે.



## વિશેષતા ૩.

सर्वथा निर्जिगीषेण,
भीतभीतेन चागसः।
त्वया जगत्त्रयं जिग्ये,
महतां कापि चातुरी ॥

બીજાને જિતવાની ઇચ્છાથી રહિત અને પાપથી અત્યંત ડરેલા એવા તમારા વડે સ્વાભાવિક રીતે ત્રણ જગત જિતાય છે. આ મહાપુરુષોની કોઇ અપૂર્વ હુંશિયારી છે.

આમા પરમાત્માની સ્તુતિ દ્વારા મહાપુરુષોના જીવનમાં રહેલ બે વિશે-ષતાઓ કલિકાલ સર્વજ્ઞજીએ આપણને બતાવી.

પ્રથમ વિશેષતા પશ્ચાનુપૂર્વીથી જોઇએ (૧) મહાપુરુષો પાપથી અત્યંત ભયભીત હોય છે. અથવા તો જાણે પાપથી એકદમ ગભરાતા હોય તેમ પોતાના જીવનમાંથી પાપોને છોડે છે. સદા માટે વિશેષ પાપ પ્રવૃત્તિ રહિત હોય છે. ગમે તેવી વિકટ પરિસ્થિતિ કે મરણાંત ઉપસર્ગમાં પણ અવિચલ-નીડર રહેતા પોતાની સાધના અને

સમાધિ ટકાવી રાખવા બધુ જ સમભાવે સહન કરતા મહાત્માઓ પાપપ્રવૃત્તિ તો દૂર રહી પાપવિચારથી પણ અળગા રહેતા હોય છે. જે આપણને પ્રભુ ઋષભદેવની ૧૦૦૦ વર્ષની-પ્રભુવીરની ૧૨ ।। વર્ષની કઠોર સાધનામાં દેખાય. બીજું બધુ હોય કે ના હોય પાપ તો ન જ જોઇએ આવો મહાપુરુષોનો સ્પષ્ટ અભિગમ હોય છે. અને કદાચ ક્યાંક કોઇ સંજોગવશાત્ કરવી પણ પડે તો હૃદયમાં ફફડાટ-ડંખ હોય છે. જે રીતે માણસ અનિચ્છાએ મોં બગાડીને કડવી દવા પીવે તેમ તેમની પાપપ્રવૃત્તિ વખતની અવસ્થા હોય. વિશેષ ધર્મપરિણત આત્માઓ પણ આંશિકપણે આ ભૂમિકામાં હોય છે.

(૨) બીજી વિશિષ્ટતા છે બીજાને જિતવા, બીજાને પાછળ પાડવા, અન્યને નીચા પાડવા, આપણે આગળ નીકળવું આ બધી વૃત્તિઓ અને તે માટેની પ્રવૃત્તિઓ સ્વઉત્કર્ષરુપ અને પરઅપકર્ષરુપ હોવાથી વિશેષ પાપનું કારણ છે. કારણ કે આમાં બે દોષો ભેગા થાય છે. બીજાને પછાડું અને ગમે તે રીતે હું જ આગળ આવું. દરેક પોતાના પુણ્ય કે પુરુષાર્થના જોરે બાહ્ય ક્ષેત્રે કે આધ્યાત્મિક ક્ષેત્રે આગળ જતા વધતા હોય છે તેમને પાછળ ખેંચવાની વૃત્તિ, નુકશાન પહોંચાડવાનું વલણ, હું જ આગળ રહું આ અભિમાન સ્વાર્થભાવના ક્લિષ્ટ કર્મબંધ કરાવે તેથી આવી વિચારણા-વૃત્તિ-વલણ કે વચન-કાયાની પ્રવૃત્તિ મહાપુરુષોમાં સર્વથા હોતી નથી અને વિશેષધર્માત્મામાં પણ હોતી નથી.

ધર્મક્ષેત્રમાં પણ બીજાને પાછળ પાડવાની વિચારણા પણ ન કરાય કે આપણે આગળ નીકળવાની પણ વિચારણા ન રખાય. સહુ સ્વાભાવિક યથાયોગ્ય પુરુષાર્થ કરી આરાધનામાં સત્વ ફોરવી આગળ વધતા રહે છે. આવા સમયે જો બીજાને પરાજિત કરવા વગેરેની વૃત્તિ હોય તો તેનાથી આપણે જાતે અંતરાય બાંધીને પાછળ પડીએ છીએ. તેનું પુણ્ય કે સાધનાબળ જોર કરતા હોય તો તેને તો કોઇ નુકશાન થતું નથી. પરંતુ પોતાને ધર્મના અંતરાયનું કારણ બને છે.

આગળ વધવાની ઇચ્છા રાખવી એ ગુણ છે પરંતુ "બીજો આગળ

**કેમ વધી જાય ? યેન-કેન પ્રકારેણ તેને પાછળ-નીચે પાડું, આ વૃત્તિ હોવાથી આગળ વધવા માટે કરાતી સત્પ્રવૃત્તિઓ પણ દુષિત બને છે.** તેથી ધર્માત્મા સ્વાભાવિકપણે અને વિશેષ પાપના ભયથી બીજાના પરાજયને ઇચ્છતા નથી. ઉલ્ટું એક વિશિષ્ટ ભાવના ભાવે છે કે 'જીવો આરાધના વગેરેમાં આગળ વધો' આવી પ્રમોદ ભાવનાના કારણે વિશેષ પુણ્ય-ક્ષયોપશમ જીવને પ્રાપ્ત થાય છે. **'देदीप्यते तेषु मनःप्रसादो गुणास्तथैते विशदीभवन्ति'** જેઓ પ્રમોદભાવાંવિત બને છે તેઓમાં મનની પ્રસન્નતા વધુ તેજ બને છે અને ગુણો વિસ્તાર પામે છે. આ ભાવનાના પ્રતાપે ત્રણે જગતના અગ્રેસર પણ બને છે. મધ્યમ ભાવનાવાળા મધ્યમ રીતે આગળ વધે અને અનેકોથી આગળ નીકળે છે પણ તે સમયે અન્ય પર તિરસ્કાર કે સ્વ ઉત્કર્ષનો ભાવ હોતો નથી.

દુનિયામાં એમ દેખાય છે કે જેણે જગતને જિતવું હોય તેણે બીજાને પાછળ પાડવા-પરાજિત કરવા પડે-પોતે આગળ આવવા માટે ગમે તે રસ્તા લેવા પડે-ઉંધા ચત્તા કેટલાય કરવા પડે. ત્યારે જગતને જીતી શકાય છે પરંતુ આ સ્તુતિમાં બન્ને વૃત્તિઓ-પ્રવૃત્તિઓ વિના પણ મહાપુરુષો દુનિયાને જીતી લે છે એવું બતાવવા દ્વારા આગળ વધવાનો સાચો ઉપાય બતાવ્યો છે જેને જીવનમાં લાવી બાહ્ય-આધ્યાત્મિક ઉન્નતિને સાધીએ.

## ગુણ અનંતા પ્રભુ તણા
## કિમહિ કહ્યા ન જાય



વીતરાગ સ્તોત્રમાં કલિકાલ-સર્વજ્ઞ આચાર્યદેવ **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ** તીર્થંકર પરમાત્માની અનેક વિશેષણોથી અદ્દભુત ઓળખ આપી છે. આ ઓળખ પરમાત્માના ગુણોથી-વ્યક્તિત્વથી ખૂબ જ નિકટની છે. સૌથી પ્રથમ વિશેષણ બતાવ્યું છે.

### अनाहूतसहाय :

પૂર્વના ત્રીજા ભવમાં વીશ સ્થાનકની આરાધના સાથે '**સવિજીવ કરું શાસનરસી**'ની પ્રકૃષ્ટ ભાવના સાથે તિર્થંકરપણાને પ્રાપ્ત પરમાત્મા ચરમ ભવમાં સંયમ સાધનાના ફળસ્વરુપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ બાદ સંસારી જીવોને સંસારથી મુક્ત કરવા સામુહિક સહાયના કારણરુપ શાસન સ્થાપે છે.

**સામાન્યથી પ્રભુ સહાય કરવા કોઇને બોલાવતા નથી અને સહાય કરવા ક્યાંય જતા નથી.** વીસમાં તિર્થપતિ મુનિસુવ્રત સ્વામી ઘોડાને તથા પ્રભુ-

વીર ચંડકૌશિકને પ્રતિબોધ કરવા સામેથી પધાર્યા તેવા કોઇ જીવના વિશિષ્ટ પ્રસંગોની વાત કારણિક સમજવી.

જેમ દુનિયામાં વેપાર-બજાર- (માર્કેટ)-અન્નક્ષેત્ર-ફ્રી દવાખાનું-કોર્ટ વગેરે સાર્વજનિક હોય ત્યાં કોઇને બોલાવવાના હોતા નથી. જેને જરૂર હોય તે આવે. તેમ પ્રભુ શાસનની સ્થાપના કરે છે એટલે સાર્વજનિક આરાધના સ્થળનું નિર્માણ કરે છે. દેશના આપવા દ્વારા તેના નીતિ-નિયમો, પ્રવૃત્તિ-નિવૃત્તિ, ગુણ-દોષનું નિદર્શન કરાવે છે. ત્યાં જે આવે તેને પ્રભુ ઉપરના આદર-ભક્તિ અને આજ્ઞાપાલન દ્વારા પ્રભુ સહાય કરે છે. જે પ્રશ્નો પૂછાય તેના જવાબ આપે. બાકી કોઇની સાથે વાત-વિસામો કરતા નથી. ધર્મનો ઉપદેશ અને પ્રશ્નોના જવાબ સિવાય પ્રભુનો વચન વ્યવહાર લગભગ હોતો નથી. એટલે એમ કહેવાય પ્રભુ કોઇને સહાય માટે બોલાવતા નથી.

જો કે પરમાત્માના કેવળજ્ઞાન બાદ દેવતાઓ ''**भो भो प्रमादमवधूय भजध्वमेनमागत्य निवृत्तिपुरिं प्रति सार्थवाहम् ।**'' દેવદુંદુભીથી આ ઘોષણા કરી પ્રભુની સેવા માટે લોકોને સુચન કરે છે અને પ્રભુના પુણ્યપ્રભાવથી લોકો ખેંચાઇને આવે છે-પ્રભુ તેમને દેશના આપે છે. આમ પ્રભુ પાસે આવનારને પરમાત્માના પુણ્યપ્રકર્ષથી સાહજિક અશુભ કર્મની મંદતા-કર્મનો ક્ષયોપશમ થાય છે. સદ્‌બુદ્ધિ-સમર્પિતતા-આરાધનાના ભાવ દેશના દ્વારા ઉત્પન્ન થાય છે. અને એના પ્રભાવે બાહ્યઆપત્તિઓ અને આંતરિકવિઘ્નો નષ્ટ થાય છે. શક્તિઓ-આદર દ્વારા ઉત્પન્ન થયેલ વિશિષ્ટ સંપત્તિઓ-ગુણો સહજ અને પ્રયત્નથી મળે છે. ગુણો-સન્માર્ગ વિચારણા-સન્માર્ગદ્રષ્ટિ સહજ ક્ષયો-પશમથી પ્રગટ થાય છે આ પ્રભુનું સહાયકપણું છે.

એવી જ રીતે પ્રભુના જાપ-પૂજા-પાઠ-સ્તોત્ર વગેરે આદર-ભક્તિથી કરનારને પ્રભુ બોલાવતા ન હોવા છતાં તેઓ ભક્તિભાવથી પ્રભુની નિકટ રહ્યા હોવાથી અને પ્રભુના આલંબનથી પોતાના સદ્‌ભાવ અને ભાગ્યથી સહાય મેળવે છે તેને કહેવાય પ્રભુ બોલાવ્યા વગર પણ સહાય કરે છે.

**પ્રભુ ન બોલાવે તે સ્વરુપ હકીકત છે પણ સહાય મેળવનાર પ્રભુના**

**આદર-ભક્તિ-આજ્ઞાપાલનથી, જાપ-પૂજા-પાઠથી પ્રભુને હૃદયમાં લાવતો રહે ત્યારે પ્રભુ પાસેથી સહાય પામી શકે છે.**

કોઇપણ મોટા માણસો સમષ્ટિગત-સામાજિક પરોપકારના વ્યવ-હારો-સ્થાનો-પ્રયત્નો કરતા હોય છે કારણ વ્યક્તિગત બહુ ઉપકાર થઇ શકતો નથી. સામાજિક ઉપકાર એ અનાહૂય સહાયપણું છે. **સમવસરણનું મંડાણ એ સમષ્ટિગત ઉપકારનું સ્થાન છે.** દેશના એ અનાહૂય સહાયપણું છે. વ્યક્તિગત પણ પ્રભુ પાસે જે આવે તેને ભવિતવ્યતા અનુરુપ પ્રભુથી પરોપકાર-સહાય થાય. મોટા માણસો બોલાવવાના વ્યવહારમાં પ્રાયઃ પ્રવૃત્ત થતા નથી. સામેથી આવે તેને બાહ્ય-આભ્યંતર સહાય મળે. માટે પ્રભુ-ગુરુ પાસે સામેથી જઇને સેવા-ભક્તિ-પર્યુપાસના કરવી જોઇએ તો એમનાથી લાભ થાય છે. પૂર્વના ત્રીજા ભવની ભાવનાની પ્રબલતાથી બંધાયેલ પુણ્યપ્રકર્ષથી પ્રભુ દ્વારા લાભ-સહાય થાય છે. સહાયનું મુખ્ય કારણ શાસન સ્થાપના અને દેશના. દેશના સિવાયમાં વંદનાદિ માટે આવેલાને પ્રશ્નોના સમાધાન કે પ્રાસંગિક પ્રેરણા એ પ્રભુનું સતત સહાયનું માધ્યમ છે.

પ્રભુના પુણ્યપ્રકર્ષ દ્વારા શાસનને વહન કરનાર સાક્ષાત્ અને પરંપ-રાએ મુખ્ય શક્તિ-આવડત સંપન્ન-વફાદાર વ્યક્તિઓની ગણધરો રુપે અને મહાપ્રભાવક આચાર્યો રુપે અનેક વ્યક્તિઓ પ્રાપ્ત થાય છે. એ પણ શાસન દ્વારા અનેકાનેક જીવો પર સહાય કરે છે. મુખ્ય રીતે સહાય કરનારે સહાય માટે બોલાવાના હોતા નથી. આ પણ એક સહાયનું રહસ્ય છે.

બીજું વિશેષણ આવે છે—

## अकारणवत्सलः

વાત્સલ્ય એટલે પરોપકારની લાગણીથી અન્ય ઉપરનો આપણા હૃદ-યનો પ્રેમ. સામાન્યથી વાત્સલ્ય નાના માણસો ઉપર, અસમર્થ પણ આગળ વધારવાં યોગ્ય માણસો ઉપર હોય છે, માટે જ માતાની લાગણીને વાત્સલ્ય કહેવાય છે. પ્રભુ કેવળજ્ઞાન પહેલા શાસન આપવા માટે મોહ, અજ્ઞાન, દુઃખીજીવો ઉપર વાત્સલ્યભાવ ધારણ કરે છે. એવી જ રીતે પરોપકારની

લાગણીથી એમના હૃદયમાં સર્વજીવો ઉપર અને વિશેષે કરીને શાસનમાં રહેલા જીવો ઉપર વાત્સલ્ય ઉભું થાય છે.

**શાસન એ સ્વયં વાત્સલ્યનું ઉત્પાદક હોવાથી એના દ્વારા પ્રભુ વાત્સલ્ય ભાવ સફળ કરવાને ઇચ્છે છે.** આત્મા ઉપર, કુટુંબ ઉપર, એમ ઉત્તરોત્તર સંઘ ઉપર અને સર્વત્ર પરમાત્માનું આ વાત્સલ્ય હૃદયની કરુણાર્દ્ર ભાવનાથી વિશિષ્ટ એવા આત્માની યોગ્યતાથી ઉત્પન્ન થાય છે. એટલે અન્ય જીવો અનુકૂળ રીતે કે પ્રતિકૂળ રીતે વર્તતા હોવા છતાં એ વાતને ગૌણ કરીને પ્રભુનું વાત્સલ્ય પ્રવર્તે છે.

છદ્મસ્થ અવસ્થામાં ઉત્પન્ન થયેલો આ સ્વભાવ અને પૂર્વે બતાવેલો સહાયક સ્વભાવ વીતરાગ થવા છતાં સાહજિક રીતે કાર્યરુપે પ્રવર્તે છે. તેથી જગતમાં જે જીવો નિરાધાર હોય, જે જીવો વાત્સલ્યની લાગણીના ભૂખ્યા હોય, જે બીજાનું વાત્સલ્ય મેળવી શક્યા નથી તેવા જીવો પ્રભુને હૃદયમાં ધારણ કરવાથી, ભક્તિ-જાપ કરવાથી પ્રભુ તરફથી વાત્સલ્ય, પ્રસન્નતા અને પ્રેમ મેળવે છે. એના લીધે તેમના હૃદયમાં પ્રભુ પ્રત્યેનો વિશેષ આદર, ભક્તિભાવ ઉભો થાય છે. પ્રભુ તરફથી મળતું વાત્સલ્ય, પ્રસન્નતા અને પ્રેમ તેમજ પોતાના હૃદયમાં ઉભો થયેલો પ્રભુનો આદર, ભક્તિભાવ આ બંને ભળવાથી તેને વાત્સલ્યની ખામી રહેતી નથી. એટલે વાત્સલ્યહીન માણસે પ્રભુ પાસેથી વાત્સલ્ય મેળવવા પ્રભુને મહાઉપકારી, ઉત્તમોત્તમ જગતની માતાની કલ્પના કરી વાત્સલ્ય મેળવવું. આમ પ્રભુ સર્વ જીવોને વાત્સલ્યથી નવરાવે છે. જે જીવો પ્રભુ સન્મુખ થાય છે. એને એનો વ્યક્ત અનુભવ થાય છે.

પ્રભુ આવા સ્વભાવના કારણે પ્રકૃષ્ટ પુણ્ય મેળવીને વાત્સલ્યનું ઉત્પાદક (સ્વરૂપથી એ જ અને રુપાંતરે નવું) શાસન સ્થાપે છે. પ્રભુ સામા જીવને કારણ વગર પણ, વિપરીત કારણોમાં પણ વાત્સલ્ય આપી, શાસન આપી મોક્ષ સુધી પહોંચાડે છે. ઉન્માર્ગથી પાછા વાળે છે માટે જગતમાં 'अकारणवत्सल' પરમાત્મા છે.

જેવી રીતે શાસન દ્વારા પ્રભુ યોગ્ય જીવો પ્રત્યે કરુણા રુપે વાત્સલ્ય કરે છે તેવી રીતે પ્રભુશાસનમાં રહેલા જીવો પણ આરાધક જીવો ઉપર પ્રેમ-લાગણી-વાત્સલ્ય ધારણ કરે છે. માટે **પરસ્પર સાધર્મિક પ્રેમ એ જગતના સર્વસંબંધો, પ્રેમ અને સર્વચીજો કરતા ચડિયાતો સંબંધ છે એવું શાસ્ત્રમાં કહ્યું છે.** મા પુત્રને કોઇપણ ચીજ આપતા અચકાતી નથી તેમ ધર્માત્માઓ ધર્માત્માને નાની-મોટી-ઉંચી-સામાન્ય ચીજોને ગૌણ કરીને, સામાજીવને મુખ્ય કરીને તેની ઇચ્છા મુજબ આપતા આનંદ પામે છે. જેઓ વસ્તુની કિંમત સમજે અને ધર્માત્માની કિંમત ન સમજે તેઓ અપરિપક્વ વાત્સલ્યવાળા છે એમ સમજવું.

જીવો પ્રત્યે આ વાત્સલ્યનો સ્વભાવ જેમ પ્રધાન તથા શાસન પામ્યા પછી થાય છે તેવી રીતે આંશિક ઉઘાડ થયેલા આત્માઓ બાહ્ય ચીજો કરતા બીજા આત્માને પ્રધાન સમજી એમના પ્રત્યે હૃદયમાં વાત્સલ્ય ઉત્પન્ન થવાથી સાહજિકપણે પરોપકાર તરફ ખેંચાય છે હૃદયની લાગણીનો પરોપકાર એ વાત્સલ્યનું સૂચક છે.

**ત્રીજું વિશેષણ આવે છે—**

## अनभ्यर्थित साधुः

પરોપકારી અને વાત્સલ્ય સભર વ્યક્તિને આપત્તિમાં સહાય માટે બોલાવવામાં આવે છે. અને જરુરિયાતના સમયે તે-તે વસ્તુ બીજા ઉદાર દાતા પાસે માંગવાની થતી હોય છે. પરમાત્મામાં પણ એક વિશિષ્ટ પરાર્થરસિક વ્યક્તિત્વ છે. `अनभ्यर्थित साधुः' પ્રભુ માંગ્યા વગર આપે તેવા સજ્જનશિરોમણી છે. **માંગવા છતાં ના પાડનારા પણ હોય છે, માંગ્યા પછી આપનારા પણ મળે છે. પરંતુ વગર માંગે આપનાર વિરલ વ્યક્તિ હોય છે.**

પરમાત્મા એટલે પરમાત્માનું સ્મરણ. આપત્તિમાં યાચના વગર સ્મરણ માત્રથી અથવા સ્મરણ વગર પણ એમના પ્રત્યેના આપણા હૃદયમાં રહેલ ભક્તિ ભાવથી સહાય મળી રહે છે. પહેલા નંબરે તો જો સ્મરણ-ભક્તિભાવ સદાય હોય તો આપત્તિ આવતી નથી. એ પ્રભુનો વિશેષ પ્રભાવ છે.

જેની જરુરિયાત હોય તે ચીજો માટે અને જરુરિયાત હોય કે ન હોય પણ ઇચ્છાની પ્રબળતા થાય તો સામાન્યથી લોકવ્યવહારમાં માણસે ઉદાર-દાતા પાસે માંગણી કરવી પડે છે. પરંતુ અહીં પ્રભુનું સ્મરણ-તેમની ભક્તિ માંગ્યા વગર પણ એ ઇચ્છાઓ પૂર્ણ કરે છે. **अस्मिन् हृदयस्थे सति नियमात् सर्वसिद्धयः ॥** પ્રભુ પ્રાર્થના સ્વીકારે છે. પ્રાર્થના વગર પણ જરુ-રિયાતો અને ઇચ્છાઓ પૂર્ણ કરે છે. આ પ્રભુનું દાતા તરિકેનું પરમ સજ્જ-નપણું-પરમ સાધુપણું છે.

આપણી પ્રાર્થનાને પ્રભુ પૂર્ણ કરે છે, પ્રભુનો પ્રભાવ પૂર્ણ કરે છે, પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા-આદર પૂર્ણ કરે છે, પ્રભુના ભક્તો પૂર્ણ કરે છે. આ ચારે વિકલ્પો છે. આપત્તિમાં સહાય મળે છે અને જરુરિયાતો પૂર્ણ થાય છે તે હકીકત છે જે અનેક દ્રષ્ટાંતોમાં જોઇ શકાય છે. આમાં પ્રભુભક્તોની એ દ્રઢ માન્યતા હોય છે કે 'મારે ધર્મને યોગ્ય બનવું હોય તો ધર્માત્માઓને સહાયક બનીને એમને ગૌરવવંતા બનાવવા જોઇએ. એક ધર્મી બીજા ધર્મીનું ગૌરવ વધારે આ ફરજ છે અને એનું મુખ્ય કારણ ધર્મ અને પ્રભુ છે. માટે માણસો માણસોમાં અને દેવો મુખ્યત્વે માણસોમાં અને ક્વચિત દેવોમાં આપત્તિનું વારણ અને ક્યારેક ગૌરવ વૃદ્ધિ કરે છે. આ કાર્ય શાસનરક્ષક દેવ-દેવીઓનું (કે જેમણે તીર્થની સ્થાપના સમયે પ્રભુ આગળ શાસનની સેવાનો-આરાધકોને સહાયક બનવાનો લાભ આપવાની વિનંતી કરેલ અને પ્રભુએ તેમને શાસન-રક્ષક તરીકે નિયુક્ત કરેલ) અને પૂર્વે વિરાધિત સંયમવાળા બનવાને કારણે વ્યંતર જાતિમાં ઉત્પન્ન થઇ જાગૃત બનેલ દેવ-દેવીઓનું પણ ફરજ રુપે છે. બાકીના મહર્દ્ધિક દેવો કર્તવ્ય રુપે કાર્ય કરે છે આ રીતે તે-તે શક્તિશાળી આત્માઓ આપત્તિવારણ કરે છે, ગૌરવ વધારે છે અને ઇચ્છા જરુરિયાત પૂરે છે.

પ્રભુ પ્રત્યેની ભક્તિ-શ્રદ્ધાથી પ્રભુનો ઉપાસક પોતાના અંતરાયકર્મ દૂર કરે છે. પ્રબલ પુણ્યને ઉપાર્જન કરે છે. તેના જુના પુણ્ય પણ તાત્કાલિક ઉદયમાં આવે છે. આ બધો પ્રભાવ પ્રભુભક્તિ-શ્રદ્ધાનો છે તેથી પ્રભુ કરે છે તેમ કહેવાય. પ્રભુના ભક્તોને શ્રદ્ધા દ્વારા સહાયક બળ અને ગૌરવની પ્રાપ્તિ

થાય છે. જેટલી શ્રદ્ધા વધુ અને મજબૂત તેટલું ફળ તુરંત અને ૧૦૦%નું મળે છે. તેથી જ કહેવાયું '**श्रद्धा बलीयसी**'.

**કલિકાલમાં પણ પ્રભુનો પ્રભાવ જરુર છે પણ અનાદર-અશ્રદ્ધા-ઉપેક્ષાવાળાને તેની અનુભૂતિ થતી નથી. માટે પ્રભુના પ્રભાવમાં પ્રભુની મહત્તા જેમ કારણ છે તેમ પ્રભુ પ્રત્યેના શ્રદ્ધા-ભક્તિ એ પણ કારણ રુપે વ્યવહારથી પ્રચલિત છે.** માટે પરમાત્માનો પ્રભાવ ભક્તની શ્રદ્ધા દ્વારા અને બીજા ભક્તોની સહાય દ્વારા કાર્ય કરે છે. પ્રભુ પોતે વિતરાગ છે માટે સાક્ષાત્ રુપે કાર્ય ભલે નથી કરતા પરંતુ પ્રભાવ દ્વારા, માર્ગ ઉપદેશ દ્વારા, કર્તવ્ય બતાવવા દ્વારા, પાપક્ષયના કારણો દર્શાવવા દ્વારા, પુણ્યોપાર્જનના ઉપાયો દે. ખાડવા દ્વારા, શાસન આપવા દ્વારા પ્રભુ કારણ બને છે. **શાસન એટલે જ્ઞાન અને ચારિત્ર, સદ્નિમિત્ત અને સદાચાર, ધર્મ પ્રવૃત્તિ અને પાપનિવૃત્તિ, શ્રદ્ધા અને વિવેક, ગુણ અને ગુણવંતો, આદર અને ઔચિત્યનો સરવાળો.** આવું શાસન એ સર્વ આપત્તિનું નાશક છે. સર્વ ઇચ્છિત-અનિચ્છિત શુભનું આપાદક છે. માટે તેના દ્વારા પ્રભુ પ્રાપક છે તેમ સમજવું.

**ચોથું વિશેષણ આવે છે—**

## असम्बन्धबांधवः

પરમાત્મા જીવાત્માની સાથે સાંસારિક સંબંધથી જોડાયા ન હોવા છતાં જીવોના બાંધવ છે. મતલબ ભાઇની જેમ રક્ષણ-સહાય કરનારા હોય છે, કાયમ સાથે રહેનારા હોય છે.

પરમાત્માને કોઇની સાથે કોઇપણ જાતનો સંબંધ નથી. પોતે વિત-રાગ છે પરંતુ તેમને જે બંધુ તરીકે સ્વીકારે છે તેના માટે પ્રભુ બંધુતુલ્ય છે. તેવું કાર્ય કરનારા થાય છે. ભાઇનો સંબંધ બે જણાના પરસ્પરના સંયોગ-મમત્વથી શોભે છે પરંતુ પરમાત્મા મમત્વરહિત અને સંબંધ રહિત હોવા છતાં વિરોધ-દ્વેષ-અરુચિભાવ તેમનામાં ન હોવાથી અને સામા જીવોની પાત્રતા અનુસાર ઉપકારક સ્વભાવ હોવાથી પરમાત્મામાં અન્ય જીવોના દ્રષ્ટિકોણથી માતા-પિતા-ભાઇ-મિત્ર વગેરે બધા ઉપકારક સંબંધો આરોપિત થાય છે.

અર્થાત્ પરમાત્માના અચિંત્ય પ્રતાપે તે-તે સંબંધીજનો દ્વારા થતાં ઉપકાર-સહકાર આદિ જેવા ઉપકાર-સહકાર પરમાત્મા પાસેથી પણ પ્રાપ્ત થાય છે. તેથી જ **त्वमेव माता च पिता त्वमेव, त्वमेव बंधुः च सखा त्वमेव, त्वमेव विद्या-द्रविणं त्वमेव त्वमेव सर्वः मम देवदेव ॥** કહીને સંસારના સંબંધોની દરેક ઉપમાઓ પ્રભુને અપાય છે. કારણ કે તેમના દ્વારા તે સંબંધોની રુએ થતાં કાર્યો જેવા કાર્યો તે-તે જીવના સિદ્ધ થાય છ. ઉદા. પરમાત્મા માતા વિનાના માટે માતા સમાન છે. માતાનો સ્નેહ-વાત્સલ્ય ન મળેલ હોય તેવા જીવને પરમાત્મા પાસેથી વાત્સલ્ય-સ્નેહ મળે છે. માટે આ ઉપમાનું આરોપણ કરાય છે.

પરમાત્મામાં સર્વ પ્રશસ્ત વસ્તુનો-ભાવનો-વ્યક્તિના ઉત્કટપણાનો આરોપ કરાય છે કારણ કે પ્રભુ તે-તે વસ્તુઓના-ગુણોના ઉત્કટ કાર્યોને સાધી આપનાર છે. એમના તરફથી, એમના આલંબનથી, એમની ઉપાસના કરનારને, એમને સમર્પિત થનારને પોતાના આદર-સદ્ભાવના દ્વારા તે-તે કાર્ય સિદ્ધ થાય છે. એક પણ શુભ-પ્રબલ કાર્ય એવું નથી કે જે પરમાત્માના આલંબનથી ન થાય. **''મનવાંછિત ફળીયા રે પ્રભુ આલંબને.''**

પરમાત્માના અને વિતરાગના આલંબનથી દુઃખ-શોક-આપત્તિ વિલીન થાય છે. સુખ-શાંતિ-પ્રસન્નતા-યોગ્ય જરુરી સંયોગ પ્રાપ્ત થાય છે. જેને મહાયોગી **આનંદઘનજી** મહારાજે **વિમલનાથ** ભગવાનના સ્તવનમાં બતાવી કે **દુઃખ-દોહગ દૂરે ટળ્યા રે સુખ-સંપદ શું ભેટ, ધીંગધણી માથે કીયો રે કુણ ગંજે નર ખેટ ॥**

બંધુનું કાર્ય છે આપત્તિમાંથી બહાર કાઢવો, રક્ષણ કરવું, નબળી પરિસ્થિતિમાં હાથ ઝાલી આગળ લાવવો. સંસારમાં આવું 'એક ભાઇની બીજા ભાઇને સહાય કરવી' ઘણીવાર દેખાતું હોય છે પરંતુ ત્યાં લોહીનો સંબંધ કામ કરે છે. માનેલા ભાઇમાં ઓળખાણ કે પ્રેમ ભાગ ભજવે છે. જ્યારે પરમાત્માનું આલંબન અજાણ્યા માણસ રુપ હોવા છતાં પરમાત્મા વાસ્તવિક (દુનિયાની દ્રષ્ટિએ) કોઇ પણ સંબંધમાં ન આવવા છતાં આદર-

પૂજા-સેવા- સ્તવના દ્વારા ઉપકારક બને છે. આ છે असंबंधबंधुत्व ॥ પરમા-ત્મામાં પ્રકૃષ્ટતા રુપે આ વાત થઇ.

બીજી વાત પરમાત્માના શાસનની પ્રત્યેક વ્યક્તિઓ દ્વારા પણ આંશિક પણ આ કાર્ય સિદ્ધ થાય છે. ક્વચિત્ આલંબન લેનારના ભાવની તીવ્રતાથી પરમાત્મા તુલ્ય પણ ફળ મળે છે. શાસનની તે-તે વ્યક્તિમાં પ્રગટપણે એ ફળની પ્રકૃષ્ટતા ન હોવા છતાં યોગ્યતા રુપે એ ફળ રહ્યું છે માટે આચાર્ય આદિની ઉપાસના દ્વારા પણ તીર્થંકર પદ પ્રાપ્તિ બતાવી.

વ્યક્તિની અપેક્ષાએ પરમાત્મામાં બાંધવ શબ્દ વપરાયો છે પરંતુ પરમાત્માના શાસનના તમામ યોગો અને આરાધનાના પ્રકારો આરાધકના ભાવની પ્રકૃષ્ટતાની અપેક્ષાએ સર્વ ફળની સિદ્ધિ કરે છે, પ્રકૃષ્ટ પુણ્ય આપે છે, પ્રકૃષ્ટ ગુણો અને શુદ્ધિ આપે છે, એટલે જ કહ્યું કે અસંખ્ય યોગોથી કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. એટલે સદ્આલંબનથી આરાધકનો વિશુદ્ધ ભાવ એ બાંધવ છે. બાંધવનું કાર્ય કરે છે.

**પાંચમું વિશેષણ આવે છે—**

## अनक्तस्निग्धमनसम्

પરમાત્માનું જીવન કોઇ અજીબોગરિબ છે. દુનિયામાં ક્યાંય બે વિરોધી વાતો એક જગ્યાએ જોવા ન મળે. ત્યાં પ્રભુ બન્નેને સમતોલ જાળવી શકે છે. અનેકમાંથી એક બાબત છે પ્રભુ વીતરાગતા સહિત સ્નિગ્ધ મનવાળા છે.

જગતમાં દ્રવ્યના ત્રણ પ્રકારે છે. રુક્ષ-સ્નિગ્ધ-સ્નિગ્ધઋક્ષતારહિત.

જીવ અને પુદ્ગલ સિવાયના દ્રવ્યો સ્નિગ્ધ-ઋક્ષતાથી રહિત હોય છે. સ્નિગ્ધ દ્રવ્યને સ્નિગ્ધતા લગાડવાની હોતી નથી. ચોપડવું-મ્રક્ષણ કરવું એ ઋક્ષતાવાળામાં થાય. રોટલી ચોપડાય કારણ તે ઋક્ષ છે. ઘી પોતે ન ચોપડાય. એટલે જે સ્વાભાવિક સ્નિગ્ધ છે તેને ચોપડવાના હોતા નથી. પ્રભુનું મન સ્વાભાવિક સ્નિગ્ધ છે.

**પ્રશ્ન : રાગ-દ્વેષ રહિત પ્રભુ સ્નિગ્ધ કેવી રીતે કહેવાય ? વીતરાગમાં**

રાગની ચીકાશ હોય ?

**ઉત્તર :** પ્રભુ દ્વેષ રહિત છે માટે સ્નિગ્ધતા માની શકાય. પ્રભુ પૂર્વ અવસ્થામાં કરુણાથી ભરપુર હતા માટે સ્નિગ્ધ મનવાળા હતા. એ વાત તો સર્વજન સ્વીકાર્ય છે. અને પ્રભુ વીતરાગ અવસ્થામાં સ્નિગ્ધતાના કાર્યરુપ વિશિષ્ટ કોટિનો પરોપકાર કરે છે. માટે સ્નિગ્ધમનનો પ્રભુમાં વ્યવહાર થાય છે.

**જે વિરોધિ ગુણવાળા ન હોય, પૂર્વ અવસ્થામાં તે-તે વિશેષ-પ્રબળ ગુણ દેખાતો હોય અને વર્તમાન અવસ્થામાં કાર્યરુપે જે ગુણ પ્રબલ દેખાતો હોય તે ગુણ તે વ્યક્તિમાં સ્વીકારવો પડે.** માટે પ્રભુ કૈવલ્ય અવસ્થા પછી પણ પરોપકારમાં સતત પ્રવૃત્ત છે. માટે પ્રભુનું મન સ્નિગ્ધ-પ્રેમાળ-સહાનુ-ભૂતિવાળું છે તેમ સ્વીકારવું રહ્યું. છદ્મસ્થ અવસ્થામાં કષાયનો ક્ષયોપશમ આ કરુણામાં પ્રધાન કારણ છે અને એ ક્ષયોપશમ આંશિક રાગ યુક્ત હોય છે. રાગના કારણે તે કરુણા શબ્દથી ઓળખાય છે. પ્રભુમાં રાગ ન હોવા છતાં. ક્ષયોપશમ ક્ષાયિકભાવે થવાથી પ્રભુનો સ્વભાવ સ્નિગ્ધ તરીકે ઓળખાય. ક્રુરતાના સંપૂર્ણ અભાવ સાથે કરુણાનું આત્યંતિક કાર્ય હોવાથી પ્રભુનું મન સ્વાભાવિક સ્નિગ્ધ છે તેમ વ્યવહાર થાય છે.

સ્નિગ્ધ વ્યવહારવાળા-વચનવાળા-કાર્યવાળા સ્નિગ્ધ=પ્રેમાળ વ્યક્તિ ઉપર બધાને પ્રેમ ઉત્પન્ન થાય છે, એમને સમર્પિત બને છે, એમના ઉપર ભક્તિવાળા બને છે. આ પ્રભુ ઉપર થતાં લોકોના આદર-સમર્પણ અને ભક્તિનું કારણ છે.

**પ્રભુનું જે વિશિષ્ટ પુણ્ય ઊભું થયું તેમાં કરુણા રુપી સ્નિગ્ધમન પ્રધાન કારણ છે.** કરુણાના અભાવમાં કર્કશતા-કઠોરતા-કટુતાથી વિપરિત અવસ્થા સર્જાય છે. એટલે કે અનાદર-વિરોધ-અસહાયતા અને એ માટેનું પાપકર્મ પણ બંધાય છે, ઉદયમાં આવે છે. માટે સર્વત્ર સ્નેહયુક્ત-સદ્ભાવ-યુક્ત અને સમર્પણયુક્ત વ્યવહાર રાખવો. જેનાથી લોકપ્રિયતા વધે છે અને તે

ધર્મપ્રાપ્તિની અનેક યોગ્યતામાંથી એક યોગ્યતા છે.

**છઠ્ઠું વિશેષણ આવે છે—**

## अमृजोज्ज्वलवाक्पथं-

પ્રભુની વાણી ઉજ્વલ છે. સુંદર-દોષરહિત-સરળ-સુખગ્રાહ્ય વગેરે સર્વગુણસંપન્ન છે પણ જેમ કોઇ આરિસો સાફ કરે, વાસણ ઘસીને ઉજળા કરે તેમ વાણી પ્રયત્નથી ઉજ્વળ નથી થઇ પરંતુ સ્વાભાવિક દોષરહિત અને સર્વગુણકારી પ્રભુની વાણી છે.

પથ = માર્ગ પ્રકાર. પ્રભુની વાણી જે નીકળે છે-જે પ્રસરે છે તેથી તેને પથની ઉપમા છે.

अमृज = શબ્દથી દોષ રહિતતા લેવી. उज्वल = શબ્દથી ગુણસંપન્નતા લેવી.

આ બન્ને પુણ્યના ઉદયના કારણે સ્વાભાવિક છે માટે अमृज શબ્દ પ્રયોગ છે. મન માટે જેમ સ્નિગ્ધતા ગુણ છે તેમ વચન માટે વાણીના અતિશયો એ ગુણ છે, દોષરહિતતા એ પણ આવશ્યક છે. પરોપકાર માટે દોષરહિતતા અને ગુણસંપન્નતા જરુરી છે.

પ્રભુ શાસનના દ્રઢરાગ-આદરથી, બીજાને શાસન પમાડવાની, પ્રબલ ભાવનાથી અને પોતાના જીવનમાં પ્રભુશાસન સર્વાંશે આવે એવી લાગણી રુચિ-વૃત્તિથી મન-વચન-કાયા અને પરિસ્થિતિજન્ય સર્વદોષો સ્વાભાવિકપણે નાશ પામે છે. સર્વગુણો અને ચારે અતિશયોનું આંશિકપણું ઉત્પન્ન થાય છે. મન-વચન-કાયા અને બાહ્ય સંયોગ નિર્મળ તથા સાનુકૂળ બને છે.

આનાથી વિપરિત **પ્રભુ શાસન ઉપર અરુચિ-અવજ્ઞા-તિરસ્કાર અથવા દોષો કાઢવાની વૃત્તિનો અભાવ-ગુણો લાવવાની લાગણીનો અભાવ એ અપેક્ષાએ જિનશાસન પામવાની અયોગ્યતાનું સૂચક છે.** અને એથી આવી વૃત્તિ સર્વદોષોનું કારણ છે, સર્વદુઃખોનું કારણ છે, સર્વ ગુણોના નાશનું કારણ છે. માટે ગુણના આચાર પર (= જે આચાર દ્વારા તે-તે

ગુણોની પ્રાપ્તિ થાય તે) રુચિ, ગુણીજન પર રુચિ=બહુમાન, ગુણ ઉપર રુચિ અર્થાત્ જેમ વિદ્યા માટે સ્કૂલે જવું, વ્યવસ્થિત સાંભળવું, લેશન બરોબર કરવું તે વિદ્યાચાર પર રુચિ, તે વિદ્યા જેની પાસે છે તે શિક્ષક-ટીચર ઉપર બહુમાન તે વિદ્યાવંત પર રુચિ તથા જ્ઞાન જરુરી છે, ઉપયોગી છે, ભણવું જોઇએ આ વિદ્યારુચિ કહેવાય. સંપત્તિ માટે વેપાર કરવો, નોકરી કરવી, દુકાન ખોલવી, ધંધાના સમયે બાકીનું ગૌણ કરવું આ ધનાચાર પર રુચિ, જેનો ધંધો જામેલો છે, જે હાથ પકડે તેની ઉપર આદર તે ધનવાન પર રુચિ અને પૈસા સંસારમાં જરુરી છે. વ્યવહારો ચાલવવા તે એક મુખ્ય સાધન છે આવું વલણ તે ધનરુચિ. આ જેમ જરુરી છે તેમ **આધ્યાત્મિક ક્ષેત્રે ગુણાચાર. ગુણી અને ગુણ આ ત્રણે પર રુચિ-આદર-અનુકુળવલણ આગળ વધારનાર છે, તથા સામે પક્ષે રહેલ દોષાચાર પર અરુચિ જોઇએ કારણ કે અરુચિ-અણગમો ન હોય વહેલા મોડા તો દોષો જીવનમાં આવતા હોય છે. દોષવાન પર તિરસ્કાર નહીં પણ કરુણા-માધ્યસ્થ-ઉપેક્ષા ભાવ રાખવો. અને દોષો ઉપર હૃદયમાં ભારોભાર નફરત રાખવી તો પ્રભુ શાસન પામી શકાય, સુંદર રીતે તેને આરાધી શકાય અને મોક્ષ સુધી પહોંચી શકાય.** કેમ કે ત્રણ ઉપરની રુચિ અને ત્રણ ઉપરની અરુચિ સર્વદોષનાશનું અને સર્વગુણપ્રાપ્તિનું અંતરંગ પ્રધાન કારણ છે. માટે પ્રભુની વાણીમાં દોષરહિતતા અને ગુણસંપન્નતા બતાવી તે પોતાની વાણીમાં લાવવા અને તમામ વ્યવહાર તથા આંતરિક પરિણામો દોષરહિત તથા ગુણસંપન્ન બનાવવા પ્રયત્નશીલ બનવું.

**સાતમું વિશેષણ આવે છે—**

## अधौतामलशीलं

પરમાત્મા પવિત્ર આચારસંપન્ન હોય છે. જન્મથી લઇને નિર્વાણ સુધીના અનેક પ્રસંગોમાં આચારને છોડવો પડે કે તેમાં બાંધ છોડ કરવી પડે તેવી ઘટના બનતી જોવા મળે છતાં ક્યાંય કોઇ પરમાત્માએ આચારને મલિન બનવા નથી દીધો. જગતનાં બહુધા જીવોને મોટે ભાગે આચારના દોષોની શુદ્ધિ કરવી પડે છે. પરમાત્માને નિર્મળ સંયમ હોય છે. માટે અધૌત અને

અમલ બે વિશેષણ મૂક્યા છે. શીલ એટલે આચાર. તે-તે ભૂમિકામાં રહેલા પ્રભુ પોતાના આચારોમાં સ્વભાવથી નિર્મલ હોય છે. અને તેમને પોતાના આચારની શુદ્ધિ કરવાની રહેતી નથી. આચારની જેમ તેમનું મન પણ વિશેષ નિર્મલ છે. પ્રભુ ઉગ્ર વૈરાગી છે. સદા અપ્રમત્ત પ્રાયઃ સાવધ-જાગ્રત છે. ક્યારેય પણ કષાય પરવશ થયા નથી-થતા નથી. સહજ-સર્વકાલીન નિર્મલતા સંપન્ન છે. માટે જ ઉત્તમોત્તમ ગણાયા. બહુધા પરમાત્મા સિવાય આવા કોઇ હોતા નથી.

જ્ઞાનયોગીની પણ પરાકાષ્ટા જેવી આ ભૂમિકા છે. યોગની દૃઢી દ્રષ્ટિની આ ભૂમિકા છે. સંયમ પહેલા પણ તારક તીર્થંકરોની આ ભૂમિકા હોય છે. સંયમ પછી તો વિશેષ વિકસિત આ ભૂમિકા સમજવી. પુણ્ય પણ પ્રભુનું સદા તેજસ્વી-દેદીપ્યમાન હોય છે.

પરમાત્મા તીર્થંકર દેવો ચ્યવનથી નિર્વાણ સુધી રોગરહિત હોય છે તેમ પરમાત્માનું શરીર મેલરહિત હોય. ધોયા વગર પણ સ્વાભાવિક નિર્મળ શરીરવાળા પરમાત્મા છે. પ્રચંડ પાપથી જીવનું શરીર મેલું, કદરુપુ, દુર્ગંધમય બને. એ સાફ કરે તો પણ સાફ ન થાય. એ રીતે પ્રચંડ પુણ્યવાળાના શરીર પર મેલ લાગતો જ નથી. એ સાહજિક ખરી જાય છે.

ગૃહસ્થપણામાં પ્રભુ વ્યવહારથી સ્નાન કરે છે તે વાત જુદી, પરંતુ પરમાત્માને સ્નાન કરવાની જરુર પડતી નથી. એમનું શરીર સ્વચ્છ અને પવિત્ર છે. પ્રભુ નિહાર કરે તે અદ્રશ્ય તો હોય છે તેમ જન્મથી એ ભાગ નિર્લેપ હોય છે. વ્યવહારથી દીક્ષા પહેલા એ સાફ કરે પરંતુ લેપ નથી હોતો. સંયમ પછી એ સાફ કરવાનું પણ નથી અને નિહાર ક્રિયા અદ્રશ્ય હોવાથી અને નિહાર પણ અદ્રશ્ય થઇ જવાથી સાફ કરવાનું હોય નથી. મલ-મૂત્ર પણ અત્યંત સુગંધીત અને વિશિષ્ટ ઔષધિનું કાર્ય કરનાર ગુણયુક્ત હોય છે. તેથી એ પણ નિર્મળ અને પવિત્રતાયુક્ત ગણાય છે. એમના અસ્થિ-દાંત વગેરે પણ દેવલોકમાં સંગ્રહાય છે. આ એક પવિત્રતાની સાબિતી છે.

પરમાત્માની કાયાનો સ્વભાવ છે કે મેલ ન લાગે, એ નિર્મલ રહે,

અશુભ ગણાય એવા કાદવ કે બીજા લેપ પણ ન લાગે. પ્રભુનો શ્વાસોચ્છ્વાસ જેમ કમળ જેવો સુગંધિત છે તેમ પ્રશ્રવણ અને નિહાર પણ સર્વરોગનાશક અને સુગંધિત હોય છે. લોહી દૂધ જેવું શ્વેત હોય છે. શરીરના અતિશયો એ પ્રભુના પુણ્ય પ્રકર્ષનો સ્વભાવ છે. મધ્યમ પુણ્યવાળાને સાફ કરવું પડે તેવું-વિશેષ નિર્મળ ન થાય એવું શરીર હોય. શ્યામવર્ણ અને નીલવર્ણ પણ રત્નની જેમ તેજસ્વી દેદીપ્યમાન હોય છે. પ્રભુના અતિશયો પુણ્ય પ્રકર્ષથી પ્રાપ્ત થાય છે. જેમ પ્રભુને પુણ્યપ્રકર્ષ બધા કરતા વધારે હોય છે. તેમ ક્ષયોપશમ પ્રકર્ષ પણ સામાન્યથી બધા જીવો કરતા વધારે હોય છે. પ્રભુની કોઇપણ શક્તિ તત્કાલીન જીવોથી ઉતરતી નથી હોતી.

સનત્કુમારનું રુપ હતું પણ પ્રભુનું રુપ એથી પણ ચડીયાતુ હતું. 'શીલ' શબ્દ મૂકીને બધા જ પ્રભુને આવું શરીર હોય છે. પ્રભુનું શરીર સ્વભાવ નિર્મળ છે. આ પુણ્યપ્રકર્ષનું જ્ઞાપક-સૂચક છે. અહીં કાયા લખી નથી પણ ધોત શબ્દના હિસાબે લેવી.

જે કંઇ પરચૂરણ સુધારવા-ફેરવવા પડે તે મન-વચન-કાયાના વ્યવહારો ધોત કહેવાય. પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્ત એ ભાવધોતપણું છે. ચ્યવનથી માંડીને પ્રભુની તમામ પ્રવૃત્તિ એ અધોત અને ઔચિત્યયુક્ત નિર્મળ હોય છે. માટે પ્રભનું મન-વાણી-વર્તન પણ અધોત અને નિર્મળ છે અને તે પણ સ્વભાવથી છે. આવા મન-વચન-કાયાની પ્રવૃત્તિવાળા ભગવાન હોય.

**પ્રશ્ન :** પ્રભુનું શરીર નિર્મળ છે કે પ્રવૃત્તિ નિર્મળ છે કે મન નિર્મળ છે કે આત્મા નિર્મળ છે ?

**ઉત્તર :** પ્રભુને અપ્રતિપાતી સમ્યક્ત્વ હોવાથી પાપાનુબંધી કર્મ સત્તામાં પણ ન હોવાથી, તે ભવમાં બીજા સર્વકર્મ સંપૂર્ણ ક્ષય થવાના હોવાથી 'ક્ષીયમાણં ક્ષીણં' ના ન્યાયે પ્રભુનો આત્મા નિર્મલ છે. પ્રભુ જ્ઞાન યોગની વિશિષ્ટ ભૂમિકાએ રહેલા હોવાથી પ્રભુનું મન પણ અધોતામલ નિર્મલ છે. પશ્ચાત્તાપ-ક્ષમાપના-મિચ્છામિ દુક્કડં આ ધોતપણું પ્રભુના જીવનમાં હોતું નથી.

૧) ગૃહસ્થના પાત્રમાં ભોજન ૨) તાપસને ભેટવાનું ૩) તેના કહેવાથી ચાતુર્માસ અને ૪) અર્ધવસ્ત્રદાન-આ ચાર વાત ચરમ તીર્થપતિના જીવનમાં છે. બાકી કોઇપણ પ્રભુના જીવનમાં આ ચાર વાત નથી. આમાં ૨-૩-૪ વ્યવહાર ઔચિત્ય છે જે સાધુપણામાં કરવાનું ન હોય છતાં ઉત્તમ પુરુષની રુએ એ કર્યું છે. પાત્ર ભોજન પણ ન કરવું જોઇએ પણ થયું. ૩જી વાત ફરી ન થાય માટે ૫ અભિગ્રહથી પરિમાર્જન કર્યું. આ વાત છોડીને પ્રભુ નિર્મળ છે, પ્રભુની પ્રવૃત્તિ પણ નિર્મળ છે.

પ્રભુ ઋષભદેવે ચાર મુઠ્ઠીનો લોચ કર્યો. એક મુઠ્ઠી ઇન્દ્રના કહેવાથી બાકી રાખી એ સૂચવે છે કે વિશિષ્ટ લૌકિક પુરુષની ઇચ્છા અને પ્રાર્થના પણ કલ્પ હોવા છતાં તે ગૌણ કરીને સ્વીકારે છે. ભંગ નથી કરતા. આ પણ અધૌત આચાર પ્રવૃત્તિ છે.

આવા વિશિષ્ટ પરમાત્મા જૈન શાસન સિવાય થતાં નથી અને જિન-શાસનમાં પણ શ્રી તીર્થંકરનામકર્મની નિકાચના વિશિષ્ટ આદર સાથેની સાધના કરનાર જ કરે છે. બીજાઓ જન્મથી આવી વિશેષતા પામી શકતા નથી.

**આઠમું વિશેષણ આવે છે—**

## शरण्यं

કોઇપણ જરૂરિયાતવાળી વ્યક્તિ પોતાની જરુરિયાત જ્યાંથી પુરી થાય તેની પાસે એટલા કાળ માટે-એ કાર્ય માટે એની પાસે જાય, એમના કહ્યામાં એ માટે રહે. આ પોતાના કાર્ય માટે બીજાની પાસે જવું. એમના કહ્યામાં રહેવું તેને આશ્રય કહેવાય.

સંસારી જીવોને જુદી જુદી અનેક વસ્તુઓ-વિવિધ કાર્યો માટે જુદી-જુદી અનેક વ્યક્તિઓનો આશ્રય લેવો પડે છે. અને એ આશ્રય લીધા પછી પણ તે વ્યક્તિ દ્વારા કાર્ય સિદ્ધિ થાય પણ ખરી અને ન પણ થાય કારણ સામી વ્યક્તિ તે-તે કાર્યસંપન્ન કરી આપવા પરાકાષ્ટાથી પૂર્ણ નથી અને

આશ્રય લેનાર પણ પુણ્યથી પૂર્ણ ન પણ હોય તેથી આશ્રય લેવા છતાં કાર્ય-સિદ્ધિ ન પણ થાય.

સંસારી જીવોનો આશ્રય લેવાથી કામ ન પણ થાય તેમ બનતું લગભગ સાર્વત્રિક દેખાતું હોય છે. કારણ કે આશ્રય લેનારના=જેનો આશ્રય લેવો છે તેની અંતરાય કર્મ તોડવાની તાકાત-વિશિષ્ટ પુણ્ય ઉપાર્જન કરવાની તાકાત તે સંસારી જીવમાં નથી હોતી. બીજું **અનેક પ્રકારની સર્વ કાર્યોની સિદ્ધિ કરાવનાર આ સંસારમાં પ્રભુ અને પ્રભુશાસન સિવાય ક્યારે ય કોઇ થયા નથી, થતા નથી, થશે નહીં. મતલબ સંસારી જીવને પ્રભુ અને પ્રભુ-શાસનને છોડી કોઇ શરણ-આશ્રય લેવા યોગ્ય નથી.**

માટે સંસારી બધા જીવ સર્વ બાબતોમાં કાયમ અશરણ છે. ફક્ત દવાના ડોઝ લીધા પછી આવેલ સ્ફૂર્તિ-શક્તિની જેમ સંસારી જીવોમાં કેટલીક બાબતોમાં અલ્પકાલિન શક્તિ-સામર્થ્ય અને જાતમાં સહાયકતા-સશક્તતાનો ભાસ થાય છે પણ તે ઔપાધિક અને અલ્પકાલીન છે. માટે વાત્સવમાં કોઇ સંસારી જીવ કોઇપણ વાતમાં સ્થાયી-વાસ્તવિક-કાયમી શરણ નથી.

સંસારી જીવો બધી શક્તિ-ગુણો-પુણ્યો-કાર્યો માટે વિશેષરુપે શરણ રહિત અસહાય છે.

આંશિક-અલ્પકાલીન પુણ્ય અને ક્ષયોપશમમાં શક્તિ હોવા છતાં વાસ્તવિક શરણ બનતા નથી. પુદ્‌ગલમાં શરણ-અશરણતાનો પ્રશ્ન જ નથી કારણ કે એ ક્યારેય શરણ બનતું નથી. પોતે નાશવંત છે-તેની અંદર કોઇના શરણ્ય બનવાની ક્ષમતા જ નથી.

ફક્ત મોક્ષે જનાર ભવ્ય જીવો વર્તમાન અવસ્થામાં કર્મ-મોહ-દોષ અંતરાયથી અશરણ છે આ એમનું અશરણપણું ઔપાધિક છે. કારણ તે જીવો સ્વરુપથી અને કાલાંતરે વ્યક્તરુપે શરણરુપ બની શકે છે, બને છે. આવા જીવોને વર્તમાન કાલીન પોતાનું અશરણપણું સમજાય છે, દેખાય છે, અનુભવાય છે. આ પણ એક પ્રકારના દોષના-કર્મના-મોહના હ્રાસનું કાર્ય

છે. અપુનર્બંધક અવસ્થા પામેલ જીવ શરણ સ્વીકારવાની યોગ્યતા પ્રાપ્ત કરે છે કારણ કે ત્યારથી તેને (૧) પોતાનામાં અશરણપણું સમજાય છે અને (૨) એની સાથે શરણ કોણ હોય તે પણ એ જાણી-સમજી શકે છે. (૩) વ્યક્તિ અને એની આજ્ઞામાં-એના ઉપાયો-કથનમાં પ્રવર્તન માટે લાભકારિતા જણાય છે. અને કાલાંતરે એ પોતે પણ અશરણમાંથી શરણ આપનાર બને છે. પ્રારંભિક ભાવધર્મી બધા પોતાને અશરણ તરીકે અનુભવે છે અને કાલાંતરે એ બધા જ (એક પણ બાકાત નહીં) પ્રકૃષ્ટ ભાવધર્મ પામીને જગતના શરણભૂત બને છે. અપુનર્બંધકાવસ્થા પહેલાના જીવો અશરણ હોવા છતાં અશરણતા તેમને સમજાતી નથી અને બીજાને શરણ માનતા નથી-સ્વીકારતા નથી.

**મોક્ષે જવામાં-કર્મથી મુક્ત થવામાં તમામ પાપો-દોષો-દુર્ગુણોના આંશિક અને સંપૂર્ણ નાશમાં, તમામ આત્મિકગુણોના આંશિક અને સર્વાંગીણ વિકાસ પ્રાપ્તિમાં, પુન્યની પરાકાષ્ટામાં જે કારણભૂત હોય તેને સાચું શરણ-સર્વોત્કૃષ્ટ શરણ આપનાર કહેવાય. આ ક્ષમતા છે માત્ર સર્વજ્ઞ-વિતરાગ કથિત ધર્મમાં...**

જૈનધર્મ એ સર્વતોમુખી વિકાસસાધક-સર્વ દોષનાશક-સર્વગુણપ્રાપક-સર્વપાપત્રોટક અને સર્વપુણ્યઅર્પક- શાશ્વત આ એક જ તત્ત્વભૂત શરણ્ય = શરણભૂત છે. બાકીના અરિહંત-સિદ્ધ-સાધુ આ (૩) ત્રણે આના કારણે = ધર્મથી યુક્ત છે માટે જગતને શરણભૂત છે.


અર્થાત્ ધર્મ એ મુખ્ય શરણ રૂપ છે. એને સર્વાંશે પામેલા અને પ્રરુપનાર હોવાથી અરિહંત પરમાત્મા એ શરણ રુપ છે. સિદ્ધભગવંતો, સાધક જેને મેળવવા સાધના-આરાધના કરે છે તે સંપૂર્ણ આત્મસ્વરુપને પામેલ છે માટે શરણભૂત છે. આ બન્નેની ભક્તિ-ઉપાસના-જાપ-આદર દ્વારા જીવ ધર્મને સમજવામાં-પામવામાં-આરાધવામાં અને આત્મસાત્ બનવામાં યોગ્ય બને છે. અને સાધક-વિશેષ સાધક પણ શરણભૂત છે. આ ત્રણે હોવા છતાં જીવનમાં ધર્મ રૂચવો-સમજવો-આચરવો-આત્મસાત કરવો બધાને માટે અનિવાર્ય

છે કારણ આત્મ સ્વરુપની નિર્મલ સ્વભાવગત પ્રાપ્તિ ધર્મથી થાય છે.

તેથી શરણ્ય-વ્યક્તિ રુપે અરિહંત પ્રભુ, સિદ્ધભગવંત અને સાધુ પ્રધાનધર્મના પ્રધાનતયા આરાધક એ શરણ છે અને આમના દ્વારા અને કવચિત્ એમના બાહ્ય અભાવમાં પણ આત્મચિંતન અને ક્ષયોપશમ દ્વારા મરુદેવા માતાદિની જેમ કે જાતિસ્મરણથી વલ્કલચીરીની જેમ પૂર્વ આરાધિત ધર્મનું સ્મરણ અને ભાવના-વિચારણા દ્વારા સાધનારુપે શરણથી જીવ કૈવલ્ય અવસ્થા પામે છે. માટે સાક્ષાત્ કે પરંપરાએ કૈવલ્ય પ્રાપ્તિમાં કેવલીભાષિતધર્મ એ શરણભૂત છે પરંતુ પરમાત્મા એના સંપૂર્ણ સ્વરુપરુપ અને સ્થાપક-પ્રાપક હોવાથી અહીં તેમને શરણભૂત બતાવ્યા છે.

આમ જે પરમાત્મા જેવા આપણને મળ્યા છે તેવા બનવા તે સ્વરુપને પ્રાપ્ત કરવા માત્ર વિશેષતાઓને જાણીએ જ નહીં. તેઓએ જેનાથી મેળવી. જે માર્ગ બતાવ્યો તેને અનુસરવા કટિબદ્ધ થઇએ.

# ધર્મની પ્રાપ્તિ અને પાલન સુલભ નથી.



જીવને આત્મિક વિકાસ સાધવામાં ધર્મ એ આવશ્યક-અનિવાર્ય અંગ છે કારણ કે ધર્મની પ્રાપ્તિ વિના ભૌતિક કે આધ્યાત્મિક કોઇ વિકાસ સંભવિત નથી તેથી જ ધર્મબિન્દુકારે કહ્યું-

धनदो धनार्थिनां प्रोक्तः,
कामिनां सर्वकामदः ।
धर्म एव अपवर्गस्य
पारंपर्येण साधकः ।।

સિદ્ધિ-પ્રસિદ્ધિ-શુદ્ધિ, શક્તિ-ભક્તિ-મુક્તિ, આરોગ્ય-આનંદ-અપવર્ગ બધુ આપવાની બેઠી તાકાત પરમાત્મા દર્શિત ધર્મની પ્રાપ્તિ અને પાલનમાં રહેલી છે. ધર્મ ચિત્તની શુદ્ધિ-કર્મની શુદ્ધિ-દોષોની શુદ્ધિ અને છેવટે આત્મશુદ્ધિ કરાવી આપે છે. જેના દ્વારા ઇષ્ટ પ્રાપ્તિ સુલભ થાય છે. અનુભવસિદ્ધ છે કે ગંદકી-મેલ દૂર થતા બધું સુંદર-સારું બને છે.

પરંતુ જેમ નિર્ધન માણસ ઊંચી-કિંમતિ વસ્તુ મેળવી શકતો નથી.

અભાગી વ્યક્તિ ચિંતામણી રત્નને પ્રાપ્ત કરી શકતો નથી. તેમ આવો ધર્મ દરેક આત્માને સહજતાથી સંપ્રાપ્ત થતો નથી. મહામહેનતે કદાચ મેળવવામાં સફળતા મળે તો યે તેને ટકાવી રાખવામાં અનેક પ્રકારના વિઘ્નો આડા આવતા હોય છે. આ વિઘ્નોનો ક્ષય કરવામાં ન આવે તો ધર્મ ટકી ન શકે માટે કેવી અને કોની ક્રિયા ધર્મવિઘ્નનો નાશ કરે તે જોઇએ.

**अपुनर्बंधकस्यापि, या क्रिया शमसंयुता ।**
**चित्रा दर्शनभेदेन, धर्मविघ्नक्षयाय सा ॥ अध्यात्मसार**

૧) અપુનર્બંધકની પણ જે ક્રિયા શમયુક્ત હોય છે. (કરે છે) તે ક્રિયાઓ ભલે દર્શન ભેદથી (તે-તે મતના કારણે) જુદી-જુદી હોય છતાં ધર્મવિઘ્નનો નાશ કરનારી બને છે.

૨) અપુનર્બંધક પહેલાંની અવસ્થામાં ધર્મક્રિયા હોય છે પણ શમ નથી હોતો તેથી ધર્મવિઘ્નનો ક્ષય નથી થતો.

૩) અપુનર્બંધકને પણ (અહીં પણ શબ્દથી અપુનર્બંધક અને તે પછીની ઉપરની અવસ્થાઓ લેવી.) બાહ્ય સંવર-નિર્જરાના અસંખ્ય યોગોની પ્રવૃત્તિ રુપ ક્રિયા એ બાહ્યવિઘ્નક્ષયનું કારણ છે અને શમનું પણ કારણ છે.

૪) શમ એ આંતરિક ધર્મ વિઘ્નના નાશનું પ્રધાન કારણ છે અને બાહ્ય ધર્મવિઘ્નના નાશનું પણ કારણ બને છે.

૫) ક્રિયા-આશ્રવના નિરોધ (અટકાવવા) રુપ, ઘટાડવા રુપ, તેની નિંદા-ગર્હા કરવા રુપ, સંવર પ્રવૃત્તિ રુપ-સંવરની વૃદ્ધિરુપ, તેની પ્રશંસા-અનુમોદના રુપ ક્રિયાઓ તેમજ નિર્જરાના કારણભૂત ૧૨ પ્રકારના તપરુપ ક્રિયાઓ તથા તે કરનારની પ્રશંસા-અનુમોદનારુપ ક્રિયાઓ ધર્મવિઘ્નના નાશનું કારણ બને છે.

૬) જ્યારે આશ્રવ પ્રવૃત્તિ, તેમાં વૃદ્ધિ, તેની પ્રશંસા-અનુમોદના-સંવર નિર્જરાની અરુચિ-ઉપેક્ષા કે ગૌણતા એ ધર્મવિઘ્નકારક છે.

૭) શમ એટલે ૧) સંસારના કારણોમાં ચિત્તનું અપ્રધાનપણું એટલે કે સંસારના વિષયોમાં ઉત્સાહ-રુચિનો અભાવ અને મંદતા. પ્રતિકૂળતામાં

ઉદ્વેગ-ખેદ-અરુચિ વગેરેનો અભાવ કે મંદતા.

શમ એટલે વિશેષ રાગનો અભાવ, દ્વેષનો-ભયનો-જુગુપ્સાદિ લાગણીનો-વેદ વગેરેની ઉગ્રતાનો અભાવ, મોહની કોઇપણ પ્રકૃતિનો, વિચારણાનો, ઉદયની ઉગ્રતાનો અભાવ, ઉગ્રતાની યોગ્યતાનો પણ અભાવ તેનું નામ શમ. કેમકે. ઉગ્રતા એ ધર્મવિઘ્નકારક છે. ધર્મવિઘ્નનું કારણ છે. ઉગ્રતા ન હોવા છતાં ઉગ્રતાની યોગ્યતા એ પણ શમનો અભાવ છે. ઉગ્રતામાં તો શમ નથી હોતો પણ વિશેષ અપેક્ષામાં, વિશેષ મમતામાં, વિશેષ અરુચિમાં, વિશેષ રુચિમાં બાહ્યથી શાંત લાગે, ઉશ્કેરાટ ન દેખાય તો પણ ઉગ્રતાની યોગ્યતા સુષુપ્ત અવસ્થામાં રહેલી તો હોય છે. જે નિમિત્ત-પ્રસંગ મળતા જાગૃત બની બહાર દ્રષ્ટિગોચર થાય છે. જ્યાં આ સુષુપ્ત-ઢંકાયેલ યોગ્યતાનો નિરોધ સંકલ્પથી કરવામાં આવે ત્યાં શમ સ્વરુપથી પ્રગટ થાય છે.

મમ્મણે પૂર્વમાં લાડવો ભાવથી વહોરાવ્યો પણ સ્વાદ અંગે શમ ન હતો, આહાર સંજ્ઞા-લોલુપતા અંદર પડેલ હતી, નિરોધનો સંકલ્પ ન'તો તેથી ખબર પડતા ઉશ્કેરાયો અને લાડવો પાછો માંગ્યો. શાલિભદ્રે ખીર ચાખી ન હતી અને વહોરાવી પછી થાળી ચાટે છે તે વખતે સ્વાદનો રંગ (=ખાવાની ઇચ્છા) ન હતો તેથી સ્વાદનો ઉશ્કેરાટ ન થયો તો શમ સ્થિર રહ્યો. કયવન્નાને દાન આપતા મમત્વના કારણે સંપૂર્ણ દાન ન આપી શકાયું. શમની મંદતા હતી તેથી ૩ ટુકડે દાન આપ્યું અને અંતરાય બાંધ્યા. પુણ્ય પણ ટુકડે મળ્યું. અષાઢાભૂતિને લાડવા ખાવાની ઇચ્છાથી શમ ગયો અને વિઘ્ન આવ્યું. બીજા અષાઢાભૂતિને દેવ જોવાની ઉત્કંઠા થઇ અને અશ્રદ્ધા થઇ, ધર્મવિઘ્ન થયું.

માટે શમથી કુતૂહલ ન થાય, અશ્રદ્ધા ન થાય, મેળવવાની-ખાવાની ઉત્કંઠા ન થાય. દીનતા, ઉશ્કેરાટ, ઉતાવળ, વિહ્વળતા, ઉદ્વિગ્નતા આ બધું તીવ્ર ન થાય.

અપુનર્બંધકથી શમના પ્રભાવે આ બધા દોષોની ઉત્કટતા નાશ પામે છે તેથી એમને ધર્મવિઘ્નકારક કર્મ બંધાતું નથી અને ધર્મવિઘ્નનો નાશ પણ

થાય છે.

શમ જાય, અર્થાત્ આવેશ, ઉશ્કેરાટ, વિહ્વળતા, દીનતાની ઉત્કટતા આવે ત્યારે ધર્મવિઘ્નનાશ તો ન પામે, નવા ઉત્પન્ન થાય.

૨) ધર્મની પ્રવૃત્તિ-અનુષ્ઠાન-આરાધનામાં ચિત્તમાં આનંદ-પ્રસન્નતા-ઉત્સાહ હોય અને એ બધા સંસારનાં કાર્યમાં વિઘ્નભૂત ન લાગે.

૩) ધર્મમાં ચિત્તની પ્રસન્નતા-સ્થિરતા-દ્રઢતા-વારંવાર કરવાની ભાવના તે શમ.

૪) શમ એટલે શાંતતા-ઔચિત્ય-વિવેકયુક્તતા. અશમ ઔચિત્ય અને વિવેકનો નાશ કરે છે.

૫) વિઘ્ન = નિરુત્સાહ, કંટાળો, માનસીક શ્રમ-અનાવડત, અનુકૂળ સંયોગનો અભાવ, પ્રતિકૂળ સંયોગો ઇત્યાદિ.

ધર્મક્રિયાનો આદર, તેમાં રુચિ, તેની પ્રવૃત્તિ અને વિષય-કષાયોના નિગ્રહરુપ શમની હાજરી મોહ-અજ્ઞાન-અંતરાયો રુપી ભાવવિઘ્નનો નાશ કરે છે. અને પાપકર્મનો નાશ તથા પુન્યના ઉદયથી અને ઘાતિકર્મોની મંદતા કે ક્ષયોપશમથી ધર્મમાં બાહ્ય અને આંતરિક અનુકૂળતાની પ્રાપ્તિ થાય છે જેથી જીવ આગળ આગળ વધતો જાય છે.

સારાંશ-જૈનેતર દર્શનોમાં પણ કષાય-વિષયોના નિગ્રહપૂર્વક તથા કષાય-વિષયોના ત્યાગ-નિગ્રહના લક્ષ તથા આદર અને રુચિપૂર્વક એમના માનેલા ભગવાનની ભક્તિ વગેરે ક્રિયા કરે છે તેમને શમયુક્તતાના કારણે શુદ્ધ ધર્મના અંતરાયો દુર થાય છે અને ક્રમે કરીને શુદ્ધ ધર્મ પ્રાપ્ત થાય છે અને ભાવપૂર્વક વિશેષ-વિશેષ આરાધના કરે છે. **જૈનેતરોને શમ એ જૈનધર્મપ્રાપ્તિમાં કારણ છે. એમની કષાય-વિષયના ત્યાગ નિગ્રહના લક્ષવાળી ધર્મપ્રવૃત્તિ એ આંશિકપણે શમની પોષક બને છે. સંસારની પ્રવૃત્તિઓ શમની પોષક ન કહેવાય. એમાં રુચિની મંદતા-ઉદાસીનતા એ શમ પોષક બને.** જૈનધર્મના આચારો, દેવ-ગુરુ-ધર્મની ભક્તિ વગેરે વિશેષ રુપે શમને પુષ્ટ કરનારા છે એટલે પ્રબલતાથી ધર્મના વિઘ્નોના શીઘ્ર નાશક છે માટે

શક્યતા મુજબ પાપપ્રવૃત્તિ તેમજ કષાયો-વિષયોની પ્રવૃત્તિ અને વૃત્તિ ઘટાડવા પૂર્વક અને જે થઇ ગઇ કે છોડવી શક્ય ન હોય-કરવી પડે, કરાતી હોય તેમાં નિંદા-ગર્હા અને પશ્ચાત્તાપ રાખવા દ્વારા ધર્મની આરાધનામાં પ્રવર્તવું. અને ડગલે પગલે સુખમાં કે દુ:ખમાં, અનુકૂળતા કે પ્રતિકૂળતામાં સ્વસ્થતા-સમતાને પ્રધાનતા આપવી. આ શમના બળ ઉપર આગળ વધતો આત્મા છેક મુક્તિ સુધી પહોંચે છે.

**આત્મવિકાસના ઇચ્છુક આત્માઓએ જે-જે ધર્મપ્રવૃત્તિ જેટલી શક્ય હોય તેટલી કરવી જોઇએ. જે ધર્મપ્રવૃત્તિઓ સંયોગ-શક્તિ-સામગ્રી આદિ અભાવથી ન થઇ શકે ત્યાં તે-તે યોગના આરાધકો ઉપર આદર-બહુમાન રાખવા એ પણ શમનું સ્વરુપ છે. તદુપરાંત તે-તે યોગની સાધના થઇ રહી હોય ત્યારે પણ સહવર્તી બીજા આરાધકોની સહાય-ઉપબૃંહણા-પ્રશંસા-અનુમોદના કરવી એ પણ શમરુપ છે. ધર્માત્મા ઉપર પ્રમોદ અને મૈત્રી એ પણ શમનું કાર્ય છે.**

ટૂંકમાં અશુભતત્વો પ્રત્યે લાલ આંખ અને શુભતત્વો પ્રત્યે અમી નજર રુપ શમ ધર્મવિઘ્નોનો નાશ કરી પરાકાષ્ટાના ધર્મને પમાડી મુક્તિગમન કરાવે છે.



## શરણા સ્વીકાર ચાર,
## મંગલ થાયે અપાર



પૂર્વાચાર્ય કૃત પંચસૂત્રમાં તથાભવ્યત્વના પરિપાક માટે (જે પરિપાક થવાથી આંતરિક ઉત્સાહ કર્મનાશ થવાથી વિઘ્નનાશ થાય.) જે ત્રણ ઉપાયો બતાવવામાં આવ્યા...

चउसरणगमणं-दुक्कडगरिहा सुक्कडाणुमोयणं-ચાર શરણાનો **સ્વીકાર-દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદના.** આમાં સહુ પ્રથમ ઉપાયભૂત ચારના શરણનો સ્વીકાર શા માટે કરવો તે માટે તેમની મહત્તા સમજવી પડે. ચારની વિશેષતા જાણવા માટે-શરણ માટે આપણે ત્યાં પ્રચલિત ત્રણ ગાથાઓ પર વિચારણા...

જેમ જગતમાં ૧) રાજા ૨) રાજાના પિતાશ્રી ૩) પ્રજાજન ૪) રાજ્ય વ્યવસ્થા. રાજ્યના આ ચાર અંગ છે તેમ ધર્મના ૪ અંગ છે ૧) પરમાત્મા અરિહંત દેવ ૨) સિદ્ધ ભગવાન ૩) આચાર્ય ઉપાધ્યાય સાધુ ત્રણના સમૂ-

હરૂપ એક ૪) કેવલીભાષિત ધર્મ.

'આ ચાર આપણા પાપ-દુઃખ નાશક શક્તિવાળા અને નાના મોટા સર્વસુખપ્રાપક સામર્થ્યવાળા છે એવી એમના માટેની મંગળ તરીકેની આપણા દીલમાં શ્રદ્ધા-રુચિ હોવી જોઇએ.

આદરપૂર્વક સ્મરણ, પર્યુપાસના, ગુણસ્તવ, આજ્ઞાપાલન. પૂર્વ-ભૂમિકારુપે પ્રધાન આશાતના ત્યાગ-આજ્ઞા, આચારનું જ્ઞાન એ રુચિરુપે પાલ-નનો અંશ છે.

**આ ચારે ચાર વ્યક્તિગત અને સમષ્ટિગત જગતના સર્વમંગલોમાનાં શ્રેષ્ઠ મંગલ છે. આમાં જિનશાસન સર્વાંશે આવી જાય છે. આની બહાર જિનશાસનનો એકે અંશ નથી.** આ ચારમાં પ્રકૃષ્ટ મંગલની ભાવના-વિચા-રણા એ સમ્યક્ત્વની પ્રાપ્તિ અને દ્દઢતાનું કારણ છે.

આ પ્રથમ શ્લોક એક ગુણસ્તુતિ રુપે છે.

આ ચારેથી અને પ્રત્યેકથી પણ જિનનામ સુધીના પુણ્ય અને મોક્ષ-પ્રાપ્ત થાય છે. આ શ્લોકનું ભાવન, પરાવર્તન અને જાપ બધા અંતરાયોને તોડે છે, સર્વ પુણ્ય પણ મળે છે અને સમ્યક્ત્વ દ્રઢ બનાવે છે. '**तमेव सच्चं निस्सकं**'ની ભાવના, લાગણી અને અનુભવ આ ૩ શ્લોકોની ભાવના લાગ-ણીના આધાર ઉપર સંવેદનરુપ બને છે. માટે આ ધર્મની પીઠિકા છે.

મંગલની બુદ્ધિ દ્રઢ થાય તો લોકોત્તમની બુદ્ધિ આવે. સામાન્યથી તરતમભાવે લોકમાં ઉત્તમ ઘણા છે પરંતુ અહીં ઉત્તમનો અર્થ સર્વોત્તમ લેવાનો છે, તે આ ચાર છે.

આ ઉત્તમોત્તમની ભાવના, વિચારણા, જાપ, ચિંતન જીવને મંગલની જેમ આદર ઉત્પન્ન કરવામાં, સમર્પિત બનાવવામાં, આજ્ઞાપાલનને અનુકૂળ ભાવના, ઉત્સાહ, સત્ત્વ, ધૈર્ય પ્રગટાવવામાં પ્રધાન સહાયક છે. અને માટે જ આ ઉત્તમપણાનું ભાવન એ આ ચારે ઉપર અવજ્ઞા, આશાતના, ગૌણતા, ઉપેક્ષા, અરુચિ ન થવામાં સાહજિક પ્રધાન કારણ બને છે. અને એટલે એ સમ્યક્ત્વનું, ચારિત્રનું, સર્વવિઘ્નનાશનું, સર્વપુણ્યનું કારણ છે.

જે પ્રકૃષ્ટ મંગલ હોય છે તે પ્રકૃષ્ટ લોકોત્તમ હોય.

જે પ્રકૃષ્ટ લોકોત્તમ હોય તે પ્રકૃષ્ટ મંગલ હોય, આ ચારે એવા છે. આ ચારેય પ્રત્યેક તદ્-તદ્ વ્યક્તિરુપે અને અનેક વ્યક્તિઓના પદરુપે તુલ્ય સામર્થ્ય ધરાવે છે કારણ કે ચારે પરસ્પર સ્વરુપથી કાર્ય-કારણરુપે છે.

પ્રભુની=કેવલી પ્રજ્ઞપ્ત આજ્ઞા અનેક પ્રકારની હોવા છતાં તે દરેકનું પરંપર ફળ એક (મોક્ષ) છે. આદરનું ફળ, પાલનનું ફળ પણ એક (મોક્ષ) છે. તેમ વ્યતિરેક રુપે અનાદર, અવજ્ઞા, તિરસ્કાર, નિંદાનું ફળ પણ બધાનું એક (સંસાર) છે. માટે આ બીજા શ્લોકનું ભાવન પણ ભાવ અને દ્રવ્યસ-મ્યક્ત્વનો પાયો છે.

**આ ચાર શરણ લેવા લાયક છે. આ ચાર સિવાય દુનિયામાં કોઇ શરણભૂત નથી. કોઇ શરણ આપી શકનાર નથી કે શરણે આવેલનું રક્ષણ કરી શકતું નથી. મોક્ષ સુધી પહોંચાડનાર પુણ્યરુપે, ક્ષયોપશમરુપે આ ચાર સાથે રહે છે. આ ચાર સંસારની બધી જ વાતો, સંયોગો, પરિસ્થિતિઓમાં રક્ષણ આપે છે. ધૈર્ય, સત્વ, હિંમત આપે છે. પુનઃ પુનઃ વિષમતા આવતી નથી. બીજાનું શરણ, આલંબન અધ્રુવ અને આ ભવ પુરતું પણ સંપૂર્ણ વિશ્વાસ રુપે નથી. આ ચારનું શરણ મોક્ષ સુધી પૂર્ણરુપે સંપૂર્ણ વિશ્વાસ સાથે છે. ફક્ત આ ભવમાં શરુઆતમાં કોઇકને પ્રકૃષ્ટ પાપના કારણે બાહ્યથી શરણ જેવું ન દેખાય તો પણ આંતરિક ધૈર્ય-હિંમત આપીને સહ-નશક્તિ આપીને શરણ આપે છે અને પછીથી બાહ્ય-અભ્યંતર સંપૂર્ણ સહાયક બને છે.**

મોટા ભાગે તો ભાવની ઉત્કટતાથી, લાગણીની-શ્રદ્ધાની તીવ્રતાથી શરણ સ્વીકારનારને શરણ સ્વીકારતાની સાથે તરત બાહ્ય-આભ્યંતર રક્ષક બને છે. જેમ સ્વીચ ચાલુ કરતાં લાઇટ ચાલુ થાય, અંધકાર દૂર થાય તેમ આ ચારને શરણ રુપે સ્વીકારતા જ આપત્તિઓ વિલીન થાય, સુખનો પ્રકાશ પ્રાપ્ત થાય છે. જેમ મંગલપણું પણ આપણા ભાવની તીવ્રતાથી સફળ થાય છે, એમ લોકોત્તમપણું પણ આપણા ભાવથી જ ફળદ્રુપ થાય છે એમ શરણ પણ આપણા

ભાવ, લાગણીથી અને આપણી નિરાધારતાની લાગણીથી થવું જોઇએ.

આપણી પરિસ્થિતિ-અજ્ઞાન-મોહ-સંયોગ વિષમતા, બધી રીતે આપત્તિઓની શક્યતા, કર્મના વિષમ ઉદયો તેની શક્યતા, પરભવની અનિશ્ચિત અવસ્થા, રોગ, ઉપદ્રવો, હતાશા, આવેગ, આવેશ વગેરેથી આપણે જાતને રક્ષણ માટે અસમર્થ સમજીએ ત્યારે પ્રભુનું શરણ સ્વીકારવા જીવ ઉત્સાહિત થાય છે.

**જે અંશે પોતે અસહાય દેખાય અને સહાયની જરુર લાગે તે અંશે તે કાર્યમાં સમર્થનો આશરો-સહાય લેવાય.**

આ ચારે બધી રીતે આત્માનું રક્ષણ કરવા, સહાય કરવા સમર્થ છે. મરણ અને નિકાચિત કર્મના ઉદયમાં રોગ-પીડાથી ન બચાવી શકે ત્યાં મરણ સુધી આપત્તિ અને પીડામાં ધૈર્ય આપી, સમતા આપી ભવાંતર સારો આપે અને ઉત્તરોત્તર આપત્તિ રહિત અવસ્થા-ઉદિત ઉદિત અવસ્થા પ્રાપ્ત થાય. સર્વાંશે અને કાયમી દુ:ખ-આપત્તિઓથી મુક્તિ માટે, આંતરિક શક્તિઓની પ્રાપ્તિ અને પરાકાષ્ટા સુધી પહોંચવા માટે આ ચાર જ શરણ છે.

આ શરણ સુખમાં લેવાય, દુ:ખમાં લેવાય. સંકલ્પથી-ભાવથી જાતને નિરાધાર-અશરણ સમજીને એમના અનન્ય આશ્રિત બનવાનું, અશરણ બુદ્ધિ વગર સાચું શરણ લઇ શકાતું નથી. શરણ લેનારને જેનું શરણ લેવું છે તેની વ્યવસ્થિત-વાસ્તવિક ઓળખાણ હોય તો શરણ આદર ભાવથી-ઉત્સાહથી-સમજણથી સ્વીકારાય છે અને મજબુત રીતે સ્થિર પકડાઇ રહે છે. **ચત્તારિ મંગલ-ચત્તારિ લોગુત્તમા** આ બે ગાથાઓ દ્વારા ઉપાદેય તત્વરુપે, મંગળ-લોગુત્તમરુપે સ્મરણ કરાય છે તે પછી **ચત્તારિ શરણં પવજ્જામિ** આવે એટલે કે હેય-ઉપાદેયત્વનું તે-તે રુપે જેટલું સ્મરણ સ્પષ્ટ અને લાગણીયુક્ત તેટલી જ જીવને પોતાની વર્તમાન સ્થિતિનું અને શાશ્વત સ્વરુપસ્થિતિનું વાસ્તવિક-ભાન, સંવેદનયુક્ત જ્ઞાન, તેના આધાર ઉપર શરણની દ્રઢતા-વાસ્તવિકતા હોય છે. ઉપરના બે શ્લોકની ભાવના સ્મરણને દ્રઢ કરે છે અને શરણ સ્વીકારવા તૈયાર કરે છે.

આ ચારે શરણ સ્વયં અચિંત્ય શક્તિવાળા છે. આપણા સમર્પણ-ભાવ=આજ્ઞાંકિતતાના ભાવના આધારે એમની સહાય આપણને ગેબી રીતે આપણા ક્ષયોપશમ દ્વારા, આપણાં ઉત્કૃષ્ટ પુણ્યબંધ અને ઉદય દ્વારા, આપણા ભાવો દ્વારા, અંતરાય ક્ષય દ્વારા શાસનદેવ અને અન્યવ્યક્તિઓ તરફથી-સાહજિક ભક્તિથી સહાય દ્વારા શરણ મળે છે. અને આગળ વધતા આ ચારના શરણામાં રહેલ આપણે કાયમી અનેકના શરણરુપ બનીએ છીએ.

આ ચારે વ્યવહાર અને નિશ્ચયરુપ, દ્રવ્ય અને ભાવ ઉભયરુપ છે. માટે એમનામાં મંગલપણું-ઉત્તમપણું-શરણપણું દ્રવ્યમાં અને ભાવમાં, વ્યવહારમાં અને નિશ્ચયમાં ઉભયમાં રહેલું છે.

માટે चत्तारि मंगलम्....चत्तारि लोगुत्तमा...चत्तारि शरणं...આ ત્રણ ગાથા રોજ ઉપયોગપૂર્વક ૧૫ મિનીટ હાથ જોડી ભાવથી આરાધક આત્માએ બોલવી...



## કર્મ ખપાવે ચીકણા

પરમાત્માએ દાન, શીલ, તપ અને ભાવ ૪ પ્રકારનો ધર્મ બતાવ્યો દાનાદિ દરેક પોત-પોતાના સ્થાને મહ-ત્ત્વના હોવા છતાં અપેક્ષાએ તપનું સ્થાન સૌથી વિશિષ્ટ છે.

**પ્રશ્ન :** દાનાદિ કે ભાવ વિના તપની શું કિંમત ?

**સમાધાન :** ભોજન સમારં-ભમાં એકલો દૂધપાક રાખ્યો હોય, તો ચાલે ? ના ચાલે ! દાળ-ભાત-પૂરી વગેરે બધું જોઇએ. છતાં એમાં વિશિષ્ટ સ્થાન કોનું કહેવાય ! કહેવાય જ છે ને કે આજે દૂધપાકનું જમણ હતું. કારણ, પૂરી વગેરે નહીં, દૂધપાકને જોઇને જમણની કિંમત અંકાય છે, લોકોમાં પ્રશંસા-આનંદ વગેરે થાય છે. જે જોઇને લોકો રાજી થાય, એ વસ્તુનું વિશેષ સ્થાન ગણાય. એ જ રીતે જીભને પણ એ દૂધપાક વિશેષ રુચિનું કારણ બને છે. માટે એનું સ્થાન આલોકમાં વિશિષ્ટ ગણાય છે તથા પોષકતા પણ વિશેષ-રુપે હોવાથી એનું સ્થાન વિશિષ્ટ છે.

બસ, આજ રીતે દાનાદિ વિના તપ ન શોભે, છતાં તપનું વિશિષ્ટ સ્થાન છે. કારણ કે પાપ-કર્મોને માટે અમોઘ સાધનરૂપે તોડવા તપની ગણત્રી થાય છે. નિકાચિત કર્મોને તોડવા માટે ભગવાને બીજા સાધનો બતાવવાને બદલે તપ બતાવ્યો, એ એની વિશિષ્ટતા સૂચવે છે.

**તે ભવ મુક્તિ જાણે જિનવર, ત્રણ-ચઉ જ્ઞાને નિયમા ।**
**તો પણ તપ આચરણ નવિ મૂકે, અનંતગુણો તપ મહિમા ।।**

ખુદ ભગવાન સાંવત્સરિકદાન આદિ દાન દેવા દ્વારા દાનેશ્વરી હોવા છતાં, ઉત્કૃષ્ટ ચારિત્રસંપન્ન હોવાથી શીલસંપન્ન પણ હોવા છતાં, અને સતત શુભભાવોમાં જ રમખાણ રહેવા છતાં, દીક્ષાના દિવસથી કેવળજ્ઞાન સુધી વિશિષ્ટ તપધર્મ આદરે છે, અને નિર્વાણ પામતી વખતે પણ અનશન કરે છે. આમ ભગવાન પણ કર્મ ખપાવવા તપધર્મને આદરે છે. એ તપ ધર્મનું સ્થાન વિશિષ્ટ છે, એ સૂચવવા પર્યાપ્ત છે.

વળી, દુનિયામાં પાપના મુખ્ય કારણો પાંચ ઇન્દ્રિયોના વિષયો, શરીરની સુખશીલતા, એટલે કે રસગારવ અને શાતાગારવ અને આ બેના કારણે થતાં કષાયો આ પાપના કારણોમાં પ્રવૃત્તિ અટકે મુખ્ય ક્યા ધર્મથી ? દાનથી પાંચ ઇંદ્રિયોના વિષયોમાં અટકે ? શીલથી=શ્રાવકના બાર વ્રતોથી ખાવા-પીવાનું (કે જે વિષયરસ અને શરીર સુખશીલતામાં મહત્વના પરિબળ છે) તે કેટલા અટકે ? ભાવ ધર્મથી એ વિષયાદિ તરફ નફરત ઊભી કરી શકાય, પણ એ માટે એમાંથી પ્રવૃત્તિ અટકવી જરુરી છે, નહિંતર દંભ છે-**'હું નિંદુ પણ છું, અને ભોગવું પણ છું'** જેવું થાય.

તપધર્મથી જ રસગારવ અને શાતાગારવ પર સીધો હુમલો થાય છે. તેથી જ તપધર્મ કર્મવિદારણ વજ્ છે.

વળી, દાનાદિ બીજા ધર્મોમાં તપધર્મ સમાવેશ પામતો નથી. દાનધર્મમાં તપધર્મ ન આવે, શીલમાંય ન આવે. પણ તપધર્મમાં દાનાદિ ધર્મો પણ આવી જાય છે. સમાવેશ પામી જાય છે. ઉપવાસાદિથી ભોજનાદિના આરંભસમારંભ અટકવાથી એકેન્દ્રિયાદિ જીવોને અભયદાનાદિ દ્વારા દાનધર્મ

આરાધાય છે, વળી તપધર્મના ઉજમણામાં પણ સુપાત્રદાનાદિ ધર્મો આરાધાય છે. એ જ રીતે અહિંસાદિ વ્રતોનું પાલન થતું હોવાથી શીલધર્મ પણ આરાધાય છે. અને તપધર્મની શોભા જ છે શુભભાવ. આમ તપધર્મમાં ચારેય ધર્મો આરાધિત થાય છે. તેથી જ દાનાદિની જેમ સમ્યગ્દર્શનાદિ ત્રણ સાથે પણ ચોથા સ્વતંત્ર ધર્મરુપે તપપદને સ્થાન આપવામાં આવ્યું છે. **જ્ઞાન-દર્શન અને ચારિત્રધર્મને ઉજમાળ, શોભાયમાન તપધર્મ કરે છે.**

તપધર્મ જ અંતરાયભૂત કર્મોને તોડે છે. તામલીતાપસનો ૬૦ હજાર વર્ષનો છઠ્ઠના પારણે છઠ્ઠનો તપ ભલે મિથ્યાત્વનો તપ હતો. સમ્યક્ત્વીનો તપ ન હતો. જો એ સમ્યક્ત્વીનો હોત તો કહે છે કે એ તપથી સાત વખત મોક્ષ થઇ શકત. અર્થાત બધા કર્મોની વારંવાર નિર્જરા થઇ શકત. એ માટે જે તપોબળ જોઇએ, એ તપોબળ એમના તપમાં હતું. માત્ર સમ્યક્ત્વ ન હોવાથી એ તપોબળ એટલા અંશે સાર્થક નીવડ્યું નથી. છતાં આ જ તપના બળે સમ્યક્ત્વ અવરોધક કર્મો તૂટ્યાં અને પોતે મરતાં પહેલા સમ્યક્ત્વ પામી ગયા. માટે જ એ મિથ્યાત્વીનો તપ હોવા છતાં પ્રશંસાપાત્ર બની શકે છે.

**પ્રશ્ન :** આવો તીવ્ર તપ કેવી રીતે થઇ શકે ? અઘરો ન પડે ?

**સમાધાન :** અનેકવાર "ભૂખ લાગી નથી ને ખાવાનું શરું થયું નથી" એવી પાડેલી જે લત છે, એના કારણે તપ અઘરો પડે છે, પણ પછી જેમ જેમ તપ કરવાની, ખાવાનું છોડવાની પ્રેક્ટીસ કરતાં જઇએ, તેમ તેમ ખાવાની લત ભૂંસાતી જાય છે, ને તપની ટેવ પડતી જાય છે. આમ તપમાં આગળ વધતો જાય, એમ તપ અંગેના નવા-નવા રસ્તાઓ નવી નવી ક્ષિતિજો ખુલતી જાય છે. વેપારમાં આગળ વધતો યુવાન જેમ જેમ વેપાર કરતો જાય છે એમ એમ અનુભવપાઠથી ઘડાતો જાય છે, ને વેપારમાં કુશળ બનતો જાય છે, એ અહીં દ્રષ્ટાંતરુપ છે.

**પ્રશ્ન :** પણ તપ કરવાનું મન કેમ નથી થતું ?

**સમાધાન :** ખાવાથી શરીરમાં સ્ફુર્તિ આવે છે, એવો દેખીતો લાભ અનુભવાય છે, ને સામે તપ કરવાથી અશક્તિ આવે છે, એવો દેખીતો

ગેરલાભ નજરે ચઢે છે. માટે તપથી ભાગવાનું થાય છે. એની સામે ખાવામાં અનાદિના આહારસંજ્ઞાના સંસ્કાર પોષાય છે કે જીવને આસક્તિ વગેરેના તીવ્ર કર્મો બંધાવી દુર્ગતિમાં અનેકરીતે દુઃખદાયી બને છે એ ખાવાના નુકશાન દેખાતા નથી. સામા પક્ષે એ પણ નથી દેખાતું કે નિકાચિત કર્મોને પણ તોડી નાંખવાની તાકાત તપમાં છે, તો અનિકાચિત કર્મો અંગે તો પૂછવું જ શું ? જે કર્મો ભોગવતા અસંખ્ય વર્ષો નીકળી જાય, એવા કર્મો તપથી ચપટીમાં નાશ પામી જાય છે, એ દેખાય, તો તપ કરવાની ચાનક ચડે. આવો કર્મક્ષયનો જોરદાર ને તીવ્ર ઉપાય આપણને પ્રભુનું શાસન મળવાથી જ પ્રાપ્ત થયો છે. આ વિચાર હોય, તો તપમાં લાગી જવાય. બીજા યોગી-તાપસો તપ ઓછો કરે, છેવટે તો દૂધ અને ફળ તો વાપરે જ.

**પ્રશ્ન :** વિકારભાવોને દૂર કરવા માટે તપ છે ને તપમાં જ દૂધ અને ફળ વાપરે તો વિકાર વધે નહીં ? માટે તો દૂધવગેરેને વિગઇ ગણવામાં આવી છે.

**સમાધાન :** દૂધ વિકાર કરે, પણ તે નીચલી ભૂમિકામાં. ઉપલી ભૂમિકામાં આવેલાને એથી વિકાર ન થાય. ભગવાને તપના પારણા ખીરથી નથી કર્યા ? કર્યા જ છે. તો શું તેમને વિકાર થયો ? ના. દુર્બલિકા પુષ્પમિત્ર ખૂબ દુર્બળ હતા. સ્વજનોએ ગુરુ મહારાજને કહ્યું થોડો વખત અમારે ત્યાં મોકલો. અમે ઘી-દૂધ વપરાવી હુષ્ટ-પુષ્ટ કરીએ. ગુરુ ભગવંતે સમજાવ્યા કે ઘી-દૂધ વાપરવા છતાં એમનું વજન નહીં વધે, સ્વાધ્યાયમાં બધું સ્વાહા થઇ જાય છે. પણ કુટુંબીઓ માન્યા નહીં, સાધુઓની ટૂકડી સાથે દુર્બલિકા પુષ્પમિત્રને મોકલ્યા. કુટુંબીઓએ ઘણાં ઘી-દૂધ વપરાવ્યા. કશો ફરક પડ્યો નહીં. પછી ગુરુભગવંતને ભેગા થયા. ગુરુભગવંતે એમને થોડા દિવસ અભ્યાસ બંધ કરાવ્યો અને આંબેલ કરાવ્યા, છતાં વજન વધ્યું.

કહેવાની વાત એ છે કે વિગઇ વાપરવા છતાં એ સાધુને સ્વાધ્યાયના બળ પર કશી અસર થઇ નહીં. ઉત્કૃષ્ટ સ્વાધ્યાય-ધ્યાન-આરાધનામાં લાગેલાને તો દૂધ વગેરે દોષને બદલે અમૃતરુપ પણ બને છે. **જેની પાસે પુણ્ય,**

**અંતર્મુખતા, પ્રસન્નતા અને વૈરાગ્ય પાવરફુલ છે, એને દૂધ વગેરે વિકારી બનવાને બદલે સાધનામાં ઉપકારી બને છે.** જેઓ પાસે આ નથી, તેઓને દૂધ વગેરે વિગઇઓ વિકારક બને.

સહેજ પણ ફાટેલું કપડું અસ્વીકૃત બની જાય છે. ધોતિયું કે પેન્ટ સાઇડપરથી ફાટેલા હોય, બીજાને દેખાતા હોય, તો ચાલતા નથી. બહિર્મુ-ખતા-બીજાની પંચાત આ સાધનાના કપડાને ફાડનારી વસ્તુ છે. સાધનાનું સુંદર વસ્ત્ર બહિર્મુખતાના કારણે ફાટી ગયેલું કપડું બની જાય છે ! પછી એની કિંમત રહેતી નથી ! અંતર્મુખતાનો અર્થ જ છે, બહારની પંચાતમાં આવવું નહીં, સાધનાના વસ્ત્રને અખંડ રાખવું !

જેમ ફાટેલું વસ્ત્ર પહેરનારના ચહેરા પર રોનક રહેતી નથી, તેમ જે અંતર્મુખતા ગુમાવે છે, એની પ્રસન્નતા ટકતી નથી, રહેતી નથી. બહારની પંચાતમાં પડેલાને બહારનું ખરાબ જ વધુ દેખાવાનું અને તે જોઇ હૈયાબળાપો કરવાનો ! આમાં પ્રસન્નતા ક્યાંથી ટકે ?

પોતાનું કપડું સારું ન લાગે એને બીજાનું ગમે ! બીજાની ચીજ પર રાગ થાય, અંતર્મુખતા જાય, એટલે વૈરાગ્ય પણ જાય, બહારની ગણાતી ચીજો પર રાગભાવ થવા માંડે !

અને ફાટેલું કપડું નિર્ધનતાનું સૂચક છે, તેમ આ બહિર્ભાવ, અપ્રસ-ન્નતા અને પારકામાં રાગ બુદ્ધિ જીવની પુણ્યદશા પરવારી ગઇ છે, તેનું જ સૂચન કરે છે !

**પ્રશ્ન :** તો અંતર્મુખતા, પ્રસન્નતા, વૈરાગ્ય અને પુણ્ય માટે શું કરવું ?

**સમાધાન :** બસ જેની પ્રસ્તુતમાં વાત ચાલે છે, એ તપ. તપથી જ ખાવાનું ટળે, એટલે ખાવાની વાતથી માંડી જે બહિર્મુખતાની શરૂઆત થાય છે. ભક્તકથાથી જે વિકથા શરુ થાય છે, તે બંધ પડવા માંડે. **તપથી જ આમ અંતર્મુખતા અને તે દ્વારા પ્રસન્નતા અને વૈરાગ્ય આવે અને ટકે** અને તપથી જે ક્રોધ આવતો દેખાય છે, એ પ્રારંભિક ભૂમિકા માટે સમજવાનું ! એ પણ નિમિત્તો આવ્યે ક્રોધ કરવાના પડીગયેલા સ્વભાવને કારણે !

**પ્રશ્ન :** દરેક તપમાં દેવવંદન આદિ ઘણી ક્રિયાઓ કરવી પડે છે ! ન કરે તો ચાલે ?

**સમાધાન :** દેવવંદન, પૂજા, પ્રતિક્રમણ, ખમાસમણા, સાથિયા, જાપ વગેરે અનુષ્ઠાનો તપના પૂરક-સહાયક અનુષ્ઠાનો છે. જીવને તપના શુભ-ભાવમાં જોડી રાખે છે. જેમ પરિવાર વિનાનો રાજા ન શોભે, એમ તપ મહારાજા છે, એની શોભા આ અનુષ્ઠાનો કરવાથી જળવાય છે. માટે કરવા કટિબદ્ધ બનવું જોઇએ.

તપધર્મની મહત્તા એ પણ છે કે તે ચારિત્રરુપ છે. ચારિત્ર એટલે ? સંસારની પ્રવૃત્તિઓને બ્રેક. ઉપવાસ હોય, તો સવારથી જે ખાવાની પ્રવૃત્તિ ચાલતી હતી, તેને બ્રેક લાગે. વળી સહજ રીતે પ્રતિક્રમણ-પૂજા વગેરે કર-વાનું મન થાય. તેથી લગભગ સવારના અગિયાર-બાર વાગ્યા સુધી તો એ જ બધું ચાલતું રહેવાથી એટલો સમય સહજ સંસારની પ્રવૃત્તિને બ્રેક લાગેલી રહેવાની ! વળી શારીરિક સ્ફુર્તિ પણ ઓછી રહેવાથી ખોટી દોડધામ કરવાનું મન ન થવાથી પણ ઘણી ખોટી પ્રવૃત્તિઓ અટકી જાય.

તપધર્મ આત્માના દર્શનાદિ ગુણોનો પોષક છે.

તપધર્મ એટલે જ કષ્ટધર્મ ! ભૂખ વગેરે સહન કરવાનો ધર્મ ! આ કષ્ટધર્મથી આત્મા ટેવાય પછી પ્રતિકૂળ સંજોગો વગેરે આવવા પર પણ દીન-હીન ન થવાથી પોતાની શ્રદ્ધા વગેરેને ટકાવી શકે છે આમ તપ દર્શનાદિ ગુણોને વિકસાવે છે.

**પ્રશ્ન :** તપથી નિકાચિત કર્મો નાશ પામે એમ કેવી રીતે કહેવાય ?

**સમાધાન :** તીવ્ર ભાવે કરેલા પાપોની જ્યારે આલોચના લેવાય છે. ત્યારે પ્રાયશ્ચિતરુપે ઉપવાસાદિ તપ અપાય છે. પ્રાયશ્ચિત એ અભ્યંતર તપ છે. ને ઉપવાસાદિ બાહ્ય તપ. આ બંનેના બળ પર ઘણા ભયંકર પાપીઓએ તીવ્ર ભાવે કરેલા હોવાથી નિકાચિત થયેલા પાપોને પણ ધોઇ નાખી, એ જ ભવમાં મુક્તિ મેળવી લીધી. આમ તપથી નિકાચિત કર્મો પણ નાશ પામે છે. તેથી જ પ્રાયશ્ચિતમાં પ્રધાનતાએ ઉપવાસાદિ અપાય છે. એ શક્ય ન બને,

ત્યારે જ બીજા પ્રાયશ્ચિત અપાય છે.

**પ્રશ્ન** : તપને બદલે દાન કરીએ, તો ચાલે ?

**સમાધાન** : ન ચાલે, ઉપવાસનું પૈસાથી મૂલ્ય કેટલું થાય ? શું ઉપવાસનું રૂ. થી મૂલ્ય આંકી શકાય ખરું ? ન આંકી શકાય. તેથી તપના સ્થાને દાન કરવાથી ન ચાલે.

**પ્રશ્ન** : તપથી નિર્જરા કેવી રીતે થાય ?

**સમાધાન** : આત્મા કર્મ સાથે અને શરીર સાથે દૂધ-પાણીની જેમ સંકળાયેલો છે. મલથી એકમેક થયેલા સોનાને શુદ્ધ કરવા અગ્નિમાં તપાવવો પડે છે. એમ કર્મથી એકમેક થયેલા આત્માને શુદ્ધ કરવા તપથી તપાવવો પડે છે. તપથી શરીર-સાતેય ધાતુ તપે છે. તે વખતે એ સાથે જોડાયેલા આત્મ પ્રદેશો પણ તપે છે. તેથી વળગેલા કર્મ-દુર્ગુણો દુર થાય છે. જેમ કપડાને નીચોવવાથી એમાંથી પાણી નીકળી જાય છે, એમ શરીરને અને તે દ્વારા આત્માને નીચોવવાથી કર્મ જળ દૂર વહી જાય છે.

તપની એ પણ વિશિષ્ટતા છે, કે તપસ્યા સત્ત્વ વિના થતી નથી. અને તપસ્યા કરતાં કરતાં જીવનું સત્ત્વ ખીલતું જાય છે. આ સત્ત્વ ખીલવાથી પછી ઇંદ્રિયો અને મન નિયંત્રણમાં આવે છે, ને બહારના આકર્ષક વિષયોથી લલચાઇ જતો નથી. તામલી તાપસ ઉગ્ર તપસ્વી હતા, માટે જ હાસા-પ્રહાસા જેવી દેવીઓએ આકર્ષવા માટે જાત જાતના નખરા કર્યા છતાં તે લલચાયા નહીં. અને નિદાન કર્યું નહીં. આમ માંગ્યું નહીં, તો બીજા દેવલોકના ઇંદ્ર બન્યા. જો દેવીઓમાં લલચાઇને નિયાણું કર્યું હોત, તો ભવનપતિ નિકાયના સામાન્ય કોટિના દેવ બનત.

વળી, ઉગ્ર કોટિના પાપોનું પણ જો પ્રાયશ્ચિત લઇ લેવામાં આવે, તો એના ફળથી બચી જવાય છે.

અમે સંવત ૨૦૧૨ના પૂજ્યપાદ પરમગુરુ દેવ, પૂજ્યપાદ ગુરુદેવશ્રી વગેરેની નિશ્રામાં પૂના સોનારની ધર્મશાળામાં ચોમાસુ રહ્યા હતા. આ ધર્મ-શાળાની સામે ઓટલા પર ચાર-પાંચ યુવાનો ગપ્પા મારતાં બેઠા હતા.

એક સાધુ મહારાજ માત્રુ પરઠવા રસ્તા પર આવ્યા. ત્યારે આ જુવાનિયાઓએ મશ્કરી કરવા માંડી. આવે વખતે સમજાવવાની શક્તિ ન હોય, તો આંખ-આડા કાન કરી પાછા જતું રહેવું. પણ જો સમજાવવાની શક્તિ હોય, તો એ લોકો પાપથી ડૂબી ન જાય, એવી કરુણાથી સમજાવવા જવું ! પછી તેઓ પોતાની અયોગ્યતાથી ન સમજે, તો ભવિતવ્યતા અયોગ્યતાપર વાત છોડી દેવાની !

આ સાધુ મહારાજે જુવાનોને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ આ તો ઉલ્લંઠ હતા. સમજવાને બદલે ઉલ્ટી મશ્કરીઓ વધુ જોરથી કરવા માંડ્યા. યોગ્યતા નથી, સમજી મહારાજ પાછા ફર્યા. પણ બીજા જ દિવસે એક મુખ્ય જુવાન હાર્ટ-ફેઇલથી મરી ગયો. આ શું સૂચવે છે ! ઉગ્ર પાપનું ફળ શીઘ્ર મળે છે. પ્રભુ વીર પર તેજો લેશ્યા ફેંકવાનું ઉગ્ર પાપ ગોશાળાએ કર્યું. માત્ર સાત દિવસમાં જ એ જ લેશ્યાથી મરવાનું થયું ! આમ **ઉગ્ર પાપ જલ્દી ફળે છે. એ ફળે એ પહેલા જો પ્રાયશ્ચિતાદિ કરી લેવાય, તો એના ઉગ્ર ફળથી બચી જવાય છે.** અર્જૂનમાળી-દ્રઢપ્રહારી જેવાઓએ ઉગ્ર પાપ કર્યા હતા. તીવ્ર અશુભભાવે કર્યા હતા. નિકાચિત રસવાળા ગણાય એવા પાપ કર્યા હતા. પણ એ બધાએ પશ્ચાતાપ કર્યો, ચારિત્ર લઇ પ્રાયશ્ચિત કર્યું. પણ એકલા ચારિત્રથી ન ચાલે. તીવ્ર પાપથી ભરેલા આત્મામાંથી એ પાપ કાઢવા હોય, તો આત્માને તીવ્ર રીતે તપાવવો પડે ! એ બધાએ તીવ્ર તપ કર્યા. એના પ્રભાવે શુદ્ધ થયા. તમે જોશો તો મહાપુરુષોના ચરિત્રોમાં જોવા મળે છે કે તેઓની આરાધનામાં પ્રધાનતા તપની જ બતાવી હોય છે.

આમ તપથી જ સમ્યક્ત્વ, સમતા, વિવેક, અંતર્મુખતા વગેરે ગુણો મળે-વિકસે !

ચારિત્રમાં આવતા અંતરાય પણ કોણ તોડે ? જંબૂસ્વામીએ ભવદેવના ભવમાં નાગિલાને યાદ કરતાં કરતાં ૧૨ વર્ષ સુધી દ્રવ્ય ચારિત્ર પાળ્યું. ચારિત્રના વેશમાં રહેવા છતાં અંદરથી ચારિત્ર સ્પર્શ્યું નહોતું. તેથી ચારિત્રમાં અંતરાયભૂત કર્મો બંધાયા. પછી નાગિલા દ્વારા પ્રતિબોધ થયા પછી

સાચા ભાવથી ચારિત્ર પાળ્યું. પણ પછીના ભવમાં ચારિત્રની તીવ્ર ઇચ્છા થતા માતા-પિતાની રજા ન મળવા પર ભાવથી ચારિત્રમાં આવી છઠ્ઠના પારણે છઠ્ઠ અને પારણે આંબેલનો તપ શરુ કર્યો. આ તપના પ્રભાવે જ જંબૂસ્વામીના ભવમાં યુવાવયે સુધર્માસ્વામીની એક દેશના પર જવલંત વૈરાગ્ય પ્રગટ થયો. માતાપિતાની અને પત્નીઓ વગેરેની સહેલાયથી રજા મળી રહે એમ નહીં, સાથ મળ્યો અને ગુરુ તરીકે સુધર્માસ્વામી જેવા ગણધર મળ્યા.

તપથી આત્મા નિવૃત્તિની નિકટ આવે છે. તપ ચાલતો હોય તો એના પ્રભાવે બીજી પ્રવૃત્તિઓમાં નિરસતા વધતી જાય, શાંતિનો અનુભવ થવા માંડે પરિણામે જીવ પ્રવૃત્તિઓ ઘટાડતો જાય અને આરાધના વધારતો જાય.

**પ્રશ્ન :** તપથી શરીરની શુદ્ધિ થાય ?

**સમાધાન :** તપ જ જૂના મળને દૂર કરે છે. વૈદો પણ કહે છે, અજીર્ણ અને કબજિયાતમાં ઉપવાસ કરવાથી મળનો નિકાલ થાય છે. જે તપ શરીરનો મળ દૂર કરી શકે, એ તપ લોકોત્તર પ્રભુએ બતાવ્યો હોવાથી શું લોકોત્તર કર્મમળ વગેરેને દૂર ન કરી શકે ? અવશ્ય કરે. તપ કરતી વખતે સંસારનું ક્યું પાપ ઉભું રહે ? અજ્ઞાની માણસ મનથી મમતા રાખી પાપ કરે એ વાત જવા દો. પણ તમામ પાપ માટે જોઇતી શક્તિના આધાર સમા આહારને અટકાવી દીધા પછી ખરેખર તો કોઇ પાપ ઊભું રહે નહીં. તેથી તો તપ એ પાપના જંગલોને બાળતો દાવાનળ છે. જેમાં પાપ ખાખ થવાથી દાન-શીલ-ચારિત્ર વગેરેના અંતરાયો દૂર થઇ જાય છે.

**પ્રશ્ન :** તપનો મહિમા આપણે ત્યાં જ કેમ આટલો બધો છે ? બીજા ધર્મોમાં એટલો દેખાતો નથી.

**સમાધાન :** રાજામાં હોય, તે પ્રજામાં આવે. એમ દેવ-ગુરુમાં હોય, તે ભક્ત-અનુયાયીમાં આવે. શ્રાવકોને ઉગ્ર તપના આરાધક અને પ્રરુપક દેવ-ગુરુ મળ્યા છે, માટે તપની જાહોજલાલી છે. બીજા અનુયાયીઓને તપ કરનારા દેવ ગુરુ મળ્યા નથી. પોતાના ઇષ્ટ દેવ-ગુરુમાં જે હોય, તે તરફ અનુયાયી આકર્ષિત થાય, જે ન હોય તે તરફ અનુયાયી આકર્ષાતો નથી.

મૂળ વાત એ છે કે દેવ-ગુરુમાં જે દેખાય, તે તરફ અનુયાયી આકર્ષિત થાય, અને જે ન દેખાય તેનાથી એ પણ વિમુખ થાય. તેથી અન્ય ધર્મોમાં ન દેખાતો તપ જૈનધર્મમાં વ્યાપકપણે દેખાય છે. **તપ એન્જિન છે, તપ આવે, એટલે એની પાછળ પૂજા, પ્રતિક્રમણ, દાન, બ્રહ્મચર્ય, પારણે વસ્તુત્યાગ વગેરે અનેકાનેક ધર્મો ખેંચાઇને આવે, તપ આત્માને એ બધા ધર્મો માટે ચાનક ચડાવે છે.** તપ ન હોય, તો પછી બીજા ધર્મોમાં પણ પોલં પોલ ચાલવા માંડે. દેખાય છે કે ચૈત્રી ઓળીમાં ઓળી કરનાર તપ કરે છે. પણ જેઓ તપ નથી કરતાં, તેઓ શું કરે છે ? કમ સે કમ લીલું શાક ત્યાગ, રાત્રિ ભોજન ત્યાગ કરીએ, એવું બને ? કે તપ નથી કરતાં માટે બધું ચાલે ! તપ ગયો એટલે આત્માને આગળ વધવાની જે ચાનક જોઇએ એ પણ જાય.

માટે દાનાદિ ધર્મો કે જ્ઞાનાદિ ગુણોને પુષ્ટ કરવા, શરીર અને આત્માને શુદ્ધ બનાવવા અરિહંત પ્રભુએ આચરેલ અને ઉપદેશેલ તપની અંદર યથાશક્તિ (થોડું ખેંચીને પણ) ઉદ્યમ કરવો જોઇએ.



## રાખીએ જીવન સમાધિ

રોગ, ઘડપણ આપત્તિ અને અંતકાળ-કશું આપણી જાણમાં પણ નથી અને આપણા હાથમાં પણ નથી. સંસારી જીવો બધા વિશેષમાં મનુષ્યો અને તિર્યંચો નિરાધાર, અશરણ રીતે કાળ પસાર કરી રહ્યા છે. બાહ્ય જે આધાર, આલંબન અર્થ-શરીર-શક્તિ પરિવાર-બુદ્ધિ વગેરે છે તે ક્યારે કઇ રીતે નાશ પામે, કશું કહી શકાય તેમ નથી. માટે ગુણોની ઉપર = ક્ષમા, સરળતા, નમ્રતા, વૈરાગ્ય, ત્યાગ, નિર્લો-ભતા, પ્રભુમાર્ગ પર, આરાધકો પર, આચાર પર આદર, ઉપબૃંહણા, પ્રશંસા, પ્રેરણા, શક્ય સહાય કરવી, સમજણ આપવી, જાતે અપ્રમત્તતા કેળવવી, શક્ય પુરુષાર્થ કરવો વગેરે જે ખરેખર આત્માને આલંબન છે. પાપને, દુઃખને, આપ-ત્તિને અટકાવવા અને કર્મના ઉદયને રોકવા માટે અને ન રોકાય તો સમાધિ, સમતા આપીને સદ્ગતિની પરંપરા આપવા ઉપરની વાતો સમર્થ છે.

ગુણો, સદ્ભાવનાઓ અને

**સદાચારો એ જીવનમાં સાધુઓએ કે ગૃહસ્થોએ-શ્રાવકોએ યથાશક્ય આત્મસાત્ કરવા જોઇએ.** એ માટે આ ત્રણનો અભ્યાસ કરવો, ઉપસ્થિતિ રાખવી અને અનુશીલન દ્વારા આત્મસાત્ કરવી જેનાથી એ ત્રણે વાતો આગળ પણ પ્રાપ્ત થાય. ગુણો અને ભાવનાઓ દેવલોકમાં પણ સાથે આવે છે. આચારો રુચિ રુપે અને અનાચાર ઉપર અરુચિ પણ સાથે રહે છે. માટે બધાએ મરણને આંખ સામે રાખીને આ ભવમાં ક્યાંય અકળાવા જેવું, વ્યાક્ષિપ્ત થવા જેવું નથી. સતત વૈરાગ્યમય, નિર્વેદમય બની સત્ત્વથી આરાધના કરવાની છે. તો જ ધીમે ધીમે કર્મની પરવશતા ઘટતી જશે. પુણ્ય, ધર્મ અને આત્માની સ્વાધીનતા મળશે. ગુણો-સદ્ભાવનાઓ-સદાચારો આ ત્રિપુટીને મેળવવા કષ્ટો આવે સહન કરવું પડે પરંતુ તે વખતે નિર્બળ-માયકાંગલા બની અટકી જવાને કે પીછેહઠ કરવાને બદલે અનંત કાળમાં અકામનિર્જરાથી કેટલું સહન કર્યું છે તે માટે

**જીવનમાં નીચેની બાબતોનો વિચાર કરવો.**

૧. હાથી, ઉંટ, બળદ, ઘોડા, ગધેડા વગેરે તિર્યંચના ભવોમાં કર્મની પરાધીનતાથી મજૂરી ઓછી નથી કરી.

૨. મનુષ્યભવમાં મજૂર, નોકર, દરિદ્ર થઇને મહેનત, ટોણા-ટપકા-અપશબ્દો જિંદગીભર સહન કર્યા છે.

૩. રોગી અવસ્થામાં પરાધીનપણે ઘણું સહન કર્યું છે.

૪. નારકીના ભવમાં દુઃખનો અને પરમાધામીના અપશબ્દનો હિસાબ ન હતો.

૪) દેવના ભવમાં કિલ્બિષિક, આભિયોગિક દેવમાં ઘણું સહન કર્યું છે.

માટે આ ભવમાં વડીલોની બને તેટલી સેવા કરવી-પ્રશંસા કરવી અને ઠપકા, અપશબ્દો વગેરે ઘીની નાળની જેમ પી જવા.

આ મુદ્રાલેખ રાખીને શરીર ન ચાલે તો (થોડું ખેંચીને) પણ પરાણે

સેવા કરાય, સહાય કરાય તો આ ભવમાં ઉન્નતિ દેખાય આ ભવની પરિસ્થિતિ કદાચ ન પણ સુધરે તો પણ બહુધા ભવાંતરથી મોક્ષે જાવ ત્યાં સુધી બધી રીતે સૌભાગ્ય-આદેય વગેરે અને આરાધના મળે.

કૃષ્ણ વાસુદેવના પિતા વસુદેવે પૂર્વભવમાં આવું ઘણું સહન કર્યું હતું. તેથી બધા જ સાધુઓને ભગવાન જેવા આદરથી જોવા, સ્વીકારવા અને ભક્તિ-પ્રેમ-વાત્સલ્ય રાખવું. જાત માટે આ ભવમાં મીઠા શબ્દ, પ્રેમ, સહાયની અપેક્ષા પણ મનમાંથી કાઢી નાખવી અને એકત્વભાવના વિચા-રવી.

ભાવધર્મના કારણભૂત ધર્મી પર પ્રમોદ, સહાયકતા, સેવા ભાવના પણ વિચારવી-ધર્મ એક શરણ છે માટે દીનતા છોડીને સેવા તત્પર બનીને આલોક માટે સમર્પિત અને શક્ય પગભર બનવું. પરલોક માટે સમતા, ક્ષમા, સહિષ્ણુતા વગેરે કેળવવા.

**સંસાર જેમ ભયાનક છે તેમ આપણા હૃદયનો સંસાર પણ એથી વધારે ભયાનક છે. આપણું હૃદય સુધરે એટલે ઉપસર્ગમાં પણ કેવળજ્ઞાન સુધી પહોંચાય.** દુઃખમાં પણ અનુત્તર સુધી જવાય. સમતા એ બધા તાપનો, ક્લેશનો, આવેશનો સેકંડમાં નાશ કરે છે. **આપણે વાતાવરણને ન સુધારી શકીએ પણ જાતને તો અવશ્ય સુધારી શકાય. સ્નેહથી બીજાની જેટલી સેવા-કામ થાય છે તેટલા ધર્મથી સમતા કેળવવા માટે જો જીવ વિચારે અને કરે તો અહીંયા જ જીવતાં સ્વર્ગ અને મોક્ષ અનુભવાય.** આનું નામ ઔચિત્ય છે. દ્વેષવાળા ઉપર પણ પ્રેમ વરસાવવો એ ધર્મનો પાયો છે. માટે **જો ભવાંતરમાં દુર્લભબોધિ ન થવું હોય-વહેલા મોક્ષે જવું હોય તો મન અને પ્રવૃત્તિ ઉદાર- સહનશીલ અને સહાનુભૂતિવાળી બનાવવી.**

**મનુષ્યભવ થોડા દુઃખમાં સમાધિ અને સદ્ધ્યાનના બળે ઘણા અને સર્વકર્મ ખપાવવાનું પણ સાધન છે.** કારણ કે નારક-તિર્યંચમાં ઘણા દુઃખથી પણ થોડા કર્મ ખપે. માટે દુઃખ એ ધર્મ કમાવવાનો, આત્માને ઊંચો લાવ-વાનો અવસર-મોસમ છે. આપણા મેતારજ મુનિ-ખંધકઋષિ-ગજસુકુમાલ


વિ. મહાપુરુષોએ મરણાંત કષ્ટમાં પણ વ્યક્તિ કે પરિસ્થિતિને દોષ ન આપતા આવેલ દુઃખને દુઃખના કારણભૂત કર્મને ખપાવવામાં સહાયક માની સમાધિ રાખી હતી.

**જેમ મરણમાં સમાધિ રહે તેવી પરમાત્મા પાસે માંગણી કરીએ છીએ તેમ જીવનમાં પણ, દુઃખમાં પણ સમાધિ રહેવી જરુરી છે. મોટે ભાગે એમ જ બનતું હોય છે કે જેણે જીવનકાળમાં સમાધિ રાખી હોય. થોડું સહન કરવાની ટેવ પાડી હોય તેને જ મરણ સમાધિ સુલભ બને છે.**

તેવી જ રીતે સુખમાં છકી જવું, લેપાઇ જવું તે પણ અસમાધિ છે. ત્યાં વૈરાગ્ય અને ઉદાસીનતા કેળવવા.

દુઃખમાં દીન કે સુખમાં લીન ન બનતા બન્નેમાં ઉદાસીન બનવું. સમાધિસ્થ રહેવું આનાથી મોહનીય કર્મનો ક્ષયોપશમ થાય છે. વધે છે.

# પાપના પંચ પ્રકાર



ચાર ગતિ રુપ સંસારમાં પરિભ્રમણ કરતાં આત્માઓ મન-વચન-કાયાથી આભોગ=ઉપયોગપૂર્વક કે અનાભોગથી=ઉપયોગ વિના કર્મબંધ કરતા રહે છે.

આપણે ત્યાં સમકિતી અને મિથ્યાત્વીના કર્મબંધમાં આભ ગાભ જેટલું અંતર બતાવ્યું. પાપસ્થાનકો એ જ હોવા છતાં અવસ્થાભેદે કર્મબંધભેદ પડી જતો હોય છે.

મિથ્યાત્વના પાંચ ભેદ પ્રચલિત છે પહેલા તેને સમજીએ પછી એ પાંચ ભેદમાં પાપકર્મની સાનુબંધિતા-નિકાચિતતા ક્યાં હોય તે જોઇશું.

મિથ્યાત્વના પાંચ ભેદ બતાવ્યા છે...આભિગ્રહિક-અનાભિગ્રહિક-અનાભોગિક-અભિનિવેશિક અને સાંશયિક...

**૧) સાંશયિક :** શ્રી જિનવચનમાં શંકા થાય કે "પ્રભુના વચનમાં જે કહેલ છે પણ તે આમ છે કે આમ ?" આ શંકા સમકિત પામીને-

પ્રભુવચન જાણીને-શ્રદ્ધા કર્યા બાદ થાય છે. તેથી તે **ચરમપુદ્‌ગલપરાવર્તમાં પતિત સમ્યક્‌ત્વીને જ હોય.**

**પ્રભુ ભાષિત કોઇપણ એક વાતમાં ઉભયરીતની વિચારણા-કે આ કહ્યું છે તે એમ જ હશે કે ઉલટું હશે તે સંશય કહેવાય.** પ્રભુએ કહેલ વાત અને પોતાના મનમાં જાતે કે બીજા દ્વારા બેસતી વાત બન્ને બાજુ અનિર્ણય રુપે જે વિચારણા તે સંદેહ પ્રભુના વચનમાં થયો તેથી તેવા પરિણામને સાંશયિક મિથ્યાત્વ કહેવાય.

**૨) અભિનિવેશિક :** હવે **''આ બે પક્ષમાં પ્રભુની વાત-પ્રભુનું વચન-બરાબર નથી. બીજાએ કહેલ કે મારા મગજમાં બુદ્ધિમાં બેઠેલ વાત જ-બરાબર છે'' આવો મનનો જે દ્રઢ નિશ્ચય તેને અભિનિવેશિક મિથ્યાત્વ** કહેવાય. જેમ કે જમાલીએ કહ્યું હતું 'બાકી બધી વાતમાં પ્રભુ સાચા, આ વાતમાં ખોટા. કેમ કે જે સંથારો હજુ પૂરો પથરાયો નથી તેને પથરાઇ ગયો છે તેમ કેવી રીતે કહેવાય ? મારા મગજમાં બેસતું નથી મારે પ્રભુ ભૂલ્યા, આ જે પોતાની વાતની પક્કડ આવી તે આભિનિવેશિક...**આ પણ સમકિત પામીને વમેલા જીવને હોય તેથી એ પણ ચરમાવર્તમાં હોય.**

**૩) અનાભિગ્રહીક : જે જીવ સમકિત પામ્યો નથી કે પામીને બીજા કોઇ કારણસર પડી ગયો છે કે જે બીજા દર્શનને બિનકક્કરપણે માનવા છતાં કદાગ્રહ-પક્કડ રહિત હોવાથી મિથ્યાત્વની મંદતાવાળો છે, સમજી શકે તેવો પ્રજ્ઞાપનીય છે તેવાને અનાભિગ્રહિક મિથ્યાત્વી કહેવાય. આવા જીવો ચરમાવર્તમાં અને બહુધા અપુનર્બંધકદશાથી મળે છે.** મિથ્યાત્વની પક્કડ જેમને નથી. આ જીવો કષાય-વિષયોની પણ આપેક્ષિક મંદતાવાળા હોય છે. આ બન્ને કારણથી ફરીથી અલ્પકાળમાં સમકિત પામવાની યોગ્યતાવાળા હોય અને ક્યારેક પામીને નીચે ઉતરેલ હોય છે. આવા જીવને અનાભિગ્રહિક મિથ્યાત્વી કહેવાય. અહીં કદાગ્રહ-પક્કડ કે વિષય-કષાયોની તીવ્રતા નથી હોતી એનું કારણ આત્માની આંશિક નિર્મળતા છે. આ મિથ્યાત્વની મંદતા સમકિત પામવામાં અનુકુળ બની રહે છે.

**૪) આભિગ્રહિક : જે વિષય-કષાયની ગાંઠ-પક્કડવાળો હોય, જે**

**અન્ય દર્શનની પણ ગાંઠ-પક્કડ કરનાર હોય તેને ભારપૂર્વક પોતાના ધર્મના કદાગ્રહ-પક્કડ હોય, અને પક્કડ તથા પ્રજ્ઞાપનીયતાને મેળ ન હોવાથી આ જીવો અપ્રજ્ઞાપનીય હોય છે તેવાને આભિગ્રહિક મિથ્યાત્વી કહેવાય.** સંજ્ઞિ જીવ-મનવાળાને સમજણશક્તિવાળાને પણ વિપરિત પક્કડ-વાળાને આ મિથ્યાત્વ હોય છે.

**૫) અનાભોગિક : જે અસંજ્ઞી છે, જે વિશેષ જ્ઞાન વિનાના છે, જે અન્ય દર્શન પામેલા નથી એવા સંજ્ઞી જીવો પણ અનાભોગિક મિથ્યાત્વ-વાળા છે.** એને મિથ્યાત્વ રુપે વિશેષજ્ઞાન-પક્કડ નથી અને સમ્યક્ત્વ રુપે પણ પક્કડ નથી તેવા ચારેગતિવાળા સંજ્ઞી અને અસંજ્ઞિને પણ આ મિથ્યાત્વ હોય છે.

અહીં કદાગ્રહ-પક્કડ નથી તેનું કારણ અજ્ઞાન છે. તેથી જો મિથ્યા-દર્શન વગેરેનું જ્ઞાન થાય તો કદાગ્રહની ભૂમિકા હોવાથી પક્કડ થઇ શકે અને આભિગ્રહિક મિથ્યાત્વી બની શકે છે.

વળી અનાભોગિક મિથ્યાત્વમાં વિષય-કષાયની મંદતા પરિસ્થિતિ-અવસ્થાવશ હોય છે. યુગલિક-ગ્રૈવેયકાદિમાં શાતાના ઉદય પ્રયુક્ત રાગા-દિની મંદતા હોવા છતાં આત્મામાં રાગાદિ દોષોની યોગ્યતા તો રહેલી જ હોય છે, તે જ રીતે કદાગ્રહની યોગ્યતા તો હોય જ છે પણ ત્યારે વ્યક્ત થતી નથી.

**આ પાંચેમાંથી અચરમાવર્તમાં આભિગ્રહિક અને અનાભોગિક બે મિથ્યાત્વ હોય છે. જ્યારે ચરમાવર્તમાં પાંચે હોઇ શકે છે.**

માત્ર મિથ્યાત્વ જ નહીં બાકીના ૧૭ પાપસ્થાનો પણ આ પાંચ પ્રકારના જાણવા.

હવે પાપોની સાનુબંધિતા અને નિકાચિતતા ક્યાં હોય તે જોઇએ...

**૧) પાપની આભિગ્રહિક અને આભિનિવેશિક (એકદમ પક્કડ-વાળી) વૃત્તિથી પાપ કર્મ સાનુબંધ અને નિકાચિત થાય.** કેમકે આ બન્ને વૃત્તિઓ ગાઢ મિથ્યાત્વ અને તીવ્રકષાયની યોગ્યતાવાળી અવસ્થામાં હોય. મતલબ ભાવસમ્યક્ત્વ અવસ્થામાં ન હોય તેમ તાત્વિક અપુનર્બંધક અવ-સ્થામાં પણ નહીં. એટલે કે આ બે ભાવ અવસ્થામાં એક પણ પાપકર્મ

નિકાચિત કે સાનુબંધ ન થાય. સમ્યક્ત્વ પૂર્વે પાપકર્મની અતિઅલ્પ નિકાચિતતા કે સાનુબંધિતા હોય તે વાત જુદી.

આભિગ્રહિક અને આભિનિવેશિક અવસ્થામાં શું તફાવત ?

આ બન્ને ભારે પક્કડવાળી અવસ્થા છે તેમાં ગુણને પામ્યા વગર, ગુણના સ્વરુપને જાણ્યા-અનુભવ્યા વગર દોષની પક્કડ કરે તે આભિગ્રહિક કહેવાય. અભિ=ચારે બાજુથી ગ્રહ=ગ્રહણ કરનાર, પકડનાર. આવી વ્યક્તિ અપ્રજ્ઞાપનીય હોવાથી તેને સત્ય તત્વ સમજાવી ન શકાય.

અભિ=સન્મુખ નિવેશ=સામેથી આવી બેસવું-પકડવું. એટલે કે અભિનિવેશવાળી વ્યક્તિ જે વાત પકડે છે તે પહેલા એનાથી વિપરીતને પકડેલી છે તે છોડીને આ વાત પકડે છે અને પક્કડની વૃત્તિ=વલણવાળો થાય છે. ગુણમાંથી દોષની પક્કડ થાય તે અભિનિવેશ કહેવાય. પણ આ બન્ને કદાગ્રહી હોય છે. તેથી પાપકર્મ સાનુબંધ-નિકાચિત બાંધે છે.

જે જીવ પાપસ્થાન, પાપવર્તન અને પાપવચનમાં વિશેષ રુપે આનંદ માનનાર અને તેની પ્રશંસા કરનાર હોય, તે જ રીતે ધર્મક્ષેત્રરુપ પુણ્યસ્થાનોમાં, પુણ્યના કારણ રુપ ધાર્મિકવર્તન અને વચનમાં અરુચિ જ નહીં પણ અનાદરવાળો અને એની નિંદા-અવજ્ઞા કરનાર હોય તે પાપકર્મ તીવ્ર બાંધે-સાનુબંધ બાંધે-નિકાચિત બાંધે છે. આ વાત અઢારે પાપસ્થાનક માટે જાણવી.

૨) અનાભિગ્રહીક અને સાંશયિક આ બે અવસ્થામાં મંદકોટિના પાપ હોય છે. આમાં પક્કડ ન હોય એટલે પાપમાં અચલ-દ્રઢ-પરમાર્થ બુદ્ધિ ન હોય તેથી પાપ વર્તન-વચનમાં આનંદ-આદર-પક્કડ દ્રઢ ન હોય, તે જ રીતે એના વિપક્ષમાં પણ અનાદર-અવજ્ઞા-તિરસ્કાર-અરુચિ-નિંદા નથી હોતા અથવા સાહજિક મંદ હોય છે તેથી ૧૮ પાપસ્થાનોમાં આવી વિશેષ તીવ્ર આદર વગરની બુદ્ધિ-વૃત્તિવાળા જીવો નિકાચિત-સાનુબંધ પાપકર્મ નથી બાંધતા.

આ બન્નેમાં જો તીવ્રતા આવે તો આભિગ્રહિક અને આભિનિવેશિક થઇ જાય. આ બન્ને પાપરુપ અને પાપાનુબંધની તીવ્રતાનું કારણ છે માટે પણ વર્જ્ય છે.

હાલના અનાભોગિક પાપ પૂર્વકાળમાં આભિગ્રહિક હોય તો ચાલ્યા આવતા સંસ્કારથી સાનુબંધ અને નિકાચિત કર્મ બાંધી શકે. પૂર્વકાળમાં અનાભિગ્રહિક હોય તો ન બાંધે. અચરમાવર્તિ જીવો આભિગ્રહિક હોય અને તત્પૂર્વક અનાભોગિક પણ હોય.

**ભાવ સમકિતિને મિથ્યાત્વ સિવાયના ૧૭ પાપસ્થાનો અનાભોગિક-અનાભિગ્રહિક અને સાંશયિક ત્રણ પ્રકારે હોય. આભિગ્રહિક અને આભિનિવેશિક બે ન હોય.**

પાપ-પુણ્યને ન માનનાર, પાપમાં પક્કડ અને આનંદવાળો આભિગ્રહિક કહેવાય.

પુણ્યને-ધર્મતત્ત્વને જાણ્યા-સમજ્યા પછી પણ એની અવજ્ઞા-અરુચિ-તિરસ્કાર કરનાર પાપને ઉપાદેયપણાથી, આદરથી આચરનાર-માનનાર આભિનિવેશિક પાપી કહેવાય.

આભિગ્રહિક અને આભિનિવેશિક બુદ્ધિના પાપ ક્ષયે કે તે પૂર્વ ભાવઅપુનર્બંધકપણામાં ન હોવાથી અનાભોગિક પાપ પણ અનાભિગ્રહિક અને સાંશયિક પૂર્વકનું હોય છે. આ બન્ને કે ત્રણમાં પાપકર્મની નિકાચિતતા કે સાનુબંધિતા નથી આવતી.

ભૌતિક કે આધ્યાત્મિક અંતરાય કર્મોની સાનુબંધિતા કે નિકાચિતતા માટે પણ આમ જ સમજવું.

સાંશયિક અવસ્થામાં અપુનર્બંધક અને સમકિતીને અનાભોગજન્ય તત્વસંદેહ એટલે કે અજ્ઞાનજન્ય આશ્રવ-સંવરનો, હેય-ઉપાદેયનો સંદેહ સમજવો. આશ્રવને સંવર માની લીધો કે સંવરને આશ્રવ માન્યો અથવા બન્નેમાં કાંઇક સંશય પડેલ હોય તો તે નિકાચિત પાપકર્મકારક નથી થતો. તેવી જ રીતે અજ્ઞાનજન્ય વિપરીત બોધમાં પણ નિકાચિત કર્મ નથી બંધાતું.

ભાવઅપુનર્બંધકપણાથી ભૌતિક-આધ્યાત્મિક વિઘ્નકારક અશુભપાપકર્મ તૂટતા આવે છે તેથી નિકાચિત-સાનુબંધ કર્મ બંધાતા નથી.

અવિરતિનું અને વેદનું નિકાચિતપણું અને સાનુબંધિતા પણ તેના

પ્રત્યેના આદર-પક્કડ રસ, તેમાં આનંદ, તેનું વારંવાર કરવું વગેરેથી થાય છે. તે જ રીતે અન્ય દોષોની પણ સાનુબંધિતા અને નિકાચિતતા પણ ઉપર પ્રમાણે સમજવી.

**પ્રશ્ન** : સાનુબંધિતા અને નિકાચિતતામાં શું તફાવત ?

**ઉત્તર** : સાનુબંધિતા એટલે **પુનઃ પુનઃ સર્જકતા** = તે-તે કર્મના ઉદયકાળમાં ફરી તેવું કર્મ બંધાય.

નિકાચિતતા એટલે કે **તીવ્રતા-અવશ્યભોગ યોગ્યતા** = બંધાયેલ કર્મ ઉદય સુધી યથાવત્ રહે, તેમાં કોઇ ફેરફાર ન થાય. મતલબ ફળ ભોગવ્યા વિના નાશ ન પામે. જો એ બંધાયેલ કર્મ આગળ ચાલે, વારંવાર ચાલે તો તે સાનુબંધપણાના કારણે જાણવું. **પાપકર્મના આદર-પ્રશંસા-અનુમોદનાથી જેમ સાનુબંધપણું બંધાય છે તેમ નિકાચિતપણું પણ બંધાય છે.**

જેમ દોષની પ્રશંસા વગેરેથી પાપકર્મ અને દોષનું સાનુબંધપણું થાય છે તેમ તે દોષની નિવૃત્તિ, નિંદા, ગર્હા વગેરેથી પાપકર્મ અને દોષનું અનુબંધપણું નાશ પામે છે તેમ અલ્પનિકાચિતનું નિકાચિતપણું નાશ પામે છે, પાપકર્મોની સ્થિતિ-રસ વગેરે પણ નાશ પામે છે.

**પાપકર્મનો નિકાચિત ઉદય બહુધા ૪-૫ માં ગુણસ્થાનક સુધી હોય, ક્વચિત્ ૬ સુધી પણ હોય, જ્યારે નિકાચિતપણું ૮ માના અંતે તો સત્તાથી પણ વિચ્છેદ પામે છે.**

**જ્યાં સુધી પાપકર્મોના ઉદય કે સત્તામાં સાનુબંધિતા હોય ત્યાં સુધી અપુનર્બંધકપણું કે સમ્યક્ત્વ ન પામે, સાનુબંધિતાનો વિચ્છેદ થાય એટલે કે નાશ પામે અથવા અલ્પ-મામુલી હોય, વિશેષ ન હોય ત્યારે અપુનર્બંધકપણું કે સમ્યક્ત્વ પામે.**

દેવતાઓને ભવના કારણે વિરતિ નથી એટલે કે ભવપ્રત્યય વિરતિનો પ્રતિબંધ છે માટે નિકાચિતનો ઉપચાર કરાય. કર્મના ક્ષયોપશમ માટે પણ અનુકુળ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભવ અને ભાવ જરુરી છે. પૂર્વ સંસાર કાળમાં અવિરતિનું બાંધેલ કર્મ દેવભવમાં નિકાચિત જેવું કામ કરે છે. દેવ વગેરેમાં

ભવના કારણે ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ ન થાય તેમ મનુષ્યનો ભવ અને શરીર હોવા છતાં તીર્થંકર પરમાત્માને ભવિતવ્યતાના કારણે, તેવા પ્રકારના પુણ્ય કર્મના કારણે, ઉગ્ર વૈરાગ્ય હોવા છતાં ચારિત્ર મોહનીય નિકાચિત જેવું હોય છે. નિકાચિત કહેવાય છે.

**પ્રશ્ન :** 'પુંડરિક અને કંડરીક બે ભાઇઓની કથામાં ઇચ્છા હોવા છતાં પુંડરીકે ચારિત્ર કેમ ન લીધું ?'

**ઉત્તર :** નાના ભાઇ કંડરીકને સંયમ લેવાની (પિતાની સાથે) રજા આપી. પોતાની તીવ્ર ભાવના હોવા છતાં પિતાજીના કહેવાથી રાજ્ય સંભાળવાની ફરજના કારણે ચારિત્ર ન લીધું અહીં ચારિત્ર મોહનીય ક્ષયોપશમ યોગ્ય હોવા છતાં ઔચિત્ય એ બાધક બન્યું.

શાસ્ત્રમાં બીજી પણ બે ભાઇઓની કથા આવે છે તેમાં દિયર સાધુ મ. સામે ગામ આવતાં ભિક્ષા આપવા જવાનું છે. પરંતુ નદી બે કાંઠે વહેતી હોવાથી ઘણું મુશ્કેલ લાગે છે ત્યારે તેનો પતિ કહે છે. જા ! નદીને કહે 'મારો ધણી બ્રહ્મચારી હોય તો માર્ગ આપ', બાઇ આશ્ચર્ય પામી પરંતુ ખરેખર નદીને આવું કહેતા નદીએ સામે જવા માર્ગ આપ્યો. તે જ રીતે દર્શન-વંદન કરી ભિક્ષા વહોરાવી પાછા ફરતા ચિંતા થઇ ત્યારે દિયર સાધુએ કહ્યું 'નદીને કહે 'દિયર મ. ઉપવાસી હોય તો રસ્તો આપ.' જઇને આવું કહેતાં રસ્તો આપ્યો. આમાં માત્ર ફરજ સ્વરુપે ભોગનો ભોગવટો અને શરીર નિર્વાહરુપે જ ભોજન હોવાથી બ્રહ્મચારી અને ઉપવાસી ગણાયા. તેમ પ્રભુનું ચારિત્ર વિનાનું જીવન નિકાચિત ચારિત્ર મોહનીય ન હોવા છતાં ઔચિત્ય-કર્તવ્ય આદિ પ્રતિબદ્ધ (બંધાયેલા) હોવાથી સંયમ નથી લેતા. મોટાભાગના પરમાત્મા ગૃહસ્થાશ્રમ પછી ચારિત્ર લે છે તેમાંથી કોઇકને નિકાચિત કર્મ હોય તો વાત જુદી પણ પૂર્વે ઉગ્ર સાધના અને ઉત્કૃષ્ટ ભાવના કરનાર બધાને નિકાચિત ચારિત્ર મોહનીય હોય છે તેમ કહેવું વધારે પડતું જણાય છે.

**પ્રશ્ન :** જો નિકાચિત ભોગાવલી કર્મ ન હોય તો પ્રભુ લગ્ન કેમ કરે છે ?

**ઉત્તર :** મોટા પુરુષોએ જીવનના છેલ્લા ભાગે-પાછળના ભાગે સંયમ લેવાનું હોય તો તેમણે ઔચિત્યની રુએ વ્યવહાર ઉચિત કાર્યો કરવા પડે છે. આ સ્થિતિમાં-નિયમમાં ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ નથી પણ ઉદય છે તે ઔચિત્યના-કર્તવ્યના વ્યવહારના કારણે એ માર્ગ સ્વીકારી પ્રભુએ ક્ષયોપશમ થતો અટકાવ્યો. જેમ ચરમ તીર્થપતિએ અભિગ્રહ કરીને (માતા-પિતા જીવતા હોય ત્યાં સુધી સંયમ લેવું નહીં.) ક્ષયોપશમ થતો અટકાવ્યો એ રીતે તીવ્ર વૈરાગીને ક્વચિત નિકાચિત કર્મ ઉદયમાં હોય તો ના નહીં. પણ બહુધા ઔચિત્ય આદિ કારણથી કર્મ ક્ષયોપશમ પ્રેરિત પ્રવૃત્તિ પરમાત્મા નથી કરતાં. અવસર આવે છતે ઔચિત્ય પૂર્વક પ્રવૃત્તિ કરે છે. ૬ ક્ષ્રી દ્રષ્ટિ વૈરાગ્યની તીવ્રતાવાળી બતાવી તે વૈરાગ્ય અપ્રતિપાતી અને ઔચિત્ય યુક્તને હોય તેથી વિવાહાદિ કાર્યો આ કારણે સંભવે.

ગુણસ્થાન પ્રતિબદ્ધ જે કર્મો અવશ્ય ઉદયરુપ છે તે પણ નિકાચિત-રુપે ન હોવા છતાં નીચેના ગુણસ્થાનકના કારણે ઉદય અટકાવી ન શકાય અને ધ્રુવઉદયી રહે.

**સમકિતિને નિકાચિત ઘાતીકર્મો કવચિત હોય. સાનુબંધ પાપકર્મનો બંધ ન હોય. ઉદયમાં ક્વચિત હોય. અઘાતી પાપકર્મનો પણ ક્વચિત કદાચિત નિકાચિત ઉદય હોય. બહુધા ન હોય. અઘાતી પાપકર્મનો સાનુબંધ બંધ ન હોય.**

ગુણોની-પુણ્યની સાનુબંધિતા સમ્યક્ત્વથી થાય. દોષો-પાપોની સાનુબંધિતા સમ્યક્ત્વથી તૂટે-નાશ પામે, અપુનર્બંધકથી ઉપરોક્ત વિશેષતાનો સામાન્ય પ્રારંભ થાય. એ પૂર્વે ગુણાભાસ હોય, પુણ્ય અલ્પ-મંદ-અનનુબંધી કે પાપાનુબંધી હોય. દોષો અને પાપો દ્રઢ હોય. પ્રાયઃ સાનુબંધ હોય. ૬-૭માં ગુણસ્થાનક સુધી એટલે કે આભોગ ઉપયોગ સુધી ગુણોની અને પુણ્યની અનુબંધિતા હોય. પછીના ઉપરના ગુણસ્થાનકો અને અસંગ અનુષ્ઠાનમાં ગુણો અપ્રતિપાતી કે સ્વભાવગત હોય પણ પુન્ય સાનુબંધ ન હોય એમ જણાય છે.

૮ માં કે ૯ ના પ્રથમ સમયથી જેમ કર્મોની નિકાચના નથી હોતી તેમ કોઇપણ કર્મની સાનુબંધિતા પણ ન હોય.

**ગુણોની સાનુબંધિતા એટલે ક્ષાયોપશમિક ગુણોનો હ્રાસ ન થાય કે નાશ ન થાય પરંતુ ક્ષાયિક ભાવ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ક્રમિકપણે વધતા રહે.** માટે ક્ષાયોપશમિક ગુણો પણ ક્ષાયિક ભાવ સુધી રહેતા હોવાથી અપ્રતિપાતી જેવા હોય. આવી ગુણોની સાનુબંધિતા ઉપરના ગુણસ્થાનકે હોય.

પુણ્ય જેમ પાપ પ્રવૃત્તિથી નાશ પામે છે તેમ પુણ્યની સાનુબંધિતા પણ પાપ પ્રવૃત્તિથી નાશ પામે છે. **ગુણના-પુન્યના કાર્યમાં ઉત્સાહ-આદર-પ્રધાનતા-યતના વગેરે હોય તો તે પુણ્યમાં અને ગુણમાં સાનુબંધિતા ઉભી કરે.** આનાથી વિપરીત અનુત્સાહ-અનાદર-અપ્રસન્નતા-અયતના વગેરે હોય તો ગુણ અને પુણ્યમાં સાનુબંધિતા ઉત્પન્ન થઇ હોય તો ય નાશ પામે અને નવી ઉત્પન્ન ન થાય.

અવિરતિપણું એ કર્મના ઉદયથી ઉત્પન્ન થતો આત્મ પરિણામ છે. તે કર્મની નિકાચિતતા તીવ્ર મિથ્યાત્વથી થાય છે. મંદમિથ્યાત્વથી એ કર્મ અનિકાચિત બંધાય છે.

મંદમિથ્યાત્વની અવસ્થામાં એટલે અપુનર્બંધક અવસ્થામાં જીવને સત્પાત્ર ભક્તિ અને સદ્ભાવનામાં રુચિ જન્મે છે અને રુચિપૂર્વક એ બેમાં પ્રવર્તે છે. આ બેના પ્રવર્તનથી જીવને વિરતિની રુચિ થાય છે પણ સ્વીકાર અને પાલન તત્કાલ ન પણ થાય. તેથી એમ કહેવાય છે ભક્તિ અને ભાવના પ્રથમ મિથ્યાત્વનો તાત્કાલિક ક્ષયોપશમ કરે છે અને સાતત્યપૂર્વક ચાલતી ભક્તિ-ભાવનાથી કાલાંતરે ચારિત્ર મોહનીયનો પણ ક્ષયોપશમ થાય છે.

અપુનર્બંધકપણાથી આચાર રુચિ પણ ઉત્પન્ન થાય છે. તેથી ભક્તિ ભાવના અને આચાર પ્રવૃત્તિથી નિકાચિત અવિરતિવાળા ન હોય તેમને ચારિત્ર શક્ય એટલું વહેલું મળે.

ટૂંકમાં **ભક્તિ અને ભાવનાના બળથી સમ્યગ્દર્શન મળે અને સાથે રહેલ આચાર રુચિના બળથી ચારિત્ર મળે.** ભક્તિ-ભાવનાના બળવાળાને

થોડાક કાળના અંતરે આચાર રુચિ આવે જ છે. કારણ કે ભક્તિ વ્યક્તગુણ અને આચારસંપન્નની છે. ભાવના પણ આચારમાં બાધક એવા ભોગની મમતા-આસક્તિના વારણ અને નાશ રુપ છે માટે દ્રવ્ય આચારથી અને ભક્તિ-ભાવના બળથી સમ્યગ્દર્શનની સાથે ચારિત્ર મોહનીય પણ નિર્બળ થવાથી નિકટમાં સંયમ પામે.

મિથ્યાત્વને અસંયમ જોડે મિત્રતા છે તેથી મિથ્યાત્વ અવસ્થામાં ભાવ સંયમ તો ન જ આવે પણ દ્રવ્ય સંયમ પણ લાંબુ ન ટકે. એક ભવ પણ ક્યારેક કોઇકને જ ટકે. એ જ રીતે ભક્તિ-ભાવના અને સમ્યગ્દર્શન જોડે ચારિત્રને મિત્રતા છે તેથી અસંયમ એક ભવથી વધારે ટકે નહીં, દેવ ભવ મળે તો બે ભવ. ત્રીજા ભવે તો અવશ્ય સંયમ અથવા દેશવિરતિ મળે. **''સમકિત વિરતિને તાણી આણે''** સમ્યક્ત્વને અવિરતિ સાથે શત્રુતા છે તેથી બન્ને સાથે લાંબો સમય રહી શકતા નથી. માટે ૪ થા ગુણસ્થાનકવાળાને નિકાચિત અવિરતિ લાંબા ભવો સુધી ન ચાલે.

ભક્તિ અને ભાવનાથી પ્રથમ દર્શનમોહનીયકર્મ તૂટે છે પછી ચારિત્ર મોહનીય તૂટે છે. આચારથી ત્રણે સાથે તૂટે છે. અથવા ઘટે છે. આચારમાં ભક્તિ-ભાવના અંતર્ગત રહેલા છે. માટે આચાર એ અપેક્ષાએ ભક્તિ-ભાવનાના ફળરુપ ભાવ છે.

વિરતિની સાનુબંધિતા એટલે દ્રઢરાગ અને કાળજી પૂર્વકની વિરતિ. કોઇપણ ગુણ કે કાર્યમાં અત્યંત આદર અને કાળજીપૂર્વકનો પ્રયત્ન તે-તે કાર્ય અને ગુણને સાનુબંધ બનાવે છે. **''पटुवभ्यास-आदरै पूर्वं''** આમ **વિતરાગસ્તોત્ર** જણાવે છે. આદર-પ્રયત્ન માટે વૈરાગ્યની તીવ્રતા જોઇએ અને એ જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાં હોય છે. જ્ઞાનગર્ભિત ગુણો સાનુબંધ થાય છે તેમાં આદર અને કાળજી સાહજિક આવે.

દરેક ધર્મકાર્યની સાનુબંધિતામાં ગીતાર્થ ગુરુની નિશ્રા-સાન્નિધ્ય-સૂચન અને સમર્પણ પ્રધાનરુપે સહાયક-પૂરક બને છે.

**સમર્પણ** એટલે હૃદયથી એમના પર, એમના માર્ગદર્શન પર આદર અને સ્વીકારવાની તૈયારી.

**સૂચન** એટલે તેમના કથનને લક્ષમાં લેવું, તે મુજબ કરવા ભાવના-તૈયારી રાખવી, એમને પૂછીને-જણાવીને કરવું, કરીને સવિસ્તૃત જણાવવું, એમનાથી ખાનગી ન કરવા માટે દ્રઢસંકલ્પ કરવો, તેઓ દૂર હોય તો સંયોગ અનુસાર આગળ-પાછળ જણાવવું.

**સાન્નિધ્ય** એટલે એમની હાજરી-નિકટતા. ગુરુ હાજર ન હોય તો જ્ઞાનસંપન્ન નાના કે મોટાની હાજરી, આપણે જ્ઞાનસંપન્ન હોઇએ તો તે જ્ઞાન પર બીજા જ્ઞાનીની મહોર છાપ મરાવવી. એમની જાણકારી-એમની વાત સ્વીકારવી, વિચારવી. આ સાનિધ્ય શક્ય હોય તો દ્રવ્યથી પણ રાખવું. શક્ય ન હોય ત્યાં ભાવનાથી રાખવું.

**નિશ્રા** એટલે એ જ્ઞાની-વડીલ-ગુરુની ઇચ્છા-સૂચન વગેરેને શિરોધાર્ય કરવાની તૈયારી-માનસિક સંકલ્પ. આમાં ૩ વાત આવે ગુરુ-અન્ય પણ ગીતાર્થ સાધુ ભગવંતો અને પોતાના જ્ઞાનની ઉપસ્થિતિ આ ત્રણ નિશ્રારુપ છે. આ ત્રણે જોઇએ. ત્રીજું (પોતાનું જ્ઞાન) ન હોય તો પ્રથમ બે તો જોઇએ જ. પ્રથમ બે માં પહેલાં (ગુરુ) સામાન્ય રોજિંદા વ્યવહારમાં કામ લાગે, વિશેષ કાર્યમાં બીજા (અન્ય મધ્યસ્થ ગીતાર્થો) પણ જોઇએ. એકલા ગુરુ કે સ્વનું જ્ઞાન કામ ન લાગે. કેમ કે છદ્મસ્થનું જ્ઞાન વિસંવાદિત થઇ શકે, અનેકાંત વિરોધી થઇ શકે તેથી ત્રણે જોઇએ. મુખ્યત્વે મધ્યસ્થ ગીતાર્થો જોઇએ. પ્રથમ બે ન જ હોય ત્યારે સર્વત્ર ૩ જા નંબરમાં જ્ઞાન એ પ્રમાણ બને છે.

વિરતિ અને ગુણોનું સાનુબંધપણું આચારપાલન, જ્ઞાનસંપન્નતા, જ્ઞાનીની નિશ્રા, વૈરાગ્યની તીવ્રતા, ગુણો મેળવવા-વધારવાનો દ્રઢ અનુરાગ પૂર્વકનો અને શક્ય કાળજી પૂર્વકનો પ્રયત્ન આદિથી આવે છે. આનાથી વિપરીતપણું કરવાથી એ અનુબંધો નાશ પામે છે. કાલાંતરે ગુણો પણ નાશ પામે છે. માટે પાપ અને દોષોના અનુબંધ તોડવાના અને વિરતિ અને ગુણોના સાનુબંધના કારણમાં પ્રયત્ન કરવો. આનાથી સ્વભાવદશા તરફ જીવનો વિકાસ થાય.





સંસાર માર્ગ કે સાધના માર્ગનો જીવ, બાહરી દુનિયા કે આભ્યંતર જગતમાં રહેલ આત્મા આગળ વધવા માટે કોઇને કોઇ ઉંચી વિશિષ્ટ-પુણ્યશાળી-ગુણવાન વ્યક્તિના અમી નજરની, તેમના સહાયની કામના રાખતો હોય છે જેને શાસ્ત્રીય ભાષામાં કરુણા અને અનુગ્રહ કહેવાય છે.

કરુણા એટલા દયા-કોમળતા-હૃદયની ભીનાશ-કૃપાવૃષ્ટિ આવા અનેક અર્થોથી તે લોકપ્રસિદ્ધ છે.

લક્ષ રહે જો આદરનું

પાત્ર બને તો અનુગ્રહનું

અનુગ્રહ એટલે, અનુ=પશ્ચાત્ ગ્રહ=ગ્રહણ કરવું, સંબંધ કરવો. સામેવાળાની સ્થિતિને અનુસારે તેની સાથે તે કાળે વ્યવહાર કરવો, સહાયક થવું જેમ કે તરસ્યા શ્રીમંતને તે વખતે સંપત્તિ ન આપતા પાણી આપવું.

આ અનુગ્રહ અને કરુણા બન્ને પરસ્પર સંબંધિત છે. અર્થાત્ જ્યાં **કરુણાના ભાવ-ભાવના-લાગણી હોય છે. ત્યાં પ્રવૃત્તિ અનુગ્રહની હોય છે. અને જ્યાં અનુગ્રહયુક્ત પ્રવૃત્તિ હોય**

**ત્યાં કરુણા રહેલી હોય છે.** ન હોય તો આવે છે, વધે છે. કારણ કે સર્વત્ર પ્રવૃત્તિ જીવની યોગ્યતાનુસાર અનુકૂળ ભાવને જન્મ આપે છે. જયણાની પ્રવૃત્તિ હોય તો કદાપિ કઠોરભાવ જન્મતો નથી.

જે જીવ સારી વ્યક્તિ-સારી ક્રિયા-પૂજ્ય વસ્તુ આ બધા ઉપર આદરભાવ-પૂજ્યભાવ ધારણ કરે છે. તેનાથી તે વ્યક્તિ કે તે વ્યક્તિ આદિ ઉપર રહેલા ભાવ-આદરના પ્રમાણમાં એના આત્મા ઉપર અનુગ્રહ કરે છે. એટલે કે શુભભાવ દ્વારા, આદર-ગૌરવ દ્વારા આત્મા આત્મા ઉપર અનુગ્રહ કરે છે.

પહેલા જીવનો પૂજ્ય વ્યક્તિ પ્રત્યે કરેલ શુદ્ધ-સારો-પૂજ્યતાનો-પ્રેમનો-આદરનો-ભક્તિનો-વિનયનો ભાવ અને પ્રયત્ન પૂજ્ય વ્યક્તિ તરફથી કે જગતસ્વભાવરુપ પ્રકૃતિ તરફથી આત્મા અનુગૃહિત થાય છે. અર્થાત્ આત્મા પુણ્યને-ઉન્નતિને-ગુણોને-ધર્મને-ક્ષયોપશમને પામે છે. આ બાહ્ય વસ્તુ કે વ્યક્તિ, પ્રવૃત્તિ-ક્રિયાનો આત્મા ઉપર અનુગ્રહ છે. માટે આદરભાવ પૂજ્યતાભાવ એ વસ્તુના કે વ્યક્તિના આલંબન દ્વારા પોતાના આત્માને સહાય કરે છે.

માટે પરમાત્મા-ગુરુઓ-ઉપકરણો-સંઘ-સાધર્મિક-આરાધનાના સ્થાનો-ક્રિયાઓ-સૂત્રાર્થ અભ્યાસ વગેરે બધી વ્યવહારિક વસ્તુઓ-પ્રવૃત્તિઓ વગેરે આ બધા આત્માના ભક્તિ-ભાવ દ્વારા જ અનુગ્રહ કરનાર બને છે. એટલે એમ કહેવાય કે આ બધી વસ્તુઓ-કૉંટીટી આત્માને જે ઉપકાર કરે છે તેના કરતા તેના ઉપરનો આદર વગેરે સદ્ભાવ અને તે પૂર્વકની ઔચિત્ય પ્રવૃત્તિ આત્માને વધુ ઉપકૃત કરે છે યાવત્ મોક્ષે પહોંચાડવા સુધીની અવસ્થા પમાડવામાં અનુગ્રહ વસ્તુસ્વભાવથી કરે છે.

તેથી અરિહંત પરમાત્મા વિતરાગી અને સિદ્ધ ભગવંતો મોક્ષે પહોંચ્યા હોવા છતાં વસ્તુ સ્વભાવથી આદરવંતને સદા અનુગ્રહ કરે છે. **વ્યવહાર એ સાધન છે અને આદર એ ક્વોલીટી છે. અને તેનાથી થતો ઉપકાર કાર્યસિદ્ધિ એ નિશ્ચય છે. અને બાહ્ય શક્તિની-પુણ્યની પ્રાપ્તિ રુપ વ્યવહાર પણ છે.**

માટે પરમાત્મા આદિ ઉપરના જીવના આદરભાવ પછી જીવ તે-તે પરમાત્મા આદિ દ્વારા અનુગ્રહીત થયેલો, ભાવ આરાધનાને યોગ્ય બને છે.

ધ્યાનમાં એ રાખવાનું કે દરેક આરાધનામાં કેમ આદર ભળે. બહુમાન-ભાવયુક્ત તે ક્રિયા કેવી રીતે બને. કેમકે **આદર એ ક્વોલીટી છે. કોંટીટી ગમે તેટલી હોય પણ ક્વોલીટી-ગુણવત્તા ન હોય તો તે ગ્રાહ્ય બનતી નથી.** વસ્તુ ન જ હોય અને અત્યારે તેની તાતી જરુરીયાત હોય અને વ્યક્તિને ગુણવત્તા વગરની વસ્તુ લેવી પડે, લે એ વાત જુદી. તેમ કોઇ ક્રિયા કરતો જ નથી તેના કરતાં ભાવ આદર વિનાની પણ ક્રિયા ચલાવી લેવાય પરંતુ ધ્યેય તો આદર લાવવાનું રાખવું જ પડે.

**આ આદરના ચિહ્ન છે દ્રવ્યની શક્ય પ્રયત્નથી શુદ્ધિ, ઉત્કૃષ્ટ ભક્તિ યોગ્ય દ્રવ્યો, સમયની નિયમિતતા, વિધિની પ્રધાનતા, વિક્ષેપત્યાગ** વગેરે. આ બધું આવે તો આદર આવે. આદર આવે ત્યારે આ સાહજિક બને. જો આ બધા ચિહ્નોમાં પ્રયત્ન કરીએ અને આરાધનાના તે-તે યોગમાં કાળજીથી પ્રયત્ન કરીએ તો આદર આવે.

આદરનું ઉત્પત્તિ સ્થાન જેમ જ્ઞાન છે અર્થાત્ જેની ઉપાસના કે ક્રિયા કરવી છે તે કેવા છે તેનું સ્વરુપ સમજાય તો હૃદયમાં આદર આવે. અથવા ફળની દ્રષ્ટિ છે મતલબ તે વ્યક્તિ કે પ્રવૃત્તિ કેવા ફળને આપનારી છે તે જણાય તો પણ આદરભાવ જાગે તેમ જીવની વારંવાર વ્યવસ્થિત પ્રવૃત્તિ પણ આદરને જન્માવે છે. **આત્મા જેમ-જેમ યોગ્ય રીતે ક્રિયામાં સતત પ્રવૃત્ત થાય તેમ શરુઆતમાં ભાવ-આદર ન હોવા છતાં સાતત્યના કારણે તે જાગે છે.**

આદર આવે એટલે તે ક્રિયાની ધર્મરુપે ગણતરી થાય, શરુઆતમાં આદર કદાચ ન હોય છતાં જો હૃદયમાં તેના પ્રત્યે અરુચિ-અવજ્ઞા-તિરસ્કાર ન હોય તો તે આદરની પૂર્વભૂમિકા સમજવી. ધર્મની પૂર્વાવસ્થા છે. આદરનું લક્ષ હોય તો તે ઉત્તમ જ છે.

જેમ એકલવ્ય દ્રોણાચાર્યના સાન્નિધ્ય વગર એમના પ્રત્યેના આદરથી અર્જુનની શક્તિને ઓળંગી ગયા પછી, તેના કરતાં પણ શ્રેષ્ઠ બાણાવલી

તૈયાર થવા છતાં ગુરુએ જ્યારે અંગુઠો માંગ્યો તો હૃદયમાં ગુરુ પ્રત્યે આદર-ભક્તિ હતા તેના પ્રતાપે જરાય ખચકાયા વગર ગુરુદક્ષિણામાં જમણા હાથનો અંગુઠો આપ્યો કારણ આદરના કારણે પોતાની મહત્વની ચીજ પણ અર્પણ કરાય છે. તેમ બીજી બાજુ આ આદરના કારણે જીવ સંસારની સર્વોત્કૃષ્ટ ચીજો શક્તિઓ અનુગ્રહરુપે પામે છે.

વીશસ્થાનકના કોઇપણ સ્થાનની આરાધનાથી જિનનામનિકાચિત થાય છે એમ જે બતાવ્યું તેમાં પ્રભાવ આદરનો છે માટે **યોગબિંદુ ગ્રંથમાં** મતાંતરે બતાવ્યું કે (મતાંતર એટલા માટે કે પ્રચલિત વાત છે કે 'સવિ જીવ કરું શાસન રસીની'' ભાવનાથી તીર્થંકર બને) જે ઉત્કૃષ્ટ આદરવાળા હોય તે તીર્થંકર બને. મધ્યમ આદર ભાવવાળા ગણધર થાય અને જઘન્ય-અલ્પ આદરવાળા સામાન્ય કેવળી બને.

**માટે આદર એ અનુગ્રહનું કારણ છે અને આરાધના એ આદરનું સાધન છે તથા પુણ્ય-ગુણ-અધ્યાત્મની પ્રાપ્તિ-મોક્ષ એ ફળ છે.** માટે અનુગ્રહના સ્વરુપ-કારણ અને કાર્ય વિષે ટૂંકમાં એમ કહી શકાય કે સામી વ્યક્તિને=ઉપાસકને-આશ્રિતને અધ્યાત્મની પરાકાષ્ટા સુધી પહોંચાડવો તે **અનુગ્રહનું કાર્ય છે.** અનુગ્રાહકનો આદર-વિધિશુદ્ધિ અને સતત વિશુદ્ધ પ્રવૃત્તિ તે **અનુગ્રહનું કારણ છે.** અને ઉપકાર કરવો, તત્-તત્ કાળે પાત્રતાનુસાર સહાય કરવી તે **અનુગ્રહનું સ્વરુપ છે.**

માટે આરાધકોએ કોઇપણ આરાધના કરતાં આદરનું મુખ્ય લક્ષ રાખવું અને તે આદરના કારણભૂત વિધિની શુદ્ધતા-ઉલ્લાસ-નિયમિતતા-વિક્ષેપનો ત્યાગ શક્ય પ્રયત્નથી લાવવા.

## કરીશ જો લેટ-ગો
## મળશે તે ભેટ-જો ।।



જે વ્યક્તિ પોતાના જીવનમાં ક્યારેય કોઇ વાતની જીદ નથી કરતો, ખોટી પક્કડ (વસ્તુ-વ્યક્તિ-વિચાર કે વાતાવરણની) ન રાખતા લેટ-ગો કરવામાં, સમજી લેવામાં, આવેલ પરિસ્થિતિ આદિને સ્વીકારવામાં માને છે તે કદી અપસેટપણાનો શિકાર બનતો નથી, અસમાધિનો ભોગ બનતો નથી. લાભમાં બીજાને મહત્વ આપી તેની બાહ્ય શરણાગતિ સ્વીકારી તેને સાનુકૂળ વર્તનની હૃદયથી તૈયારી રાખે છે તેના વિઘ્નો દેવતાઓ દૂર કરે છે. કારણ **સહન કરનાર-સહાયક બનનાર આત્મા સાત્વિક બને છે, પ્રસન્નસ્થ બને છે તેનું ઓજસ-તેજ વધે છે. તેના દ્વારા વશ થયેલ આકર્ષાયેલ દેવતાઓ વગર યાચનાએ તેને સાન્નિધ્ય કરે છે.**

કષાયો-વિષયો-બીજા તરફનો વિરોધ-અંતરમાં ખિન્નતા આ બધા ઓજસને હણે છે. આત્માને નિઃસત્ત્વ

બનાવે છે. ઓજસ અને સત્ત્વ હણાય કે મંદ પડે એટલે ક્ષુદ્રતત્ત્વ હેરાન કરવા સમર્થ બને. એ હેરાન ન કરે તો પણ આપણું ક્ષુદ્રસત્ત્વ (નિર્બળપણું) પણ આપણને પરેશાન કરે. અને મોટા ભાગના પ્રસંગોમાં ક્ષુદ્રતત્ત્વ કરતાં ક્ષુદ્રસત્ત્વથી જ માણસ હેરાન થતો હોય છે. જે પ્રચંડ સત્ત્વવાળો છે તેને ક્ષુદ્રતત્ત્વ પણ કાંઇ કરી શકતું નથી માટે ક્ષુદ્રસત્ત્વ કે ક્ષુદ્રબાહ્યને પરાણે વશ થવું પડે તેના કરતાં સામાને-સ્વજનને-સંતને-સજ્જનને-સાથીને ભાવથી અને વ્યવહારથી વશ બનવું અને સ્વસ્થ રહેવું, આરાધક બનવું તે ઉત્તમ છે.

કદાગ્રહ ન રાખવો-દોષદ્રષ્ટિ ન રાખવી. દ્રષ્ટિદોષ ચલાવી લેવાય, ચાલે કારણ તે કર્મકૃત છે તેમાં સુધારો લાવવાનો પ્રયત્ન સફળ બને પણ ખરો અને ન પણ બને. તથા દ્રષ્ટિના દોષના લીધે થતું નુકશાન ઓછું, જ્યારે દોષની દ્રષ્ટિ ઘણું નુકશાન કરે છે. તેથી જ દોષદ્રષ્ટિ વાળાને કાગડા-ગીધ જેવો કહ્યો.

કોઇ ઇચ્છિત વસ્તુ ન મળે કે ધારેલું કાર્ય ન થાય કે કહેલી વાત ન મનાય ત્યારે હૃદયમાં ખિન્નતા ન આવવા દેવી. તેમાં અંતરાય ભૂત બનતી વ્યક્તિ પર તિરસ્કાર ન કરવો. **હંમેશા આંખમાં અમી અને જીભમાં મિઠાશ રાખવી તથા હૃદયમાં સ્નેહ-વાત્સલ્ય કુણાશ રાખવા આ બધું આત્માની ઉત્તમતા સૂચક છે.** આ ઉત્તમતા ક્ષુદ્રજીવોને-ક્ષુદ્રસ્વભાવને અને તે દોષોને આપણી પાસે પડછાયારુપે પણ આવવા ન દે. મારે સુખી થવા મન સુધારવું, ઉપર પ્રમાણે મન કેળવવું.

જેમ પરિષહો સહન કરવાના હોય છે તેમ કોઇ તરફથી વ્યક્તિગત પ્રતિકૂળતા સહન કરવી એ પણ પરિષહજય છે. તે સહન કરવાથી ઉત્તમ ધર્મ અને પુણ્ય પ્રાપ્ત થાય છે. માર્ગમાં-ધર્મમાં-સંયમમાં-સમ્યક્ત્વમાં સ્થિર થવાય છે અને સહન ન કરવાથી, સહન ન થવાથી માર્ગાદિથી ભ્રષ્ટ થવાય છે. તેથી જ **તત્વાર્થ સૂત્રમાં** પરિષહ સહન કરવાના બે કારણ આપ્યા. **मार्गाच्यवन निर्जरार्थं परिषोढव्या परिषहाः** માર્ગમાંથી ભ્રષ્ટ ન થવાય માટે તથા કર્મનિર્જરા માટે સહના કરવા. **સહી લેવાથી, લેટ-ગો કરવાથી થોડું નુકશાન (બાહ્ય)**

**થઇ શકે છે જ્યારે સહન ન કરવાથી અનંતભવો સુધી બાહ્ય-આભ્યંતર ઘણું નુકશાન થાય છે.** કારણ કે કરેલ કષાયનું નુકશાન બહું મોટું હોય છે જે આપણને ચંડકૌશિકના પૂર્વભવોમાં સ્પષ્ટ દેખાય. બાળ સાધુની એક નાની વાત સાંભળી-સ્વીકારી કે સહન ન કરી અને કષાયાવિષ્ટ બન્યો તો છેક પરમાત્માને ખતમ કરી નાંખવાના તીવ્ર-ક્લિષ્ટ પરિણામ લાવી આત્માને છેલ્લી પાયરીએ બેસાડ્યો.

**ગુનો સામાનો હોય તો પણ સ્વીકાર કે સહન કરવાથી આપણે કરેલ કષાયજય એ આપણી ઉપર દેવ-ગુરુની કૃપા વધારવાનું, ઘણી-ઘણી નિર્જરા કરવાનું અને સાનુબંધ ભવોભવ ઉત્તમ આરાધના મેળવવાનું મૂળ છે તેથી આ સહનશીલતા કેળવવી, લાવવી એ તપ-ત્યાગ કરતા ય હજારોગણી મહત્વની છે. માટે તેને આત્મસાત્ કરવા પ્રયત્નશીલ બનવું જરુરી છે.**

ગુરુની-વડીલની-સાધુની વાત ન માનવી તેમને કઠોર-અપમાન જનક વાક્યો કહેવાય જે અનાદર કહેવાય અને તે તીવ્ર દૌર્ભાગ્યનામકર્મ બાંધવાનું કારણ છે. તેના જીવનમાં સમ્યક્ત્વ-સંયમ-વ્રતો-ગુણો રહી શકતા નથી, બધુ બળી જાય છે. તે વિનાના બાહ્ય ક્રિયાકલાપ નિસ્સાર બને છે કારણ **આદર એ સમ્યક્ત્વાદિ ઉત્પત્તિની યોગ્યતા છે. જ્યારે અનાદર-તિરસ્કાર એ સમ્યક્ત્વાદિને નાશ કરવાની-બાળવાની ભૂમિકા છે.** મામુલી વાતમાં સામાની યોગ્ય સાચી ઇચ્છા પૂરી ન કરવો તે ગુનો છે.

સામેવાળો કદાચ અયોગ્ય-ઉદંડ હોય તો પણ તેના પ્રતિ અરુચિ ન લાવવી. ડૉક્ટર દર્દી પર રોગના કારણે તિરસ્કાર ન કરે તેમ ધર્મી અન્યના દોષો, પાપો જાણવા-જોવા છતાં જીવો પર તિરસ્કાર ન કરે. સુધરે તેવા હોય તો મમત્વ બતાવી સુધારે, ભાવરોગ મટાડવા પ્રયત્ન કરે-પોતાનાથી ન સુધરશે, ન મટશે તેમ લાગે તો બીજા પાસે મોકલે, પોતે ઉદાસીન બની ઉપેક્ષા કરે. **અસાધ્યમાં પણ કરુણાગર્ભિત ઉપેક્ષા હોય, તિરસ્કારગર્ભિત ઉપેક્ષા પ્રભુ શાસનમાં ક્યાં હોય તે પ્રશ્ન છે.** કારણ બહારની દુનિયામાં પણ ડૉ દર્દીને પહેલા નંબરે જાતે સાજો કરવાનો પ્રયત્ન કરે. સફળતા ન મળે તો બીજા

રાઉંડમાં મોટા-સારા ડૉ. પાસે જવાની પ્રેરણા કરે-મોકલે ને તેને પણ દર્દીને નિરોગ બનાવવામાં નિષ્ફળતા સાંપડે તો ત્રીજા-અંતિમ રાઉંડમાં તે પેશન્ટ પ્રત્યે દિલમાં ભારોભાર દયા-લાગણી ઉભી રાખી તેના દર્દ-પીડા વિષે બહારથી ઉપેક્ષા કરે, તિરસ્કાર તો ક્યારેય ન લાવે.

તેથી પ્રથમ તો પરસ્પર કોઇની જોડે અણબનાવ કટાક્ષ વ્યંગ-ગુસ્સો-અસભ્યતા-નિંદા તિરસ્કાર ન કરવા, ન થવા દેવા, તેના ઉત્પાદક પ્રસંગોથી આઘા રહેવું, અચાનક પરિસ્થિતિ તેવી ઉભી થઇ જાય તો આત્માને સાવધ અને શાંત બનાવવો. સામેવાળો અણબનાવાદિ કરે તો પણ ગળી જવું, મન પર ન લેવું. આનાથી ખૂબ શાંતિ સમાધિ પ્રસન્નતા, પુણ્ય અને આરાધનાની યોગ્યતા વિકસિત થાય છે. આત્મામાં સત્ત્વ-ધર્મ અને ધૈર્ય વધે છે. આ રીતે ગુણોને પકડી રાખવાથી, દોષ અને દોષવાનની ઉપેક્ષા (કરુણાયુક્ત) કરવાથી આપણા આત્મામાં ગુણો પ્રગટે છે, મજબૂત બને છે. માટે અંતરમાં ઠરવું, બહારથી ઉકળવું પણ નહીં. જીવનમાં બાહ્ય પ્રતિકૂળતા જેમ-જેમ સહન કરીએ, સહન કરવાની તમન્ના-ભાવના કરીએ તેમ મન સહનશીલ બને છે અને સત્ત્વ-ધૈર્ય-સહનશીલતા વધતી જાય પછી મોટી પ્રતિકૂળતા કે યાવત્ મરણાંત કષ્ટમાં પણ જીવ સમાધિસ્થ રહી શકે છે.



## પરમાત્મ સ્વરુપને પીછાણવાની પાત્રતા

સર્વજ્ઞ વિતરાગ શ્રી તીર્થંકર પરમાત્મા કે નિરંજન-પરમગતિ પ્રાપ્ત સિદ્ધ ભગવંતોને કોણ જોઇ શકે એટલે કે સંપૂર્ણ પણે જાણી શકે, ઓળખી શકે કે શ્રદ્ધાથી-રુચિથી માની શકે ? આનો સુંદર અને માર્મિક જવાબ પ.પૂ. શીઘ્રકવિ આચાર્ય શ્રી માનતુંગસૂરિ મહારાજે ભક્તામરની को विस्मयोऽत्र यदि नाम गुणैरशेषैः (ગા. ૨૭)માં આપતાં કહ્યું-વિવિધ આશ્રયોથી ઉત્પન્ન થયેલ અહંકાર રુપ દોષ વાળો સ્વપ્નમાં પણ તમને (પ્રભુને) જોઇ શકતો નથી. સાક્ષાત્ જોવાની-જાણવાની તો વાત જ દૂર છે.

અભિમાની સામાન્યથી બીજાના પુણ્યને કે ગુણને જાણી શકતો નથી-વિચારી શકતો નથી. વિશેષથી જે વસ્તુનું કે શક્તિનું વ્યક્તિને અભિમાન હોય તે વસ્તુ કે શક્તિ પોતાનાથી બીજામાં અધિક છે તે ન સ્વીકારી શકે. મદાંધ હોવાથી પહેલા નંબરે જોઇ જ ન શકે, દર્પોન્મત્ત હોવાથી વિચારી ન

શકે, કોઇ પાસેથી સાંભળી લે તો ગર્વિષ્ઠ હોવાથી સ્વીકારી ન શકે.

કોઇપણ વિષય અંગેનું અભિમાન હોય તે આશ્રવ કહેવાય. **આશ્રવની ઉત્પત્તિ કે તેના અંગેની પક્કડ જીવના આત્મિકદોષો જેવા કે કામ-ક્રોધ-લોભ-અજ્ઞાન વગેરેથી થાય છે એટલે કે આત્મિક દોષોથી જે કાંઇ વિચાર વાણી-વર્તન થાય કે શક્તિ યા વસ્તુનો સંગ્રહ થાય તે આશ્રવ કહેવાય.** અને તેનું જેને અભિમાન હોય તે પક્કડ-પક્ષપાત-મહત્ત્વ કહેવાય.

જેમ માણસ પોતાની મહત્તા માને તે અનુચિત છે તેમ દોષ કે આશ્રવની મહત્તા માને તે ય અનુચિત છે. ગુસ્સાથી જ સત્તા-મહત્તા મળે, બીજા કાબુમાં રહે તેવું માનનાર ક્ષમાની મહત્તા ન સ્વીકારી શકે. વિષયો જ શારીરિક સુખાકારિતા-માનસિક પ્રસન્નતા આપે છે તેવું માનનાર વિરાગની મહત્તા ન સ્વીકારી શકે. અને પરમાત્મા તો ક્ષમા-વિરાગની પરાકાષ્ટાએ પહોંચેલા છે તે ન માની શકવાનો, ન વિચારી શકવાનો.


પરમાત્મા સર્વગુણસંપન્ન છે તેથી સર્વ દોષો અને તેનાં કારણ રુપ આચાર-વિચાર-ઉચ્ચારને જે મહત્વ આપે, તેમાં પક્કડ કરે, તેમાં વિશેષતા માને તે વ્યક્તિ તે-તે દોષ અને તેના કારણરુપ મનાદિ ૩ થી રહિત પરમાત્માના તત્-તત્ સ્વરુપને ન ઓળખી શકે. તેથી પરમાત્માના મૂળસ્વરપને પારખી શકતો નથી. અર્થાત્ સંસારની કોઇપણ વસ્તુની-શક્તિની મહત્તા કરનાર તે મહત્તા દ્વારા પરમાત્માની તે વસ્તુ કે શક્તિ રહિત આત્મિક મહત્તા પીછાણી શકતો નથી તેથી તે પરમાત્માના અસ્સલ સ્વરુપને જાણવા અસમર્થ-અયોગ્ય બને છે.

**ઓદયિકભાવની, પૌદ્ગલિક કે ક્ષાયોપશમિક ભાવના ગુણ કે શક્તિને (એનો ગર્વ કરનાર) મહત્વ દેનાર અને તેના દ્વારા જેની પાસે એ શક્તિ છે તેની પોતાની કે બીજાની મહત્તા સ્થાપનાર પ્રભુને સર્વાંશે-પૂર્ણપણે સમજી શકતો નથી.**

જે પૌદ્ગલિક શક્તિ-ઔદયિકભાવની શક્તિઓ કે ક્ષયોપશમભાવની સામર્થ્યતા આ દુનિયામાં પરમાત્મા સિવાય વિશિષ્ટ કોટીની છે તેના કરતાં

અતિવિશિષ્ટ શક્તિથી પરમાત્મા સંપન્ન છે. મતલબ ક્ષયોપશમભાવ ઉપર ક્ષાયિકભાવની અને ઔદયિકભાવની પણ જે બીજે ક્યાંય ન મળે તેવી પ્રકૃષ્ટ પુણ્ય શક્તિ પણ પરમાત્મામાં છે એટલે ભગવાન સિવાય અન્ય પાસે રહેલી શક્તિઓ અધૂરી છે તેને પૂર્ણ જોનાર પૂર્ણતા પ્રાપ્ત પરમાત્માને ઓળખી શકતો નથી. જેમ પોતાને જે અને જેટલું મળ્યું તેને જ સર્વસ્વ બધુ માનનાર બેસી જાય છે. અધિકવાળાની કાંઇ પડી નથી હોતી કે તે મેળવવા પ્રયત્નશીલ પણ થતો નથી.

પરમાત્માને પૂર્ણ ગુણ અને પૂર્ણ શક્તિ રુપે જોનાર, તે સિવાયની દુનિયાની અજબ અને આકર્ષિત કરનાર તમામ શક્તિ અને ગુણોને અપૂર્ણ-અધકચરી માનનાર પરમાત્માને જાણી શકે છે તે સમકિતિને હોય છે. આ માન્યતા વગર ભાવથી સમ્યક્ત્વ ન હોય. અને આ જ આત્મા એક દિવસ સ્વયં પૂર્ણ ભાવને પ્રાપ્ત કરે છે.



जह जह दोसा विरमति
जह जह विसएसु जाइ वेरग्गं ।
तह तह विन्नायव्वं
आसन्नं, से य परमपयं ॥

**ઇન્દ્રિય પરાજય શતક**

આવે મોક્ષ નિકટમાં

આ શ્લોકમાં મોક્ષની નિકટ રહેલા આત્માને ઓળખવાનું સ્વરુપ બતાવ્યું. જો પ્રથમ લાઇનમાં બતાવેલ બે વાત માટે આપણે પ્રયત્ન કરીએ તો એ (મોક્ષ) પ્રાપ્ત થાય અને આપણો આત્મા મોક્ષની નિકટ થાય, નિકટ છે તે જાણી શકાય.

પ્રથમ વાત છે-જે દોષો આપણા આત્મામાં-મનમાં અને પ્રવૃત્તિમાં આવે છે તે અટકવા જોઇએ. મોક્ષે જવાનું એટલે સર્વદોષો રહિત બનવાનું, સર્વગુણ સંપન્ન બનવાનું. એમાં ગુણો તો આત્મામાં સ્વભાવથી રહેલા છે પણ કર્મના કારણે, વિપરિત જ્ઞાનના કારણે, અશુભ સંસ્કારના કારણે ગુણોને ઢાંકીને દોષો આત્મા પર છે. તે પણ સંસ્કાર રુપે, કર્મના ઉદય રુપે, મનમાં વિચાર, રુચિ,

લાલસા, વાસના, આવેશ વગેરે રુપે અને પછી ઉપયોગ પૂર્વકની-રસ પૂર્વકની પ્રવૃત્તિરુપે કાયામાં પ્રગટ થાય છે.

સમુદ્રમાં રહેલ માટીથી લેપાયેલ તુંબડા પરથી જેમ-જેમ માટી હટતી જાય તેમ-તેમ ઉપર આવતું જાય તેવી જ રીતે જેમ જેમ પુરુષાર્થથી આની અટકાયત, અલ્પતા, ઘટાડો કરતો જાય, જેમ જેમ દોષો ઘટતા જાય તેમ-તેમ આપણો આત્મા મોક્ષની નિકટ બને છે. આ પ્રયત્ન કરવાથી દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયનો ઘટાડો અને નાશ થાય છે. માટે હંમેશા-વારંવાર ધર્મના આરંભથી અંત સુધી રહેલા છદ્મસ્થ આત્માએ દોષોને જોવા, જાણવા, રોકવા, ઘટાડવા, પ્રયત્ન કરવો અનિવાર્ય-જરુરી છે.

દોષોનો નાશ એ જ મોક્ષ. એ થશે તેમ ગુણોનું પ્રગટીકરણ પણ સ્વયં થતું જ આવશે. અને પ્રાન્તે આત્મા સર્વગુણસંપન્ન બનશે. દોષોની મંદતા, રોકાણ, ઘટાડો આ બધુ આત્માનું આંશિક ચારિત્ર છે. એના કારણભૂત (=પાપ પ્રવૃત્તિઓ અને પાપની વિચારણાઓને રોકવારુપ) ભાવનાઓ અને નિવૃત્તિ રુપ બાહ્ય ચારિત્રના અંશો છે માટે દોષોના રોકાણની પ્રવૃત્તિમાં પ્રયત્ન કરવો એ વિશેષ-અતિ વિશેષ આરાધના છે.

બીજીવાત છે **વૈરાગ્યની પ્રાપ્તિ વગર દોષોની ઓળખાણ અને તેને દૂર કરવાની રુચિ થતી નથી.** માટે આત્મામાં જેમ જેમ વૈરાગ્યભાવના-દ્દષ્ટિ જાગૃત કરીએ, ત્યાગ-તપ-આચાર અને દોષોના બાહ્ય ત્યાગ અને તે માટેની વિચારણાથી જો આત્મા વૈરાગ્યમય બનવા પ્રયત્ન કરે તો તેના પ્રભાવે દોષોને અટકાવવા માટે જીવની રુચિ અને પ્રવૃત્તિ તીવ્ર અને સતત બને. વૈરાગ્ય-ભાવના અને વૈરાગ્ય દ્રષ્ટિને નિર્મળ અને સ્થિર બનાવવા માટે અંતર્મુખ બનવું જોઇએ, ત્યાગપ્રધાનદ્રષ્ટિ, પુદ્‌ગલના આનંદનું રોકાણ, ભાવનાઓથી જીવને ભાવિત બનાવવો અને રાખવો જોઇએ. એ માટે આચારમાં શક્ય ઉગ્રતા, કડકાઇ, વિવેકપણું પકડી રાખવું પડે. કેમકે આચાર એ આગળ વધવા પગથિયા છે. તે માટે શાસ્ત્રોમાં **દરેક ભૂમિકાને ટકાવવા અને આગળ વધારવા આચારો બતાવ્યા છે એનું વ્યવસ્થિત પાલન એ વ્યવહાર વૈરાગ્ય છે**

**અને એની રુચિ, લાગણી એ ભાવ વૈરાગ્ય છે.** એ માટે આચારની સાથે વૈરાગ્ય ગ્રંથો અને આચાર ગ્રંથોનો અભ્યાસ પણ કરવો જોઇએ. આ ગ્રંથોનું ચિંતન-મનન-ભાવન- ઉપસ્થિતિ આત્મામાં આચારની અને આત્મદ્રષ્ટિની રુચિ અને પ્રયત્ન ઉભો કરે છે. માટે ચરણ-કરણાનુયોગ અને એની સાથે વણાયેલ વૈરાગ્યને ધર્માત્માએ જીવનમાં નિરંતર આત્મસાત્ કરવો.

માટે વૈરાગ્યને જે જે વાત, પ્રવૃત્તિ અને વિચારણા મંદ કરે, ઘટાડે તે ગુણોને પણ મંદ કરે, ઘટાડે અને દોષોને પોષે છે માટે સદા આરાધનાના પુરુષાર્થવાળું ઉદ્યત જીવન બનાવવા પ્રયત્નશીલ બનવું અને એ પાવરફુલ રહે, બને તે માટે વૈરાગ્યના ગ્રંથોનું અધ્યયન, ઉપસ્થિતિ, પરાવર્તન, ભાવન, વાંચન જીવનમાં મુખ્ય રાખવું તો જીવનનો અનહદ-અતિવિશિષ્ટ આનંદ અનુભવાશે એ માટે પ્રયત્ન કરશો.

## ''મોહરાજાની તાબેદારી (બનાવે) અધ્યાત્મનો અનધિકારી''



હર કોઇ ક્ષેત્રનાં નાનાથી માંડી સૌથી મોટા સ્થાન અને માન ને મેળવવા માટે તેના અધિકારી=યોગ્ય બનવું પડે છે. કેટલાય નિયમનોનો સ્વીકાર-કેટલીય પરિક્ષાઓમાંથી પસાર થયા બાદ પાત્રતાનુસારે તે મળતા હોય છે. તેમ આધ્યાત્મિક જગતમાં પણ અપુનર્બંધક પણું-માર્ગાનુસારિતા-સમ્યક્ત્વ દેશ-વિરતિપણું-સર્વવિરતિપણું-દ્રવ્યધર્મ-ભાવધર્મ વગેરે અનેક સ્થાન-કક્ષાએ પહોંચવા આત્માની કર્મલઘુતા-કર્મ-ક્ષયોપશમ આદિ યોગ્યતા પ્રાપ્ત કરવી પડે છે. તે માટે પ્રવૃત્તિ અને નિવૃત્તિરુપ આચારો ભાવનાઓથી ભાવિત થવું જરુરી બને છે.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે **અધ્યાત્મસાર**ના બીજા અધિકારમાં ભાવધર્મના અધિકારી બનવા માટે એક કંડીશન મૂકી છે **'ગતમોહાધિકારો'** જેના આત્મા પરથી મોહનો અધિકાર

ઉઠી ગયો, મોહનું સામ્રાજ્ય જ નથી. અહીં જેના આત્મામાં મોહનો ઉદય નથી એમ ન કહેતા મોહનો અધિકાર નથી તેનું કારણ ઉદય તો ૧૦ માં ગુણઠાણા સુધી હોય છે.

**અધિકાર એટલે એના વગર, એની આજ્ઞા વગર, પ્રેરણા વગર કશું ન થાય.**

**મોહ એટલે પુદ્ગલદ્રષ્ટિ, જેની તમામ વિચારણા-વર્તન-વાણી મોહની પ્રધાનતાવાળી હોય, પ્રધાનતવાળી એટલે પોદ્ગલિક પક્ષપાતવાળી.** જેમાં આત્મા કે ધર્મ, પરલોક કે પરમાત્મા નજરમાં-લક્ષ્યમાં ન રહેતા માત્ર ને માત્ર પુદ્ગલો જ હોય પછી ચાહે તે શરીરના નામે કે શક્તિના નામે, પૈસા રુપે કે પરિવાર રુપે, સામગ્રી રુપે કે સાહ્યબી રુપે રહેલા હોય. આને જ મેળવવાની-સાચવવાની-ટકાવવાની-પોષવાની વિચારણામાં રમતો હોય. તેનો ક્યાંય હ્રાસ કે નાશ થતાં આકુળ-વ્યાકુળ થાય, સંકલ્પ વિકલ્પોથી ગ્રસ્ત બને.

જે પુદ્ગલો વચ્ચે રહેતો હોય, બહારથી તેમાં રમતો દેખાતો હોય છતાં જેને પુદ્ગલની તે તે વસ્તુ આદિની મમતા-પક્કડ-ગાંઠ ન હોય તે આત્મા મોહની પ્રધાનતાથી મુક્ત કહેવાય એટલે તેની આજ્ઞા-તાબેદારીથી મુક્ત હોય.

જે જાતે બીજાની આજ્ઞા માનવામાં-સ્વીકારવામાં પોતાની મહત્તા જુવે તે આત્મા તેના અધિકારમાં કહેવાય પછી એ ધર્મ હોય કે મોહ.

જેને જેનું વચન પરાણે માનવું પડે, તેના કહ્યા પ્રમાણે મજબૂરીથી ચાલવું પડે, તેને તેમાં વિશેષ આનંદ તો ન હોય ઉપરથી દિલ દુભાય, તેમાં પોતાની પરાધિનતા દેખાય. તેવી વ્યક્તિ તે આજ્ઞા કરનાર વ્યક્તિના અધિકારમાં ભાવથી ન હોય ''ક્યારે આ ગુલામીમાંથી છુટું'' તેવી ઝંખના હોય તેને અધિકારમુક્ત કહેવાય.

જે ભાવથી મોહના અધિકારમાં=તાબામાં ન હોય તે ભાવથી ધર્મને યોગ્ય છે, તે ભાવધર્મનો અધિકારી છે.

આ અવસ્થાની આંશિક કાયમી શરુઆત અપુનર્બંધકદશાથી થાય છે.

કારણ કે **અચરમાવર્તમાં અને અર્ધપુદ્ગલપરાવર્તથી વધુ સંસાર સ્થિતિવાળા જીવોને શુદ્ધ આત્મ-ગુણાત્મદ્રષ્ટિનો ભાવ જ હોતો નથી.** પ્રધાનતયા આચાર રુપે પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનકથી થાય છે. તેથી આંશિક ભાવ અધ્યાત્મ અપુનર્બંધકપણાથી અને પ્રધાનપણે ભાવના-વિચારણા રુપે ચોથે ગુણઠાણે પણ હોય છે. વ્યવહાર અને ભાવ ઉભય રુપે અધ્યાત્મ પાંચમાં ગુણઠાણાથી ગણાય છે.

જે આત્મા મોહના અધિકારથી મુક્ત હોવા છતાં એના કુંડાળામાં=પુદ્ગલવિષયક રાગ-દ્વેષ-ભોગ-સંગ્રહમાં અટવાયેલ છે તેની પ્રવૃત્તિ આત્માને ઉદ્દેશીને નથી. તેની દ્રષ્ટિ આત્માની હોવા છતાં તેની પ્રવૃત્તિ મોહ અને અજ્ઞાનને સૂચવનારી છે. એવા જીવની દ્રષ્ટિ આંશિક આધ્યાત્મિકતા યુક્ત હોવા છતાં પ્રવૃત્તિ-વ્યવહાર આધ્યાત્મિક નથી. આને આંશિક અધ્યાત્મ કહેવાય.

જે કાળે આત્માની દ્રષ્ટિ-ધ્યેય-ઉદ્દેશ-વિચારણામાં પુદ્ગલની ગૌણતા હોય કે પુદ્ગલની દ્રષ્ટિ ન હોય તે વખતની તે આત્માની પ્રવૃત્તિ શુદ્ધ અને અશુદ્ધ બે પ્રકારે હોય. (૧) શુદ્ધ એટલે ધાર્મિક અને સર્વજ્ઞ વીતરાગની આજ્ઞાથી નિયંત્રિત અથવા ગુર્વાજ્ઞાથી નિયંત્રિત. (૨) અશુદ્ધ એટલે વૈરાગી આત્માની-આત્મદ્રષ્ટિ પામેલાની અઢાર પાપસ્થાનોની પ્રવૃત્તિ. આ પ્રવૃત્તિને અધ્યાત્મ ન કહેવાય પણ વૈરાગ્યમયદ્રષ્ટિ હોવાથી વિવેકયુક્તદ્રષ્ટિના કારણે એટલા પુરતું અધ્યાત્મ છે. એની બાહ્ય પ્રવૃત્તિમાં ત્રણ વિશેષતા રહેલી હોય છે.

**પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નહીં ભાવરાગ રે,**
**ઉચિત સ્થિતિ જેહ સેવે સદા તેહ અનુમોદવા લાગ રે ।। અમૃતવેલ સજ્ઝાય...**

આ પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાના વચનાનુસારે અનુમોદના યોગ્ય જેને કહ્યો તેની આ ત્રણ વાતોથી. (૧) પાપ સ્થાનોની પ્રવૃત્તિમાં પણ તીવ્ર ભાવ ન હોય (૨) સાંસારિક વિષયો પર ગાઢ આદર ન હોય (૩) ઔચિત્ય-મર્યાદા પાલન હોય. આ રીતે પાપ પ્રવૃત્તિમાં પણ આ વાતો અધ્યાત્મ ભાવ

અંતર્ગત હોવાથી આંશિક ક્રિયાશુદ્ધિ છે, આંશિક ભાવશુદ્ધિ છે માટે આંશિક અધ્યાત્મ છે.

જેની ક્રિયા આત્માની દ્રષ્ટિને મુખ્ય કરીને આજ્ઞાની પરતંત્રતા-આદર-વિધિ વગેરેથી શુદ્ધ રીતે ઉચિત રીતે પ્રવર્તે છે તેવા પાંચમા-છઠ્ઠા વગેરે ગુણ સ્થાનવાળા જીવોને દ્રષ્ટિ અને ક્રિયા બન્નેની શુદ્ધિ હોવાથી તેને વાસ્તવિક શુદ્ધ અધ્યાત્મ કહેવાય છે. એટલે અપુનર્બંધકદશાની પહેલા અધ્યાત્મ રહિત અવસ્થા છે. અપુનર્બંધકપણાથી દ્રવ્ય અને ભાવ બન્ને આંશિક અધ્યાત્મ છે. ૪ થે કંઇક વધારે = પ્રધાન ભાવ અધ્યાત્મ સાથે આંશિક દ્રવ્ય અધ્યાત્મ છે. ૫-૬ અને ઉપર ઉભય (દ્રવ્ય-ભાવ) અધ્યાત્મ ક્રમશઃ તીવ્ર-તીવ્રતર થતા જાય છે.

અધ્યાત્મની **પ્રથમ ભૂમિકા** ગતમોહાધિકારવાળા=મોહના અધિકાર વિનાનો આત્મા. **બીજી ભૂમિકા** આત્મદ્રષ્ટિ=નિરંતર પુદ્‌ગલરહિત શુદ્ધ આત્મ દ્રષ્ટિ, એની રુચિ, એ તરફ લાગણી. આ ભૂમિકામાં સાવદ્ય પ્રવૃત્તિ પણ હોય. નિરવદ્ય પ્રવૃત્તિ પણ અધૂરી-ખોડ-ખાંપણવાળી-પ્રમાદ યુક્ત હોય. **ત્રીજી ભૂમિકામાં** પુદ્‌ગલદષ્ટિરહિત થયેલ, આત્મદષ્ટિયુક્ત બનેલ અને આચાર શુદ્ધિ આજ્ઞા પારતંત્ર્ય અને ભાવશુદ્ધિયુક્ત હોય તે આત્મા પૂર્ણ અધ્યાત્મનો વ્યવહાર અને નિશ્ચયથી અધિકારી છે.

અહીં પહેલી ભૂમિકા ન હોય તેને ત્રણે ય ભૂમિકાનું ભાવ અધ્યાત્મ ન હોય.

બીજી ભૂમિકાવાળાને પહેલી ભૂમિકા અવશ્ય હોય-ત્રીજી ન હોય.


ત્રીજી ભૂમિકાવાળાને નીચેની બે અવશ્ય હોય. જેમ-જેમ આત્મા ઉપર જાય તેમ-તેમ નીચેનું સહજ રુપે તેની અંદર રહેલું હોય છે.

૩ જી ભૂમિકાવાળા સર્વ આરાધક બતાવ્યા છે. ૨ જી ભૂમિકાવાળા દેશવિરાધક છે અરુચિ પ્રધાન ન હોવાથી બહુલ વિરાધક ન કહ્યા. એ જ રીતે પ્રથમ ભૂમિકાવાળા માટે પણ વિરાધકપણું પૂર્વ કરતાં વધારે હોવા છતાં મોહાધિકાર ગયો હોવાથી દેશવિરાધકપણું સમજવું. આ ભૂમિકાઓ સિવાયના આત્માઓ મોહાધિકાર યુક્ત હોવાથી. જે ધર્મકરણી કરે છતાં તે ભાવથી

સર્વ આરાધક નથી અને દેશઆરાધક પણ નથી. તેમને સર્વવિરાધક અથવા વ્યવહારથી આંશિક આરાધક હોવાથી બહુલ વિરાધક કહ્યા છે.

તથા જેને અરુચિ પ્રધાન થાય તેવા નિહ્નવ વગેરેને બહુલવિરાધક જાણવા પૂર્વે આરાધકપણું હતું માટે. અને જે આત્માઓને ભવનિર્વેદ નથી તે અચરમાવર્તિ વગેરે ભાવથી સર્વવિરાધક છે.

આમ દેશવિરાધકપણાની ભૂમિકા માટે પણ આત્મા ઉપરથી મોહનું આધિપત્ય તોડવું જરુરી બને છે. ગુલામીમાંથી મુક્ત થયેલ વ્યક્તિ જ આગળ વધવાનો વિચાર અને પ્રવૃત્તિ કરી શકે છે. બંધનમાં રહેલ વ્યક્તિ વિચારોથી પણ કુંઠીત બનતો હોય છે. તે માત્ર શારીરિક જ નહીં માનસિક પણ ગુલામી ભોગવતો હોય છે. માટે જ સ્વતંત્રતા પામવાની દરેક સુજ્ઞવ્યક્તિ ખેવના રાખતો હોય છે. તેથી સંપૂર્ણ મોહને ખતમ કરવાનું સામર્થ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આત્મા પરથી તેનું આધિપત્ય તો હટાવવું જ. આપણે નહીં તેને જ માયકાંગલો બનાવવો...



## અંતરાયો તોડવા છે ?

મોક્ષના માર્ગે ડગ માંડનારા પ્રત્યેક વ્યક્તિને આધ્યાત્મિકતાની પ્રાપ્તિની ઝંખના રહે જ છે. અધ્યાત્મ એ તેની મૂળભૂત શોધ છે. આવા જીવે જે-જે અધ્યાત્મના સાધનો-ક્રિયાઓ-પ્રવૃત્તિઓ-સાવચેતીઓ-વારંવાર વિચારણા-આચરણા-કાળજીથી આત્માને ભાવિત બનાવનારી ભાવનાઓ-મર્યાદાની વાડો તેના વિષયનું જ્ઞાન-તેમાં નિઃસંદેહતા-સ્પષ્ટબોધ-એનું વારંવાર પરાવર્તન-સતત વિચારણા-અધ્યાત્મયુક્ત જ્ઞાની-ત્યાગી-સંયમી-ધર્મી આત્માઓ આ બધા સાથે રહેવું, આ બધા માટે હૃદયમાં ગૌરવ-આદર રાખવા.

ઉપરોક્ત ૧૪ સ્થાનોના આચરણથી (૧) અધ્યાત્મને અનુકૂળ ઉત્તમ ગુરુ-સાધના-ગુણ આદિની પ્રાપ્તિ થાય છે. (૨) એમાં પ્રસન્નતા આવે છે (૩) એમના સાન્નિધ્યમાં રહેવું ગમે છે (૪) તેમાં પ્રવૃત્ત થવા ઉત્સાહ જાગે છે. (૫) પ્રવૃત્તિ પહેલા કે પછી પણ

આનંદ જાગૃત હોય છે. (૬) વારંવાર પ્રવૃત્તિની ભાવના કરવાથી-રાખવાથી પ્રમાદ-આળસ-ઉપેક્ષા નથી આવતા. (૭) સંયોગવશાત્ પ્રવૃત્તિ ન થાય ત્યારે પણ કરવાની લાગણી-ભાવના વારંવાર રહે છે. (૮) જેટલું શકય બને તેટલું કરતો જ રહે (૯) બીજા કરનારાની પ્રશંસા-અનુમોદના કરે (૧૦) તેમને જરુરી સહાય-પ્રોત્સાહન કરે.

આ બધા કાર્ય અંતરંગ આદરના છે. એનાથી અધ્યાત્મના અંતરાયો તૂટે છે. એનાથી આચારોમાં ચીવટ-સૂક્ષ્મતા-વિશિષ્ટતા-ઉત્સાહ આવે છે. **જેમ વ્યવહારમાં પણ આદર અને પ્રવૃત્તિમાં ચીવટવાળો માણસ આગળ આવતો હોય છે. વ્યાવહારિક અંતરાયો તોડે છે તેમ અધ્યાત્મમાં અને બાહ્ય આરાધનામાં પણ આદર અને કાળજીથી પ્રવર્તનાર વિશિષ્ટ પુણ્ય મેળવે છે. અંતરાયો તોડે છે અને અધ્યાત્મ માર્ગે પણ આગળ વધે છે.**

આદર અને કાળજીપૂર્વક સૂક્ષ્મબુદ્ધિથી કરાતી પ્રવૃત્તિ ઉત્સાહ અને આનંદ આપે છે. આ બન્નેના કારણે વચમાં આવતા વિઘ્નોને તોડવાનું સામર્થ્ય પ્રગટ થતાં અંતરાયો નષ્ટ થાય છે. પાપનું કાર્ય હોય તો પણ તાત્કાલિક નિર્બળ અંતરાયો તૂટે છે. પુણ્ય ઉદયમાં આવે છે, એ રીતે ધર્મકાર્યમાં-અધ્યાત્મકાર્યમાં પણ નડતા અંતરાયો ખતમ થાય છે. ધર્મ આરાધનાની પ્રાપ્તિ થાય છે.

અધ્યાત્મના અંતરાયો તોડવા માટે અને વધુ આગળ વધવા માટે વાંચના-પૃચ્છના-પરાવર્તના-અનુચિંતન-ક્રિયા-સદ્ધર્મના આવશ્યકો અહીં આલંબન બને છે. આ અને બીજા પણ આલંબનો જીવને સન્માર્ગમાં સ્થિર કરે છે અને ઉપર ચઢાવે છે આવું **અધ્યાત્મસારના ૧૬માં અધિકારમાં બતાવ્યું છે.** તથા આ આલંબનોના આદરથી ઉત્પન્ન થયેલ વિઘ્નનાશની સિદ્ધિના કારણે ધ્યાનાદિ સાધનાથી પડી જવું કે ધ્યાનાદિ નષ્ટ થવા વગેરે સાધકોને થતું નથી. સૂત્રનો અભ્યાસ-અર્થજ્ઞાન-તેનું ચિંતન-તેનું ઉંડાણ અને તત્ત્વમાં નિઃસંદેહતા તથા સદ્ધર્મના કાર્યો-આચારો-ધર્મીઓ આ બધાના મજબૂત આલંબનથી જીવ આચારમાં-આરાધનામાં-ભાવનામાં સતત ઉપર ચઢે છે અને આગળ વધતો રહે છે.

આ આલંબનો પ્રત્યેના આદરના કારણે જીવને એની ઉપાસના-આરાધનાના જે અંતરાયો હોય=અંતરાય કરનાર કર્મ-પ્રમાદ-અનુત્સાહ-આળસ કે ઉપેક્ષા હોય તેનો નાશ થાય છે અને તેના કારણે આરાધક તે-તે આરાધનાના માર્ગ ઉપરથી પડતો નથી-નીચે ઉતરતો નથી. આનો અર્થ એ છે કે આરાધના બે પ્રકારે છે. પ્રવૃત્તિરુપ અને ભાવનારુપ. બન્નેમાં જ્ઞાન સહકારી કારણ છે. **પ્રવૃત્તિ જો આદર અને કાળજીપૂર્વક કરવામાં આવે તો એ પ્રવૃત્તિ અને એની રુચિ જીવમાંથી જતી નથી. કેમકે જો આદર જાય તો કાળજી જાય, કાળજી જાય એટલે રુચિ જાય અને રુચિ જાય એટલે પ્રવૃત્તિ ઢીલી પડે અને ક્રમશઃ નાશ પામે. આદર એ ભાવનાનું પ્રારંભિક રુપ છે.** વિચારણા, વારંવાર વિચારણા કરવી એ વ્યવહારિક ભાવના કહેવાય. એનાથી સંવર-આશ્રવ ઉપર ક્રમશઃ આદર-અનાદર ઉત્પન્ન થાય એ વાસ્તવિક ભાવના છે. આનાથી સંવરમાં પ્રવૃત્તિ, આશ્રવોથી નિવૃત્તિ થાય. અને આ પ્રવૃત્તિ-નિવૃત્તિમાં કાળજી પણ આવે છે. કાળજી એ પ્રયત્ન વિશેષ છે તેનાથી વિશિષ્ટ આદર આવે. તેનાથી વિશેષ પુરુષાર્થ આવે. આમ બન્ને પરસ્પર વધતા આંતરિક સંપૂર્ણ ગુણપ્રાપ્તિ કરાવે છે. વચ્ચે અટકતા નથી. બન્નેમાંથી એક અટકે તો બીજો અટકે અને પછી ક્રિયા-સાધના અટકે.

**કોઇપણ ગુણો અને સારા કાર્યના અંતરાયના (૩) પ્રકાર બતાવ્યા છે. (૧) બાહ્ય અનુકૂળ સંયોગો ન હોય (૨) આરોગ્ય વગેરે અનુકૂળ ન હોય (૩) અરુચિ હોય-અનુત્સાહ હોય-ચિત્તનું બીજે વિશેષ ખેંચાણ હોય.**

પ્રથમ પ્રકારનાં વિઘ્નો માટે જીવનો ભાવ જાગૃત છે, પ્રવૃત્તિ બાધક છે તેથી તેમણે (૧) સંયોગો અનુકૂળ કરવા પ્રયત્ન કરવો, પ્રતિકૂળ સંયોગો ખસેડવા પ્રયત્ન કરવા. (૨) બીજાને સહાય કરવી. (૩) જે કાર્ય કરે છે તેની પ્રશંસા-અનુમોદના-ભક્તિ કરવી. (૪) અન્યને પ્રતિકૂળ પરિસ્થિતિમાં કાયિક-બૌદ્ધિક-આર્થિક આદિ સહાય કરવી, અંતરાયકારક બીજાને સમજાવવા-અટકાવવા. આ બધુ કરવાથી તે-તે વ્યક્તિ ધર્મ આરાધી શકે. આ સહાય કરવા દ્વારા આપણા અંતરાય તૂટે છે. સાધના શક્ય બને છે.

સહાય બધા જ પ્રકારની કરી શકાય જેમ કે ભણવામાં અનુકુળતા કરી આપવી, તપમાં અનુકુળતા કરી આપવી. ટૂંકમાં કોઇપણ યોગમાં જે અનુકૂળતા જોઇતી હોય તે કરી આપવી. આ જ કારણથી દેરાસરમાં કેસર-સુખડ ઘસેલા તૈયાર રખાય છે. પ્રક્ષાલ માટે દૂધ-પાણી તૈયાર રખાય છે. આ શ્રી સંઘ તરફથી વ્યવસ્થારૂપ સહાય છે.

આ સહાયનું કાર્ય અતિમહત્વનું છે. પોતાની સાધના-કાર્ય કરતાં પણ ક્યાંક એનું મહત્વ વધી જાય છે. **વિરાધિત ધર્મવાળાએ** = (કરેલ ધર્મની વિરાધનાથી વ્યંતરાદિમાં ઉત્પન્ન થયેલાએ) **બીજાને પ્રભુ માર્ગના અનેક પ્રકારના ધર્મયોગોમાં સહાય કરતા રહેવું તે સ્વકૃત વિરાધનાથી-તેના અંતરાયથી મુક્ત થવાનો અને ભવાંતરમાં વિશિષ્ટ આરાધનાને યોગ્ય બનવાનો પણ ઉપાય છે. કારણ કે વિરાધના એ અનાદર-અરુચિથી થયેલ હોય છે જ્યારે સહાય એ આદર અને રુચિથી કરી શકાય છે. આ ફરજિયાત છે. મરજિયાત નહીં.** તેમ સહાયક થનાર જેમ અંતરાય તોડે એવી રીતે શક્તિ હોવા છતાં સહાયક ન થનાર ઉપેક્ષાના કારણે અંતરાય બાંધે. પ્રવૃત્તિ કરનારે પણ સહાયક થવું અને પ્રવૃત્તિ ન કરી શકનારે પણ સહાયક થવું. એ રીતે કોઇને સહાયની જરુર નથી પણ પ્રેરણા કરવાની, તેનો ઉત્સાહ વધારવાની જરુર છે તો એ કરવું તે પણ સહાય જ છે એ કરવાથી પ્રવર્તનારનો ઉત્સાહ વધે છે. સારા કાર્યમાં બીજાનો ઉત્સાહ વધારવાથી સારા કામના આપણા અંતરાય તુટે છે. એની આગળ કે બીજાની આગળ પ્રશંસા કરવાથી પણ અંતરાય તુટે. બીજાના ધર્મકાર્યની માનસિક અનુમોદનાથી પણ અંતરાય તુટે. ગૌરવ-આદર-તિલક-પ્રભાવના આપવી વગેરે પ્રશંસાના પ્રકારો છે, વાત્સલ્યના પ્રકારો છે, પ્રભાવનાના પ્રકારો છે, તેનાથી પણ અંતરાયો નષ્ટ થાય.

(૫) પોતે આરાધના કરવાની ભાવના-ઇચ્છા કરે, રોજ સંકલ્પ કરે તો અંતરાય નાશ પામે.

બીજા પ્રકારનો અંતરાય આરોગ્યના કારણે. જેઓ આરાધના ન કરી શકે એમણે પણ ઉપરના ઉપાયો અજમાવવા અને સાથે થાય તેટલી અને થાય

ત્યારે આરાધના કરતા રહેવું.

ત્રીજા નંબરના અંતરાયવાળા એટલે અરુચિ-અનુત્સાહવાળાએ વિશિષ્ટ- વિશિષ્ટતમપણે પરમાત્મભક્તિ-સાધુભક્તિ-સંઘભક્તિ કરવી. આ ભક્તિ- આદર-વિનય સર્વગુણો અને શક્તિઓનું મૂળ છે. તાત્કાલિક કે કાલાંતરે એ અંતરાયો તોડે છે. ભાવાનાના પણ અંતરાય તોડે છે. ભાવના પ્રગટ થાય છે અને શક્તિ સંયોગ પણ મળે છે. ભક્તિ એ વૈરાગ્ય પણ ઉત્પન્ન કરે છે માટે બીજી આરાધના કરનારે કે ન કરી શકનારે **બધા ગુણો-આરાધનાના વિઘ્નો તોડવા, ફરી અંતરાયો ઉદયમાં આવે નહીં તે માટે અને નિર્મૂળ નાશ કરવા જીવનમાં પ્રભુ ભક્તિ-સાધુસેવા-સંઘપૂજા મુખ્ય બનાવવી.** આ વાત **વૈરાગ્ય કલ્પલતામાં** પ્રથમ સ્તબકની ૭૫મી ગાથા અને એની આસપાસમાં મહારાજાના પૂછવાથી સુબુદ્ધિ મંત્રી ઉપાય રુપે બતાવે છે. માટે સતત ભક્તિમય બન્યા રહેવું.



# ''કરણ-કરાવણ-અનુમોદન પહેલા કોનું અનુસરણ''



અનાદિ અનંતકાળથી મોહના દારુના નશામાં સારા-નરસાનો, હિત-અહિતનો વિવેક ગુમાવી ચૂકેલા આત્માને સૌ પ્રથમ તો ધર્મની પ્રાપ્તિ જ નથી થતી અને ધર્મપ્રાપ્ત થઇ જાય તો પણ તેમાં ઉત્સાહ નથી હોતો.

ધર્મ કે પાપના ત્રણ પ્રકાર પડે ૧) કરણ = સ્વયં કરવું ૨) કરાવણ = પોતે સંયોગાદિના કારણે ન કરી શકે અથવા પોતે એક સાથે બધા કાર્યો ન કરી શકે તેથી જાતે એક કરે અને બાકીના અન્ય પાસે કરાવે. ૩) અનુમોદન=કરેલા કે કરાતા કાર્યો પ્રત્યે હૃદયનું આનંદિત થવું.

**કરણ (કરવા) રુપ ધર્મ તો સમજણ વગર પણ જીવનમાં આવી જાય છે. જ્યારે સમજ-શ્રદ્ધા-ઉત્સાહ વિના કરાવણ અને અનુમોદન રુપ ધર્મ પ્રાયઃ નથી હોતો. જ્યારે પાપ તો**

**અનાદિકાળથી સંસ્કારથી દ્રઢમૂલ હોવાના કારણે વિશેષ સમજણ વગર પણ તે કરણ, કરાવણ અને અનુમોદન રુપ હોય જ છે.**

પાપની પાપ રુપે=હેય રુપે=છોડવા લાયકરુપે સમજણ-લાગણી ઉત્પન્ન થાય ત્યારે તેવા ધર્માત્મા પાપના વિચાર-વાણી-વર્તનમાં દુ:ખી થતા હોવાથી બીજાની પાપોની અનુમોદના તો કરે જ કેવી રીતે ?

મોદન (=રાજીપો-હર્ષ) વગર અનુમોદન આવતું નથી. સંસાર લઇને બેઠા હોવાથી કર્મયોગે કરવી પડતી પોતાની પાપપ્રવૃત્તિ વગેરેમાં આપેક્ષિક=આંશિક મોદન હોય, આશ્રિતોની અને કુટુંબ વગેરેની પ્રવૃત્તિ વગેરેમાં ફરજ રુપે પ્રવર્તન અને સંસ્કારના કારણે આંશિક મોદન હોય પરંતુ બાકીના અન્ય જીવોના પાપમાં મોદન હોય. તો ભાવની ધર્મની મંદતા ગણાય. જેમ જેમ ભાવધર્મ-વૈરાગ્ય ભાવના વગેરે તીવ્રતર બને તેમ તેમ પરકૃત પાપસ્થાનનું મોદન ઘટતું જાય. સ્વકૃત પાપનું પણ મોદન ઘટતું જાય.

બીજાના પાપનું મોદન એ જેમ અનુમોદન કહેવાય તેમ પોતાના પાપોનું પણ પાછળથી મોદન (=પાપને યોગ્ય ઠેરવવું અને તેનાથી થયેલ લાભમાં આનંદ પામવો) એને પણ અનુમોદન કહેવાય. આ અનુમોદન ધર્માત્માને ન હોય, અને જો હોય તો ધીમે ધીમે ઘટતું જાય. ભાવધર્મની વૃદ્ધિ-વૈરાગ્ય-વિવેકની વૃદ્ધિ થતી જાય. કારણ કે ધર્માત્માએ પણ વ્યવહારથી પાપના સ્થાનોમાં કે પ્રવૃત્તિમાં ઔપચારિક હાજરી આપવી પડે કે વાણીથી પ્રશંસા કરવી પડે છતાં એ અંદરથી દુભાતો હોય, ટળે એટલું ટાળતો હોય જે ભરત મહારાજાના જીવનમાં જોવા મળે છે.

**ચાર ક્રોડ મણ અન્ન નિત સીઝે, લૂણ દશલાખ મણ લાગી;**
**ત્રણ ક્રોડ ગોકુલ નિત દૂજે તો ભી ન હુઆ અનુરાગી...**
**ભરતજી મન મેં હી વૈરાગી ।।**

માટે **જીવનમાં અનુમોદના સ્વરુપે પાપ અધિક ને અધિક છોડતા**

જવું. આમાં પોતાની લાગણી-રુચિ સિવાય બીજુ કોઇ આડું આવતું નથી મતલબ અનુમોદના કરવી કે ન કરવી એ આપણા ઉપર છે, કોઇ આપણને દબાણ કરી શકતું નથી, ફરજ પાડતું નથી. માટે સૌ પ્રથમ પાપ અનુમોદન છોડવું.

ધર્મી-અંતર્મુખ આત્માએ અધર્મની-આશ્રવોની-પાપ પ્રવૃત્તિની પ્રશંસા-અનુમોદના છોડવાનો પ્રયત્ન કરવા સદા તત્પર બનવું. **સ્વ-પરકૃત પાપ અનુમોદન છોડવું એ મોટો નિવૃત્તિભાવધર્મ છે.**

પાપ કરાવવાનું સર્વથા ન વર્જાય ત્યાં સુધી અનિવાર્ય સિવાયનાને પાપોપદેશ-પાપપ્રવર્તન-પાપમાં પ્રેરણા-પાપમાં સહાય વગેરેમાં જેને પાપ સમજાય તે છોડે. ધર્માત્મા આને છોડવામાં પણ કાળજીવાળા હોય છે. બીજા પાસે કરાવાતાં જીવન વ્યવહારના અનિવાર્ય જરુરી પાપો કરાવવા છતાં ધર્મી એમાં ફરજ સમજે તેથી વિશેષ રુપે આનંદિત ન હોય તેથી તેવા કાર્યની અનુમોદના કરતા નથી, કરાવણ હોવા છતાં અનુમોદનાના બદલે અંતરમાં આંશિક પશ્ચાત્તાપ હોય છે. તેથી ભાવધર્મની પ્રાપ્તિ થયે છતે લગભગ ઘણા અનુમોદનાનાં પાપ જતા રહે છે.

બધાના જીવનમાં કરણ અને કરાવણના પાપ તો સંખ્યા અને પ્રમાણમાં ઘણા અલ્પ હોય છે કેમ કે જીવની પાપ કરવાની કે કરાવવાની શક્તિ પરિમિત છે. ક્વચિત માનસિક રીતે બધા પાપો કરવાની વિચારણા કોઇ શેખચલ્લીની જેમ કરે તે વાત જુદી.

પાપની કરણ-કરાવણની ક્વોલિટી પણ નાસ્તિક મિથ્યાત્વીની જેટલી-તીવ્ર હોય છે તેટલી ભાવસમકિતીની ભાવ અપુનર્બંધકની નથી હોતી. તેથી કરણ-કરાવણનું પાપ પ્રમાણની દ્રષ્ટિથી બીજા જેવું સામાન્યથી મનાય. જયણા-કાળજીવાળા જાગ્રત આત્માને એ પણ ન મનાય કેમકે **ક્વોલીટીનું પાપ ભાવધર્મીને મિથ્યાત્વી કરતાં અનંતમા ભાગે બતાવ્યું છે.** અપુનર્બંધકથી નીચેની અવસ્થાવાળા મિથ્યાત્વી સર્વવિરાધક કે બહુલ વિરાધક હોય છે.

ભાવધર્મસહિતના અપુનર્બંધક અને સમકિતિ અપેક્ષાએ=વ્યવહારથી દેશઆરાધક હોય છે. હૃદયથી ધર્મનો, સંવર-નિર્જરાનો પક્ષપાત-રુચિ-લાગણી આવે તેમ આશ્રવની લાગણી ઘટે, તેના તરફ અરુચિ જાગે, હેય તરીકેની પક્કડ આવે, તેથી તે પાપોનો પક્ષપાત જાય બહુધા ઘણા પાપોની અનુમોદના પણ જાય, અને કરણ-કરાવણથી અલ્પ રહે. માટે ભાવધર્મી ભાવથી દેશવિરાધક કહેવાય, બહુલ આરાધક કહેવાય. ભાવસંયમી સર્વઆરાધક કહેવાય. ટૂંકમાં ભાવધર્મીને ભાવઆશ્રવ-પાપની અનુમોદના લગભગ જાય, કદાચ રહે તો આંશિક રહે, કરણ કરાવણ પણ આંશિક હોય.

આથી વૈરાગ્ય વગર પાપની ભાવ અનુમોદના જતી નથી. વૈરાગ્ય એટલે ચિત્ત ઉદ્વેગ-અરુચિના કારણે પાપની અનુમોદનાનો બહુધા અભાવ. માટે વૈરાગ્ય વિના ભાવધર્મ આવતો નથી. પાપની અનુમોદના બહુધા છોડવી એ વૈરાગ્યનું કાર્ય છે. અને જે અનુમોદના છોડે તેના જીવનમાં કરાવણ અને કરણ ઘટે, નિયંત્રિત થાય. તેના ઉપર અરુચિ વધે. તેથી **ભાવની અપેક્ષાએ પ્રથમ પાપમાં અનુમતિનો ત્યાગ આવે, પછી કરાવણનો અને છેલ્લે કરણનું વર્જન આવે છે. ત્યાગની જેમ ઘટાડવામાં પણ આ ક્રમ છે. જ્યારે વ્યવહારમાં પ્રથમ કરણ ત્યાગ પછી કરાવણ ત્યાગ અંતે અનુમતિવર્જન આવે છે.** શાસ્ત્રોમાં પ્રતિસેવનાનુમતિ-પ્રતિશ્રવણાનુમતિ-સંવાસાનુમતિ એમ ૩ ભેદ દેશવિરતિના છેડે બતાવ્યા છે.

**પ્રતિસેવનાનુમતિ** એટલે પુત્રાદિને સાંસારિક કાર્યોનું સૂચન કરે અને પૂછેલાનો જવાબ આપે.

**પ્રતિશ્રવણાનુમતિ** એટલે પુત્રાદિ સાંસારિક કાર્યો જણાવે તો સાંભળે.

**સંવાસાનુમતિ** એટલે પુત્રાદિ સાથે રહેવાથી તેમના કાર્યોની અનુમતિ ગણાય.

આ પાપની અપેક્ષાએ વાતો કરી.

ધર્મ-ગુણો-સત્પ્રવૃત્તિ વગેરેની અપેક્ષાએ પ્રથમ પ્રધાનતયા અનુમોદના છે. કેમ કે નિયમ એવો છે કે જેની અનુમોદના (=હૃદયમાં રાજીપો હર્ષ) હોય તેમાં કરાવણ અને કરણ ઉલ્લાસથી, ચઢતા રંગે, અપરિમિત જેવું આવે. માટે ધર્મ મેળવવા-આગળ વધવા ધર્મની, ધર્મીની, ધર્મપ્રવૃત્તિની અનુમોદના વિસ્તારથી કે સંક્ષેપથી, જાપથી, પ્રશંસાથી યાદ કરીને વારંવાર કરવી. સવારે ઉઠતા શ્રી સંઘને ધર્માત્માઓને પ્રણામ કરવાનો આ ઉદ્દેશ છે. સર્વમાં રહેલ બધા ધર્મની સહજપણે અનુમોદના થાય.

**પરના ધર્મની અનુમોદના વગરનો સ્વનો કરણ કે કરાવણ ધર્મ અલ્પપ્રાણ કે નિષ્પ્રાણ જેવો છે. જેની અંદર અનુમોદના ધર્મ આવે તે બીજાના ધર્મમાં સહાયક-પ્રશંસક બને કારણ કે સહાયકતા-પ્રશંસા-ઉપબૃંહણા એ અનુમોદનાના સૂચક ચિહ્નો છે. અર્થાત્ જેનામાં અનુમોદના ગુણ હોય તેનામાં જો કોઇ બાહ્ય સંયોગ પ્રતિબંધક ન હોય તો સહાયકતાદિ હોય જ. અને જ્યાં કરાવણ અને અનુમોદના ભેગા ભળે ત્યારે કરણધર્મ પણ પાવરફૂલ હોય છે.**

એટલે ભાવધર્મમાં પ્રથમ અનુમોદના, પછી કરાવણ અને ત્યાર પછી કરણ પ્રધાનતાને પામે છે. વ્યવહારમાં અભ્યાસાર્થે કરણ-કરાવણ હોય તે વાત જુદી છે. જે વ્યક્તિ ધર્મ ન કરી શકે તે ધર્મ બીજા પાસે કરાવે. જે કરતા હોય તેની પ્રશંસા-અનુમોદના કરે જ પણ જે ધર્મ કરી શકતા હોય તેમણે પણ બીજા પાસે કરાવવો અને અનુમોદવો. જે ધર્મ ન કરી શકે, ન કરાવી શકે તે કેવલ અનુમોદના દ્વારા સદ્ભાગી બને. બીજાની અનુમોદના-પ્રશંસા વગર પોતાનો ધર્મ પણ જતો રહે. માટે **ધર્મની ઉપબૃંહણા નહિં કરનાર, પ્રશંસા ન કરનાર ધર્મી ધર્મભ્રષ્ટ થાય છે. યાવત્ અનંત સંસારી પણ બને.**

બાહ્ય વ્યવહારમય કરણ-કરાવણ ધર્મ પરિમિત થઇ શકે જ્યારે અનુમોદના અપરિમિત થઇ શકે. **સર્વત્ર રહેલ ધર્મ-ધર્મી-ધર્મગુણો-ધર્મપ્રવૃત્તિનો અહોભાવથી ઉત્તમ તરીકે, ગુણકારી, લાભકારી તરીકે, ગ્રાહ્ય પરમાર્થ તરીકેનો સ્વીકાર એ અનુમોદના છે.**

હૃદયમાં જે ક્રિયા પ્રત્યે પ્રીતિ થાય તે ક્રિયા કરવી જીવને ગમે અને તેથી ઉલ્ટુ જે ક્રિયા જીવ કરતો રહે તે મોટા ભાગે ગમતી થઇ જતી હોય છે, એના પ્રત્યે મમતા બંધાય. તથા જે વાત પોતાને ગમે તે વાત બીજા કરે તો પણ ગમે, બીજાને કરાવવાનું, તેમાં સહાય કરવાનું પણ ગમે. છોકરાઓ રમત રમતા હોય ત્યારે જેને રમત ગમે તે બીજા રમતા હોય તો જોવા ઉભા રહે, તક મળતાં તેમાં ભાગ લે-સહાય કરે. એ રીતે પતંગ વગેરેમાં પણ એ જ રીતે વેપાર વગેરેમાં પણ સમજવું. એટલે સિદ્ધ એ થયું કે પ્રથમ બીજાની વાત કે કાર્ય ગમે એટલે પોતાને કરવાનું મન થાય. અથવા ગમે તે કારણે પોતાને કરતાં કરતાં તે વાત-કાર્ય ગમે અને એની મમતા-પક્કડ બંધાય. ત્યાર પછી બીજાને તે વાત કે કાર્યમાં સહાયક થાય, કરાવતો થાય અને બીજા જે કોઇ કરે તેની અનુમોદના પણ થાય. ઇર્ષા હોય તો તેટલા પુરતું, તે વ્યક્તિઓ પુરતું કરાવણ કે અનુમોદન ન આવે બાકી બધા પ્રત્યે આવે. જો કે આ ઇર્ષા દૂષણ છે તેથી તે પણ કાઢવી જરુરી.

જો ધર્મક્ષેત્રમાં પોતાના કરણ સિવાય કોઇનું કરણ ન ગમે, તદુપરાંત કરાવણ ન હોય, અનુમોદન ન હોય તો એ ગુણ કે ધર્મ નથી પરંતુ કાષાયિક=ઇર્ષા-દ્વેષ પ્રયુક્ત પુણ્યકાર્ય છે. મુંડકેવલી થનારને પણ માત્ર પોતાની આરાધનાનું લક્ષ હોવા છતાં, બીજાને સામે ચાલીને સહાયક ન હોવા છતાં, પ્રાસંગિક સહાયકપણું-ઉપબૃંહણા-વાત્સલ્ય-સ્થિરીકરણ હોય. આ બધા સહાયકતા આદિ અનુમોદનાના રુપાંતર સ્વરુપ છે. તે ન હોય તો સમ્યક્ત્વ મલીન થાય યા નાશ પામે. ધર્મીઓના ધર્મની અનુમોદના તો એમને પણ જોઇએ. એ રીતે ગણધર વગેરે જીવોને પ્રધાન સહાયક ભાવના ઓછી-વત્તી હોય પણ ઓઘસહાયક ભાવના અને અનુમોદના અવશ્ય હોય. અધ્યાત્મ માર્ગમાં રહેલા બધા ધર્મિને આટલું તો જોઇએ જ.

**ટૂંક સાર-કરણ દ્વારા ઉત્તરમાં પણ કરાવણ-અનુમોદના આવવા જોઇએ. અનુમોદના અને કરાવણ પછી કરણ પણ આવવું જોઇએ તો ધર્મ એ**

**મોક્ષ સુધી પહોંચાડનાર બને. જ્યાં વ્યવહારમાં સંયોગાદિવશાત કરણ ન આવે ત્યાં પણ ભાવના-ક્ષયોપશમ-લાગણીરૂપ કરણ વગેરે ત્રણે આવવા જોઇએ.**

પાપ-અધર્મમાં પણ આ નિયમ છે કે જ્યાં સુધી અનાદિના સંસ્કારોના કારણે પાપની અનુમોદના ન છૂટે ત્યાં સુધી પાપ પ્રવૃત્તિ-પાપવચન ઘટાડવાના- છોડવાના પ્રયત્નો કરવા પૂર્વક કે ભાવનાપૂર્વક કરણથી પાપ છોડતા જવું. તે જ રીતે કરાવણ = પ્રેરણા-સહાયકપણું ઘટાડતા જવું. છોડતા જવું. આમ બન્ને દ્વારા જીવ પ્રથમ કરણ મમત્વને-રુચિને ઘટાડે છે તેનાથી કરાવણ રુચિ પણ ઘટતી જાય છે એટલે સહજપણે અનુમતિની = અનુમોદનાની રુચિ ઘટે છે, જતી રહે છે.

કરણ નિવૃત્તિની અશકયતામાં પાપની ભયાનકતા, દુર્ગતિકારકતા વગેરેની અને વિષયભોગની અશરણતા-અનિત્યતા આદિ ભાવનાઓની વારંવાર વિચારણા, તેને સુચવતા શ્લોકો વગેરેનું વાંચન-ચિંતન-ગોખવું-પરાવર્તન ભાવન કરવાથી પણ એ ખેંચાણ-મમતા-રુચિની તીવ્રતાના સંસ્કારો ઘટે છે, અને ત્યાગ (પાપનો) સહેલાઇથી થઇ શકે છે. પાપની નિવૃત્તિમાં પણ પાપની ભયાનકતા વારંવાર વિચારવાથી પાપનિવૃત્તિ દ્રઢ અને સાહજિક બને છે.

આવી જ રીતે ધર્મની પ્રવૃત્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી અને થાય ત્યારે પણ ધર્મનું મહાત્મ્ય-પ્રભાવ-લાભ-ગુણો-સ્વરુપ આદિની વિચારણા વગેરે દ્વારા ધર્મના અંતરાયો તૂટે છે, એની અરુચિ-અણગમો નષ્ટ થાય છે, રુચિ-પ્રેમ જન્મે છે, વધે છે. જીવનો ધર્મમાં પ્રયત્ન ઉલ્લાસ-આનંદથી થાય છે. બીજાને કરાવવાનો ઉલ્લાસ, બીજા કરે ત્યારે આનંદ સાહજિક થાય છે. માટે ધર્મના પ્રભાવની અને પાપની ભયાનકતાની ભાવના-વિચારણા ધર્મીએ વારંવાર કરતા રહેવી.

આમ વ્યવહારનયથી પાપમાં કરણનિવૃત્તિથી અનુમોદનાની નિવૃત્તિ આવે છે. ધર્મમાં કરણની પ્રવૃત્તિથી અનુમોદના સુધીની પ્રવૃત્તિ આવે છે.

એ રીતે પાપની અનુમોદના ઘટાડવાથી અટકાવવાથી ક્રમશઃ કરણ પણ અટકે છે અને પુણ્ય ધર્મની અનુમોદનાં કરતાં ક્રમશઃ કરણ પણ આવે છે. માટે બન્ને રીતે પ્રયત્ન કરવો, જેથી કર્મનિર્જરા અને શુભ સંસ્કારોના આધાન દ્વારા જીવ વહેલી તકે મુક્તિગતિને પ્રાપ્ત કરે.



## ભવ્ય ભાવના ભાવો



એક કહેવત છે **'આપ ભલા તો જગ ભલા'** એટલે કે આપણે સીધા તો દુનિયા સીધી, પોતે સારા તો જગત સારું, સ્વસુધારમાં સર્વનો સુધાર રહેલ છે.

લોક સુધરે કે ન સુધરે, આપણે સુધરવું જરૂરી. સ્વમાં સુધાર એટલે પોતાના આચાર-વિચાર-ઉચ્ચારમાં પરિવર્તન. **સ્વ અને પરને હિતકારી વર્તન-વાણી અને વલણ એ છે સુધારો.**

બીજા માટે આપણું માનસિક વલણ-ભાવના-ઇચ્છા કેવા હોવા જોઇએ તે માટે આપણે ત્યાંનો એક બહુ પ્રચલિત શ્લોક છે...

**'शिवमस्तु सर्वजगतः'** સર્વ જગતના જીવોનું કલ્યાણ થાવ...આવી ભાવના-વિચારણા અને હૃદયની લાગણી કરવી જોઇએ. એમ કરવાથી—

૧) જગતના કોઇપણ જીવ

ઉપર કોઇપણ જાતનું દુ:ખ-આપત્તિ આવે તેવી ઇચ્છા ન થાય.

આ ઇચ્છા ઘોર અશાતા અને તીવ્ર કોટીના અશુભ પાપબંધ કરે છે અને જીવ થોડા કાળ પછી દીર્ઘકાળ સુધી તીવ્ર દુ:ખી થાય છે. ઉગ્ર ભાવથી બીજાના દુ:ખની તીવ્ર ઇચ્છા થાય તો તત્કાળ ઉગ્ર પાપ બંધાઇને ઉદયમાં આવે છે. જુના પાપો પણ અશુભ પરિણામના કારણે તત્કાળ ઉદયમાં આવે છે અને જીવ બધી રીતે દુ:ખી થાય છે.

શિવમસ્તુની વિચારણા ભાવનાથી બીજાના દુ:ખની ઇચ્છા નથી થતી પરન્તુ બીજાના દુ:ખ-આપત્તિમાં કરુણાભાવ, સહાનુભૂતિ, સહાયકભાવ આવે છે અને આ કરુણાભાવ આદિ ત્રણે પાપકર્મોનો નાશ કરે, પુણ્યકર્મની પ્રાપ્તિ કરાવે અને આત્માને ધર્મયોગ્ય બનાવે છે.

૨) બીજાના સુખ-અનુકૂળતાની ઇચ્છા અને એનો આશય, ઉપરોક્ત ભાવનાથી વ્યક્ત થાય છે અને સ્થિર થાય છે. તે સામાની મનપ્રસન્નતાનું કારણ છે. સાથે આવી આપણી વિચારણાથી આપણી મનપ્રસન્નતાની કાયમી સ્થિતિ સર્જાય છે...મનની અપ્રસન્નતા નાશ પામે છે...મનમાં નવી અપ્રસન્નતા આવતી નથી. કેમકે આ ભાવનાથી મનની પ્રસન્નતાને યોગ્ય પુણ્ય પ્રાપ્ત થાય છે.

૩) શિવમસ્તુની ભાવના એ સર્વ જીવન વ્યવહારનું કારણ છે. બીજાના જીવન વ્યવહારોના સુસ્થતાની ઇચ્છા-વિચારણા-ભાવના એ એક હૃદયની સહાનુભૂતિ છે. તેનાથી આપણા જીવન વ્યવહારમાં બધી રીતે સુસ્થતા પ્રાપ્ત થાય છે. તેના બાધક અંતરાયો નાશ પામે છે.

જેમ, 'જેવું આપીએ તેવું મળે છે', તે નિયમ છે...એમ, 'જેવું બીજા માટે વિચારીએ તેવું આપણું થાય છે' એ વાત પણ જાણવી.

**માટે, બીજા પ્રત્યેની અસદ્‌ભાવના, રુચિ, વિચારણા દૂર કરવા માટે કરાતી બીજા પ્રત્યેની સદ્‌વિચારણા એ આપણા પણ પાપકર્મને-અંતરાયને તોડવાનો એક ઉપાય છે.**

૪) આ શિવમસ્તુની વિચારણાથી મૈત્રી અને પ્રમોદભાવ પણ સ્થિર થાય છે...વ્યક્ત થાય છે...દ્રઢ થાય છે. તેથી ઇર્ષ્યા, દ્વેષ, અનાદર વગેરે આત્માના અશુભ ભાવો વિલીન થાય છે. આનાથી મૈત્રી અને પ્રમોદ ભાવનાની સાહજિક યોગ્યતા પ્રગટે છે. આ ભાવના પણ પુણ્યબંધ ક્ષયોપશમ અને પાપકર્મના નાશનું કારણ છે.

૫) શિવમસ્તુની ભાવના વિચારણાથી જીવની દુર્બુદ્ધિનાશ પામે છે. ક્રુરતા, દ્વેષ, ઇર્ષ્યા નાશ પામે છે. જીવો પ્રત્યે સહાનુભૂતિ આવે છે.

આપણી ભાવના, આપણી સામાને અનુકૂળ પ્રવૃત્તિ, શક્ય ઉચિત પ્રેરણા, એ બીજાના કલ્યાણમાં, અનુકૂળતામાં, પ્રસન્નતામાં કારણ બને છે. સામાના ગાઢ કર્મ ન હોય તો સામો શિવ પામે છે.

આપણે સામાને શિવ પમાડવા પ્રવૃત્તિ, પ્રેરણા કરીએ છીએ એનાથી એ અનેક રીતે શિવ=શાંતિ=ઉન્નતિ=પ્રસન્નતા પામે છે અને એના તરફથી આવી પ્રવૃત્તિ-ભાવનાથી આપણી પણ શાંતિ-ઉન્નતિ-પ્રસન્નતા વધે છે.

માટે, શિવમસ્તુની ભાવના-અર્થ વિચારણા-વારંવાર કરવી અને સામાને અનુકૂળ પ્રવૃત્તિ અને વાણી પણ પ્રવર્તાવવી. આ મોહનીય કર્મના ક્ષયોપશમનો પ્રાથમિક ઉપાય છે.

**પરહિત-નિરતા ભવન્તુ ભૂતગણા :**

જીવો પરહિતમાં તત્પર બનો.

સંસારી જીવો સ્વાર્થ, મોહલંપટ છે, મોહતત્પર છે. એની દ્રષ્ટિમાં પરહિત ગૌણ છે અથવા નથી. જ્યારે સ્વાર્થ સર્વતોમુખી છે. સ્વાર્થ અને મોહ...એ પરહિત થવા દેતા નથી, અટકાયત કરે છે, બગાડે છે. સ્વાર્થ અને મોહ ઘટે તો પરહિત આવે. અથવા પરહિત કરે તો સ્વાર્થ અને મોહ ઘટે.

**પરહિતની દ્રષ્ટિ સ્વાર્થ-મોહની અપ્રધાનતા થાય ત્યારે આવે.** પરહિતની દ્રષ્ટિમાં આત્મહિત સમાયું છે. પરહિતમાં તો વિવેક-ઔચિત્ય સ્વભૂમિકા

અનુલક્ષીને પ્રવર્તાય, પરંતુ ભાવના જોઇએ.

સ્વાર્થ-મોહ એ દોષોનું મૂળ છે. પરહિતની દ્રષ્ટિ, પ્રવૃત્તિ, ભાવના એ પુણ્ય, ગુણોનું મૂળ છે.

નિરતપણું એટલે વિશેષ રુચિ, વિશેષ લાગણી, વિશેષ શક્ય પ્રવૃત્તિ. આ ભાવના અને પ્રવૃત્તિ ભવિષ્યમાં વિશેષ પરહિતજનક શક્તિ, પુણ્ય અને ભાવના પ્રાપ્ત કરાવે છે.

આ ભાવના જાત માટે અને બીજા બધા જીવ માટે છે. એટલે પરહિત કરણ અને તેના માટેની ઇચ્છા એ બધા માટે કર્તવ્ય છે.

પરહિત અનેક પ્રકારે હોય છે. દ્રવ્યથી અને ભાવથી વગેરે. દ્રવ્યથી જે-જે બાહ્ય જીવન વ્યવહારની જરુરી સામગ્રીથી ન્યુન હોય / રહિત હોય / અધુરો હોય / અસમર્થ હોય...એને તે તે સામગ્રી આપવી, ઉપાય બતાવવા, સહાયક થવું. આ યદ્યપિ લૌકિક-પરહિત છે એ આનુષંગિક, અપ્રધાન, ઔપચારિક છે.

ભાવથી ધર્માત્માઓની ઉદારતા-સહાનુભૂતિ દ્વારા પછીથી કે તરતમાં ધર્મ, જ્ઞાન, વિવેક, સમતા, ઔચિત્ય, પાપનિવૃત્તિ, મૂળ-ઉત્તરગુણ પ્રાપ્તિ, સમ્યક્ત્વ વગેરેનું જે કારણ બને. આ પ્રધાન પરહિત છે.

દ્રવ્ય-ભાવ, ઉભયથી પરહિત તત્પર બનવાનું છે. જેની પાસે જે હોય તે આપે પછી એ વસ્તુ તરીકે ધન હોય, ધૈર્ય હોય, સત્વ હોય, બુદ્ધિ હોય કે જ્ઞાન વગેરે જે પણ હોય તે.

**પરહિત સ્વહિત વગર આવતું નથી. સ્વશક્તિ એ સ્વહિત છે...તેને સંગૃહિત રાખવી...અને યોગ્યકાળે ઉપયોગ કરવો...વેડફી ન નાખવી...ઉડાઉ ન બનવું. એ પણ સ્વહિત છે.** વિવેક બુદ્ધિ રુપ અને બીજાના જરુરી કાર્યમાં સહાયક રુપે એ શક્તિઓ આપવી ખર્ચવી તે પરહિત છે.

પરહિત-તત્પરતા એ પુણ્યનું કારણ છે, શક્તિનો વિકાસ છે, ભાવનાની નિર્મળતા છે, અધ્યાત્મનું ઉત્થાન છે.

''જીવો આવા કાર્યમાં ગુણસંપન્ન થાવ, એનો અર્થ આ કે આનાથી વિપરિતપણે ન કરો. સ્વાર્થપરાયણ-કઠોર ન બનો.''

શિવમસ્તુથી લાગણીસંપન્ન સદ્દભાવના આવે છે...સદ્દભાવનાથી લાગણીની ઉત્પત્તિ પણ થાય છે તેથી એ રીતે પણ કાર્ય થાય છે.

પરહિત પદથી પોતે (અધ્યાહારથી બીજા પણ) પરહિતને જાણનારા અને પરહિત કરણ-કરાવણ તત્પર બને. આ વાત કરણ-કરાવણ-અનુમોદન રુપ બને છે.

નિરતપણું એ અનુમોદનનું કાર્ય છે. સાતત્યરુપ-તન્મયતારુપ છે. આનું ફળ શિવમસ્તુને વિશદ કરે છે, દ્રઢ કરે છે. આ બન્નેનું કાર્ય સર્વ અંતરાયો (ભૌતિક અને અધ્યાત્મિક) નાશ થઇ શકે છે. જેવી લાગણી અને ભાવનાની પ્રબળતા. એ ભાવના આધાર ઉપર શિવમસ્તુના આલંબનથી અંતરાયો નાશ થાય છે.

તેવી રીતે, શિવ કરવા માટે, પરહિત કરવા માટે શક્તિઓ આનાથી પ્રગટ થાય છે. માટે 'જેમ સવિ જીવ કરું શાસનરસી'ની ભાવનાથી પરમાત્મા તરીકેનું પુણ્ય ઉપાર્જન થાય છે. તેવી રીતે જેને જે સુકૃતનો રસ હોય છે તે કરે છે. તેને તેના અંતરાયો તૂટે છે, તે સુકૃત યોગ્ય અનેક પ્રકારની શક્તિ પ્રગટ થાય છે.

**બીજાને ઉદ્દેશીને જે ભાવના છે, પ્રયત્ન છે...તે સારી ચીજમાં પોતાનામાં હોવી જ જોઇએ તો એ ભાવના કે પ્રયત્ન વાસ્તવિક છે.**

માટે, (ધર્મ=) ભાવના ભવનાશીની, ભાવના કાર્યસાધીની, ભાવના અંતરાયનાશીની, ભાવના પુણ્ય-ગુણકારિણી, ભાવના દોષનાશીની, ભાવના ક્રિયાકારિણી, ભાવના શુદ્ધ વ્યવહાર પ્રવર્તની, ભાવના ભાવક્ષયોપશમ જનની, ભાવના મોક્ષકારિણી, ભાવના નિશ્ચય વ્યવહાર ધર્મ પ્રવર્તની છે.

પ્રથમમાં 'સર્વજગતઃ' પદ છે...બીજામાં 'પરહિત નિરતા' પદ છે. આમ બન્નેમાં ફેર કેમ છે ? કારણ, વિચાર માટે સર્વ જગત લાવી શકાય છે

પણ કાર્ય માટે યોગ્ય જ લેવા પડે. માટે સર્વજગત પદ છોડીને પરહિત=યોગ્ય જીવોનું પરહિત લેવું.

**''दोषाः प्रयान्तु नाशं''...**

હવે ત્રીજું પદ આવે છે ''दोषाः प्रयान्तु नाशं''.... પ્રયાન્તુ નાશં' આ એક ભાવના પણ લાગણી રૂપ છે. દોષો, ઔદાયિક ભાવના અનેક પ્રકારના છે. તે દોષો પોતાના અને બીજાના નાશ પામો...એ ભાવના છે. આમાં મુખ્ય દોષ ઘાતિકર્મ છે...આ ઘાતિ કર્મના દોષો નાશ પામો તે પ્રધાન ભાવના છે. શેષ જે નામકર્મ વગેરેના ઉદયજન્ય દૌર્ભાગ્ય વગેરે દોષો છે તે પણ નાશ પામવાની ભાવના એ અપ્રધાન છે.

સ્વના અને પરના ભૌતિક અને આધ્યાત્મિક દોષો નાશ પામવાની ભાવના એ દ્રષ્ટિબિન્દુ-લક્ષ્ય છે.

દોષો ન ઓળખાય, દોષરૂપે ન ઓળખાય ત્યાં સુધી એના નાશની ઇચ્છા ક્યાંથી થાય ? પરહિત હજું કરી શકાય છે. પરન્તુ દોષનાશ તો તે-તે જીવોના પોતાના પુરુષાર્થથી, દોષનાશની દ્રષ્ટિથી, દોષજુગુપ્સાથી કરી શકાય છે માટે ભાવના મુકી છે કે દોષો નાશ પામો...પણ એમાં 'બીજાનાં એવું નથી મૂક્યું...અર્થાત્ સ્વ અને પર એમ બન્નેના દોષો નાશ પામો...એમ સમજવું.

સ્વના દોષનાશનું લક્ષ્ય એ બીજાના દોષનાશની દ્રષ્ટિ ઉભી કરે છે. બીજાના દોષનાશની દ્રષ્ટિ, સ્વદોષનાનાશની દ્રષ્ટિ પછી આવે છે.

દોષનું નાશપણું એ '**પરહિતનું અને શિવમસ્તુ**'નું મૂળ છે. આગંતુક શિવ અને હિત દોષના નાશ વગર વિકસતું નથી...ટકતું નથી.

માટે ઉત્તરોત્તર વિકાસ યુક્ત ભાવના-લાગણી જે છે તે ઉત્તરોત્તર વિશેષ ફળદાયક છે. પૂર્વ-પૂર્વથી યુક્ત ઉત્તરોત્તર ભાવના-લાગણી સંકળાયેલ છે. આ આવે તે પછી

**'सर्वत्र सुखीभवतु लोकः'**ની ભાવના આવે છે.


દોષના નાશથી લોક સુખી થાવ. દોષના નાશવાળાના સાનિધ્યથી

લોક સુખી થાવ. અહીં પ્રધાન સુખ અધ્યાત્મ અને વૈરાગ્ય છે. આ બન્નેવાળાને કાલાન્તરે-ભવાંતરે કે તદ્દભવમાં પણ ભૌતિક સુખ પણ પ્રાયઃ કરીને બહુધા હોય છે.

દોષના નાશ દ્વારા લોકો સર્વત્ર બધી રીતે સુખી થાવ. આ ભાવના પણ છે અને કાર્ય-કારણ ભાવ પણ તેમાં છે.

આ શ્લોક ભાવના-લાગણી રુપે કર્મ નાશ વગેરેમાં અનેક રીતે મુખ્ય કારણ છે. માટે આના અર્થને ભાવનાથી પરિશીલન કરવું.

# ભાવનાનું સ્વરૂપ અને શક્તિ



સાધનામાર્ગ અને સંસારમાર્ગ બન્નેના પાયામાં રહેલું કોઇપણ તત્વ હોય તો તે છે ભાવના...શુભ ભાવનાઓ એ સાધના માર્ગનું ચાલકબળ છે તો અશુભ ભાવનાઓ એ સંસાર સર્જન અને સંસાર વર્ધનનું મુખ્ય કારણ છે...શાસ્ત્રોમાં શુભ-અશુભ બન્ને પ્રકારની ભાવનાઓના અનેક ભેદ-પ્રભેદો તથા સ્વરુપ-લક્ષણ-મહિમા આદિ બતાવેલ છે...અહીં એક પ્રશ્ન એ સર્જાય છે કે ભાવના એટલે શું ?

**સાતત્યપૂર્વક, આદરપૂર્વક, લાભદાયી-હિતકારી-આનુકુલ્યકારી તરીકેની બુદ્ધિપૂર્વક એક જ તત્વ પરનું વારંવારનું દ્રઢતા પૂર્વકનું ચિંતન-રટણ તેનું નામ ભાવના**...આત્મામાં રહેલા અનંતા સંસ્કારોની મુખ્ય જનેતા તે આ ભાવના...આત્મામાં નવા શુભ સંસ્કાર ઉત્પન્ન કરવામાં, જૂના શુભસંસ્કારોને મજબૂત કરવામાં, શુભમાર્ગ અને શુભતત્ત્વ પ્રત્યેની અરુચિ દૂર કરવામાં,

શુભની રુચિ ઉત્પન્ન કરવામાં, રુચિ તીવ્ર બનાવવામાં અને રૂચિને સાહજિક બનાવવામાં સૌથી મોટો સિંહફાળો હોય તો શુભ ભાવનાઓનો છે. એ જ રીતે બાધક-અહિતકર તત્ત્વોમાં અરુચિ-ઉત્પન્ન કરવાનું, તીવ્ર બનાવવાનું કે સહજરુપ આપવાનું કામ પણ ભાવનાઓ જ કરે છે.

**એ જ રીતે ઉપયોગ અને આદરપૂર્વક થતી-નિયમિત ચાલતી અનુકૂળ પ્રવૃત્તિ એ પણ ભાવનારુપ છે.** એટલે કે ઉપયોગ અને આદરપૂર્વક અનુકૂળ પ્રવૃત્તિ કરવી તેના કારણો સમજવા, એ કરવાથી થતો લાભ અને ન કરવાથી થતાં નુકશાન વગેરેની વાતો આદરપૂર્વક સાંભળવી, સમજવી, સૂત્ર અને અર્થની જેમ એનો અભ્યાસ કરવો, એનું પુનરાવર્તન કરવું, તેના ઉપર ચિંતન કરવું...આ બધું વારંવાર કરવાથી તે બધું ભાવનારુપ બને છે. આમ **ઉપયોગ અને આદરપૂર્વકના જ્ઞાન અને ક્રિયા ભાવનાનું રૂપ લે છે.** આવી ભાવનાઓ અનુકૂળ સંસ્કારોને ઉત્પન્ન કરે છે, દ્રઢ બનાવે છે અને પ્રતિકૂળ કે અશુભ સંસ્કારોનો નાશ કરે છે.

આવી શુભ ભાવનાઓ સામાન્યથી બાર પ્રકારની વિચારી શકાય... ૧) આશ્રવો (પાપ કર્મબંધના સ્થાનો, પાપસ્થાનકો) છોડવા, ૨) આશ્રવોના નુકશાન વિચારવા ૩) આશ્રવોના ભેદ-પ્રભેદ સાથેનું સ્વરુપ વિચારવુ ૪) પાપસ્થાનકોના ત્યાગના લાભ વિચારવા. ૫) પાપસ્થાનકમાં પ્રવૃત્તિશીલ બનેલાને ભોગવવા પડેલા વિપાકોના દ્રષ્ટાંતોનું ચિંતન કરવું. ૬) પાપસ્થાનકના ત્યાગીને મળેલા લાભકારી-હિતકારી ફળોના દ્રષ્ટાંતોનું ચિંતન કરવું.

આવી જ રીતે એનાથી વિપરિત સંવર (પાપત્યાગ અને આરાધનામાં પ્રવૃત્તિ)ના ૬ ભેદોને વારંવાર પ્રવૃત્તિ અને વિચારણાથી આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરવો. અહીં ૬ ભેદ પાપસ્થાનકોમાં ત્યાજ્યપણાની ભાવનારુપ છે અને ૬ ભેદ સંવરમાં ઉપાદેયપણાની (સ્વીકાર્યપણાની) ભાવનારુપ છે.

આશ્રવ (પાપસ્થાનકો)ને નુકશાનકારક તરીકે સમજીને ત્યાજ્ય તરીકેના દ્રઢ નિશ્ચયપૂર્વક છોડવા, ત્યાજ્ય તરીકેનું જ્ઞાન અને ચિંતનરુપ

ભાવના આશ્રવમાં લાભકારી અને ઉપકારી તરીકેના સંસ્કારોનો નાશ કરે છે અને ત્યાજ્યપણાના સંસ્કારો ઉત્પન્ન કરે છે. તેવી જ રીતે સંવરની આરાધક પ્રવૃત્તિઓ, તન્મયજ્ઞાન અને ચિંતન વગેરે ભાવનાથી તેને ધાર્મિક પ્રવૃત્તિઓમાં જીવને જે કષ્ટદાયકતા અને અસ્વીકાર્યતાના સંસ્કારો જીવંત હોય છે તે નાશ પામે છે. તથા હિતકારી અને ઉપકારીપણાની બુદ્ધિના સંસ્કારો જન્મે છે, દ્રઢ બને છે...

અશુભ સંસ્કારોના વિસર્જન અને શુભ સંસ્કારના અર્જન માટે આદર અને ઉપયોગપૂર્વક જ્ઞાન અને ક્રિયા ઉભયની અસાધારણ (અત્યાવશ્યક) કારણ તરીકે ખૂબ જરુર રહેતી હોય છે. આવી જ જ્ઞાન-ક્રિયા અશુભ સંસ્કારોના નિર્મૂલ નાશ અને પરાકાષ્ટાના શુભ સંસ્કારોની ઉત્પત્તિનું મુખ્ય કારણ બનતા હોય છે. આમ અસદ્‌જ્ઞાન અને ક્રિયા એ અશુભનું સર્જક અને શુભનું વિધ્વંસક હોય છે, એ જ રીતે સદ્‌જ્ઞાન અને ક્રિયા એ સત્સંસ્કારોના જનક અને અશુભ સંસ્કારોના નાશક બને છે. આ રીતે સદ્ અને અસદ્ સંસ્કારોની વધ-ઘટ થયા કરતી હોય છે.

**અસત્પ્રવૃત્તિના ક્ષેત્રે અરુચિ હોવા છતાં જો વારંવાર પ્રવૃત્તિ કરાય તો અરુચિ નાશ પામી રુચિ ઉત્પન્ન થાય છે તે જ રીતે સત્પ્રવૃત્તિ અને તેના અંગેના જ્ઞાન-વિચારણાની બાબતમાં અરુચિ હોય તો પણ વારંવાર કરવાથી અરુચિ નાશ પામે છે અને રુચિ પ્રગટે છે કે વધે છે...તેથી પરાણે પણ સત્પ્રવૃત્તિ, તેના અંગેનો અભ્યાસ-ચિંતન આદિ કરાય તે પણ સદ્‌ભાવના છે...**

સત્સંસ્કારો એ સદ્‌ગુણોનું સ્વરુપ છે અને અસત્સંસ્કારો એ જ દોષો છે. દોષો કે ગુણોની તીવ્રતાના કાળમાં જીવ એનાથી વિપરીત ગુણો કે દોષોમાં રુચિ ધરાવી શકતો નથી તેથી તેમાં સહજપણે પ્રવર્તી શકતો નથી...કદાચ જરુર પડે એ પરાણે અનિચ્છાએ જ પ્રવર્તે. માટે **તીવ્ર સંસ્કારો અનુકુળ પ્રવૃત્તિમાં સાહજિક ઉપયોગના અને પ્રતિકૂળ પ્રવૃત્તિમાં દુઃખ કે પશ્ચાત્તાપના ઉપયોગના પ્રવર્તક હોય છે.** આ સંસ્કારોને રુચિનું નામ અપાય. આવી રુચિ નિમિત્ત પામતા વ્યક્ત થતી હોય છે. સદ્‌રુચિ દર્શન-મોહનીયના ક્ષયોપશમરુપ

અને અસદ્રુચિ દર્શનમોહનીયના ઉદયરુપ હોય છે.

અસદ્રુચિની તીવ્રતા દર્શનમોહનીયના ઉદય વગર હોતી નથી, અને સદ્રુચિની તીવ્રતા દર્શનમોહનીયના ક્ષયોપશમ વગર હોતી નથી.

રુચિની તીવ્રતા એ જેમ સંસ્કાર કહેવાય છે. તે જ રીતે ભાવરુપ પણ કહેવાય છે. તે-તે ક્રિયા કે તત્ત્વમાં વિશેષ ઉપયોગ-દ્રઢ ઉપયોગ લાવી આપવાનું કાર્ય કરે છે. જ્ઞાન અને ક્રિયા પ્રારંભિક અવસ્થામાં હોય તો સંસ્કારના કારણભૂત ભાવના સ્વરુપ બને છે અને વારંવારના અભ્યાસથી આવતી દ્રઢતર દશામાં તે સંસ્કારના ફળરુપ રુચિ-આસક્તિરુપ બને છે.

જેમ સંસારી જીવોની સાંસારિક પ્રવૃત્તિઓ, તેને અનુકુળ બુદ્ધિ-વિચારણા અને તેમાં આસક્તિ એ અસત્ સંસ્કારનું ફળ છે તેમ ધર્મક્ષેત્રમાં પરાકાષ્ટાએ પહોંચેલા આત્માની શુભ પ્રવૃત્તિ, તેનો જ રસ અને વિચારણા એ સત્-સંસ્કારોનું સ્વાભાવિક ફળ છે. જેને શાસ્ત્રોમાં અસંગ અનુષ્ઠાન રુપ બતાવેલ છે. આ સ્થિતિ આત્મસ્વરુપપ્રાપ્તિની નિકટની ભૂમિકા છે. અને આવી સત્સંસ્કારોની પ્રબળતા સર્વ અશુભ સંસ્કારોનો નાશ કરી કેવળજ્ઞાન પમાડી જીવને મોક્ષે લઇ જાય છે.

**આદરપૂર્વકના ઉપયોગવાળી ક્રિયા જેમ સતત પ્રયત્ન દ્વારા ભાવનારુપ થઇને આત્મામાં સંસ્કાર જન્માવે છે તે જ રીતે આદર અને ઉપયોગ પૂર્વકનો જ્ઞાનાભ્યાસ પણ સંસ્કારનો જનક બને છે.** અભ્યાસ કરતી વખતે, કરાવતી વખતે, વારંવાર પુનરાવર્તન કરતાં, અનુપ્રેક્ષા (ચિંતન) કરતી વેળા, ધર્મકથા અને અર્થનું વિવેચન કરતા એ સૂત્રમાં, એના અર્થમાં આત્માનો ઉપયોગ વારંવાર ભળવાથી એ ભાવનારુપ થઇને સંસ્કારોની ઉત્પત્તિનું કારણ બને છે. આમ જ્ઞાન અને ક્રિયા ભાવનારુપ બની શુભ સંસ્કાર ઉત્પન્ન કરે તેમાં તેમની સાચી સફળતા છે.

**દરેક ધર્મકાર્યો વારંવાર કરવા, અવારનવાર તેમનું સ્મરણ કરવું અને સતત તેમાં ઉપયોગ રાખવો આ ત્રણે ભાવનાનું રુપ લઇ આત્મામાં સંસ્કાર ઉત્પન્ન કરે છે.** ઉત્પન્ન થતા શુભ સંસ્કારો અશુભ સંસ્કારોનો ઘટાડો

અથવા નાશ કરે છે અને પરિણામે મનમાં ઉત્પન્ન થતા વિષય-કષાય આદિના અશુભ અધ્યવસાયોની અલ્પતા કે અભાવ થઇ જાય છે.

પ્રભુશાસનમાં બતાવેલી કોઇ પણ આરાધના તેના કર્તાના અધ્યવસાયોના આધારે ચાર ભેદવાળી બને છે. જેને ચાર અનુષ્ઠાન કહેવાય છે. તે ચાર અનુષ્ઠાન છે પ્રીતિ અનુષ્ઠાન, ભક્તિ અનુષ્ઠાન, વચન અનુષ્ઠાન અને અસંગ અનુષ્ઠાન. ક્રમશ: આ અનુષ્ઠાનો ચડિયાતા અને મોક્ષની નિકટ લઇ જનારા બને છે...પ્રશસ્ત રાગથી રસાયેલું પ્રીતિ અનુષ્ઠાન અને અહોભાવ અને સમર્પણ ભાવથી ભરાયેલું ભક્તિ અનુષ્ઠાન...આ બન્ને અનુષ્ઠાનોની આરાધના તેમજ ભાવો એ ભાવનારુપ અને સંસ્કારરુપ છે, તેની વારંવારની આરાધના તથા શાસ્ત્ર અભ્યાસ, વારંવાર તેનું પરાવર્તન અને તેમાં બતાવેલા આચારોના અણિશુદ્ધ પાલનનો સતત પ્રયત્ન આ બધા દ્વારા વચન અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. વચન અનુષ્ઠાન દ્વારા પ્રાપ્ત થતા શાસ્ત્ર વચનમાં ઉપયોગ અને અનુષ્ઠાનમાં પણ સતત ઉપયોગની ભૂમિકા ભાવના રુપ બની દૃઢ સંસ્કારનું સ્વરુપ લે છે અને કાલાંતરે એ સંસ્કારો વૈરાગ્યની પરાકાષ્ટાવાળા આત્માને અસંગ અનુષ્ઠાન સુધી લઇ જાય છે. વૈરાગ્યની વિશિષ્ટ ભૂમિકા, સતત આરાધનામાં ઉપયોગ આદિથી ધર્મ જાણે સ્વભાવરુપ બની ગયો હોય તેવી અસંગ ભૂમિકા પ્રાપ્ત થાય છે. આમાંથી જ વીતરાગતા પ્રાપ્ત થાય છે. આમ શુભ ભાવનાઓ શુભ સંસ્કારોની પ્રાપ્તિ કરાવી જીવને વીતરાગતા સુધી પહોંચાડે છે.

સાંસારિક વ્યવહારોમાં પણ રાગ-દ્વેષના પરિણામોની તીવ્રતા ખૂબ આગળ વધી તે પરિણામો સ્વાભાવિક જેવા બને છે પરંતુ કાલાંતરે તે પરિણામો નાશ પામતા હોવાથી તેને અસંગ ભૂમિકારુપ કહેવાતા નથી.

આસુરી, કિબ્લિષિક, આભિયોગિક આદિ શાસ્ત્રોમાં વર્ણવેલી પાંચ અશુભ ભાવનાઓ ભાવ સાથે પ્રવૃત્તિ પ્રધાન છે. એ જ રીતે જિનકલ્પ વગેરેના પરિકર્મમાં બતાવેલ સત્ત્વ, એકત્વ વગેરે પાંચ ભાવનાઓ પણ ક્રિયા પ્રધાન છે, એ જ રીતે પાંચ મહાવ્રતોની દરેકની પાંચ પાંચ ભાવનાઓ બતાવી

છે તે પણ ક્રિયારુપ છે. ૧૨ ભાવનાઓ ચિત્તમાં વૈરાગ્ય, સમતા આદિ ગુણોના ભાવનરુપ છે. એટલે કે પુદ્‌ગલમાં, તેના અંગેની ક્રિયામાં કામરાગ, સ્નેહરાગ આદિ છોડવા તથા સંસારનું સ્વરુપ સમજવા તેમ જ સ્વસ્થ રહેવા માટે છે. મૈત્રી વગેરે ભાવનાઓ પણ અન્ય જીવો સાથેના વ્યવહારમાં ઔચિત્ય આદિને લાવવા માટે મનને ઘડવા રુપ છે. સારાંશ એ કે ભાવના ક્રિયારુપ, જ્ઞાનરુપ, ચિંતનરુપ, વારંવાર ઉપયોગપૂર્વક ભાવનકરવારુપ અને તેનાથી વિરુદ્ધની વિચારણા સ્થિર ન થઇ જાય તેની કાળજી કરવારુપ છે. અશુભ સંસ્કારોને બદલવા અને શુભ સંસ્કારોને ઘડવારુપ ભાવના છે, કારણ કે સંસ્કારને અનુસારે ભાવ ઉત્પન્ન થતા હોય છે.

સંસ્કાર એ અપેક્ષાએ પ્રણિધાનરુપ સંકલ્પરુપ છે. આર્ત-રૌદ્ર ધ્યાન એ અશુભ સંકલ્પરુપ છે. જ્યારે પચ્ચક્‌ખાણ આદિ શુભ સંકલ્પરુપ છે. શુભ સંસ્કાર એ શુભભાવની યોગ્યતાને સતત જીવંત રાખે છે. અશુભ ભાવની શક્યતામાં શુભ ભાવ ઉપયોગ રુપે હાજર રહે છે. **ભાવના ક્રિયારુપે કે વિચારણા રુપે કાયમ રહેતી નથી, જ્ઞાનની વિચારણા પણ સતત રહી શકતી નથી પરંતુ સંસ્કાર કાયમ રહે છે.** તેથી એનાથી વિપરીત ક્રિયા કે વિચારણા સહજ રીતે થઇ શકતી નથી. એટલે દીર્ઘકાલીન-સ્થિર શુભાશુભ સંસ્કારો ગુણ કે દોષરુપ બને છે. ગુણો કર્મનિર્જરાનું મુખ્ય કારણ છે તો દોષો કર્મબંધનું મુખ્ય કારણ છે. તેથી જ દેશવિરતિ કે સર્વવિરતિની હાજરીમાં ગુણશ્રેણિ ચાલુ જ રહે છે.


**આત્માના સહજમલના અમુક પ્રમાણના હ્રાસ પછી ચરમાવર્તમાં શુભ નિમિત્તોથી અશુભ સંસ્કારોનો ઘટાડો થાય છે તો શુભ સંસ્કારોની પ્રાપ્તિ અને પ્રબળતા પણ થાય છે.**

દોષો અને ગુણો બન્નેના સંસ્કારો સાનુબંધ પણ હોય છે અને નિરનુબંધ પણ હોય છે. સાનુબંધપણું તૂટી પણ જાય છે અને ન હોય તો નવું ઉત્પન્ન પણ થાય છે.

એ જ રીતે શુભાશુભ કર્મોમાં પણ સાનુબંધતા ઉત્પન્ન થઇ શકે છે અને નાશ પામી શકે છે. આ બધું પરિવર્તન ભાવનાની તીવ્રતા-મંદતાના

કારણો થાય છે. ભાવનામાં આ તીવ્રતા-મંદતા અધ્યવસાયોમાં તરતમતા, જીવવીર્યનો ઉલ્લાસ મંદતા, ભવિતવ્યતા વગેરે અનેક કારણોથી થાય છે. **तीव्रमंदज्ञाताज्ञातवीर्याधिकरणविशेषतः तद्‌विशेषः તત્વાર્થ સૂત્રના** પાંચમા અધ્યાયના સૂત્રમાં આવેલી આ પંક્તિ પણ આ જ વાતને સૂચિત કરે છે.

આમ મુમુક્ષુ જીવોએ સ્વસ્થતા, સમાધિ અને સમતા ભાવ જાળવવા સતત શુભ ભાવનાઓથી અંતઃકરણને ભાવિત કરવું, તેને અનુરુપ જ્ઞાન અને ક્રિયાઓમાં પ્રગતિ કરવી, પરંપરાએ શુભ સંસ્કારોની દ્રઢતા કેળવવી, જે ગુણોના અર્જન દ્વારા સિદ્ધિગતિ સુધી પહોંચાડવા સમર્થ બનશે...



પ.પૂ. સંઘ-એકતા તત્પર સુવિશાળ ગચ્છાધિપતિ ગુરૂદેવ
**આ.શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**ના જન્મશતાબ્દિ વર્ષે
તેઓશ્રીના ચરણકમલમાં અનંતશઃ વંદનાવલિ....

## પ.પૂ.ગચ્છાધિપતિ આ. શ્રી વિજયજયઘોષ સૂ.મ.નો
## સાહિત્ય વૈભવ

- ભાવનાનું ઉદ્યાન (ત્રીજી આવૃત્તિ) ........................... ૩૦.૦૦
- ચલો શાંતિ કે ઉપવનમેં (હિંદી) ........................... ૩૦.૦૦
- ચિત્ત સૌંદર્ય (બીજી આવૃત્તિ) ........................... ૮.૦૦
- દર્શનસુધા (બીજી આવૃત્તિ) ........................... ૨૮.૦૦
- કર્મકલંક કુ દૂર નિવારો ........................... ૧૧.૦૦
- પંચસૂત્ર સ્વાધ્યાય ........................... ૧૦.૦૦
- ચિંતન ચંદરવો (બીજી આવૃત્તિ) ........................... ૧૬.૦૦
- વહે મીઠી વાણી (ત્રીજી આવૃત્તિ) ........................... ૩૦.૦૦
- હીરો એક પાસા અનેક ........................... ૩૦.૦૦
- ગુરૂવંદન પચ્ચક્ખાણ ભાષ્યના રહસ્યો (ત્રીજી આવૃત્તિ) .... ૨૫.૦૦
- એક ઉડ્ડયન મુક્તિ ભણી (બીજી આવૃત્તિ) ........................... ૧૬.૦૦
- પાને પાને વસંત ........................... ૨૦.૦૦
- અમૃતવાણી લો પીછાણી ........................... ૧૬.૦૦
- સાધનાથી સિદ્ધિ ભણી ........................... ૨૫.૦૦
- શ્રાવકજન તો તેને કહીએ ........................... ૧૨.૦૦
- વાચના વહેણ ........................... ૨૫.૦૦
- આગમ દરિયો રત્ને ભરિયો ........................... ૪૦.૦૦
- ગીતાર્થની વાણી અનુભવની ખાણી ........................... ૧૬.૦૦
- ચિંતન યાત્રાથી ચેતન યાત્રા ........................... ૩૦.૦૦
- ભીના હૈયાનો લીલો વૈભવ ........................... ૨૮.૦૦
- સફર: માનવથી મહામાનવની ........................... ૩૦.૦૦
- આતમ રૂપાળા ખેલ નિરાળા ........................... ૩૦.૦૦
- મનના સંશય ભાંજ્યા રે ........................... ૩૦.૦૦
- પાલવે બાંધ્યા રતન ........................... ૩૦.૦૦
- પ્રકાશ પથરાયો પંથમાં ........................... ૩૦.૦૦
- પરમની શોધમાં ........................... ૫૦.૦૦

RAJUL
022-25010863
022-25010056